


પ્રકાશક :

કમલ પ્રકાશન ટ્રસ્ટ :
૫૦૮૨/૩ બીજે માળે, રતનપોળના નાકે
યાજ્ઞિક ઇન્સ્ટીટ્યૂટ સામે,
ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન C/O ૩૯૨૦૯

★

લેખક પરિચય :

સિદ્ધાંતમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ
સ્વ. પૂજ્યપાદ આ. ભગવન્ત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

★

પ્રથમ સંસ્કરણ : નકલ ૨૦૦૦

વિ.સં. ૨૦૩૧, મૌન એકાદશી તા. ૨૫-૧૨-૭૪

★

મુદ્રક

કાન્તિલાલ ડાહ્યાભાઈ પટેલ
મંગલ મુદ્રણાલય, રતનપોળ
અમદાવાદ-૧



કિંમત રૂ. ૫-૦૦

સર્વનાશની આંધીએ સપડાયેલી આર્ય પ્રજા

દાટ વાળી નાખ્યો છે, આ દેશી અંગ્રેજોએ, આર્ય પ્રજાનો.

લોપ વાળી નાખ્યો છે. એમણે, મોક્ષપ્રધાન ચાર પુરુષાર્થની સતો–શોધી સંસ્કૃતિની

પરદેશી અંગ્રેજો ગયા થાય તેટલો વિનાશ વેરીને..

અને દેશી અંગ્રેજોને બનાવતા ગયા બાકી રહી ગયેલો વિનાશ પૂરો કરવા માટે

આબાદ ગણિત! એમણી રીતે આ દેશી અંગ્રેજો, પરદેશી અંગ્રેજોની પરિપૂર્ણ વફાદારી સાથે વિનાશનું એ સ્ટીમ–રોલર આર્ય પ્રજા અને આર્યસંસ્કૃતિની ધરતી ઉપર ફેરવી રહ્યા છે.

ભારતની ધરતી ઉપર ખરેખર સ્વરાજના મંડાણ થઈ ચૂક્યા છે. માત્ર પ્રશ્ન એટલો જ છે કે કોના સ્વરાજના આ મંડાણ થયા છે? ઉત્તર એટલો જ છે કે [illegible] રાજ ભારતની ધરતી ઉપર [illegible] છે.

એ જમાનાવાદી; તકવાદી, બુદ્ધિજીવીઓનો હું પાંચમો ફીરકો કહું છુ; કે જે ચારે ય આમ્નાયોના મૂળભૂત તત્ત્વોના ઢાંચાને છિન્નભિન્ન કરી દેવા કમર કસીને સજ્જ થયો છે.

આ લોકોએ ભારતીય પ્રજાના સાચા સુખ અને સાચી શાંતિની જીવાદોરી સમી તમામ વ્યવસ્થાઓને છિન્નભિન્ન કરી નાખી છે. વિકાસના નામે ધર્મક્ષેત્રોમા પ્રવેશીને ધાર્મિક વ્યવસ્થાઓને; પ્રગતિના નામે સામાજિક ક્ષેત્રોમા પ્રવેશીને સમાજની સુ-બદ્ધ પરપરાઓને તોડી છે; વેપારીઓ ઉપર જૂઠા આક્ષેપો કરીને આર્થિક બાબતો પોતાના કબજે લઈ ને આર્થિક વ્યવસ્થા હચમચાવી નાખી છે અને લોકશાહીના પુકાર નીચે રાજ્ય વ્યવસ્થાને પાયામાંથી ઉખેડી નાંખી છે, આમ ધાર્મિક, આર્થિક, સામાજિક અને રાજકીય—ચારે ય વ્યવસ્થાને આ દેશી અ ગ્રેજોએ હત-પ્રહત કરી નાખી છે

આ દેશી અંગ્રેજોની [કે પોતાને જૈન ધર્મના અનુયાયી કહેવડાવતાં પાંચમા ફીરકાવાળાઓની] જનેતા છે, લોર્ડ-મેકોલે-સ્થાપિત પાશ્ચિમાત્ય પદ્ધતિનુ અ ગ્રેજી શિક્ષણ... આ શિક્ષણે આર્યને અનાર્ય શો બનાવ્યો છે, આસ્તિકને નાસ્તિક બનાવ્યો છે; માનવને શેતાન બનાવ્યો છે; પરાર્થરસિકને સ્વાર્થાન્ધ બનાવ્યો છે. છેલ્લા દોઢસો વર્ષમાં આ શિક્ષણને પામેલા ઘણાખરા ભારતીઓ ઈસુખ્રિસ્તના અનુયાયી ન હોવા છતા હકીકતમાં 'ક્રિશ્ચિયન' બની ચૂક્યા છે.

જે શિક્ષણમાથી ધર્મને દૂર કરી દેવાય; તે શિક્ષણથી ગુલામો અને નાસ્તિકોની જ ઓલાદ જો નિષ્પન્ન થતી હોય તો તેમાં નવાઈ પામવા જેવુ શું ? પરલોકદષ્ટિ નિરપેક્ષ, શિક્ષણને પામેલી પ્રજાનો પટાવાળો શુ ? કે મોટો પ્રધાન શુ ?—સહુ-સ્વાર્થસાધુ હોય; ભોગરસિક હોય; ખુરશીલપટ હોય કે પોતાની જ પ્રજા અને સ સ્કૃતિના નાશક હોય તો તેમાં ય નવાઈ પામવા જેવું શુ છે!

આવા શિક્ષણનું આ જ પરિણામ હોય.

વળી અધૂરામાં પૂરું; આ દેશી અંગ્રેજોએ જ બંધારણ ઘડયું. આ બંધારણ દેશના હિતને કરનારું અને પ્રજાના હિતનો ટોટો પીસી નાંખનારું બન્યું. આથીસ્તો દેશ (ધરતી)—ગાંધીનગરો, ચંદીગઢો, ફર્ટીલાઇઝરો, બંધો, ઔદ્યોગિક વસાહતોથી—એકધારી રીતે આબાદ બનતો જ ચાલ્યો છે. અને પ્રજા બિચારી!—ભ્રષ્ટાચાર, અનાચાર, માંસાહારાદિ પાપોથી બરબાદ થતી રહી છે અને...સંસ્કૃતિમાતા તો જાણે શહેરોમાં છેલ્લા ડચકાં લેતી દેખાય છે. કેટલાક દેશી અંગ્રેજોએ [શિક્ષિતોએ] પોતાની જ આર્યપ્રજાનો અને સંસ્કૃતિનો મહાનાશ બોલાવી દેવામાં જાણપણે કે અજાણપણે છેલ્લા સત્યાવીસ વર્ષના—કહેવાતા સ્વરાજના કાળમાં—ધાર્મિક વગેરે જૂદા જૂદા ક્ષેત્રોમાં જે ભાગ ભજવ્યો છે તેની સમીક્ષાઓ મે આ પુસ્તકમાં કરી છે. અહી અત્યંત મહત્ત્વની કેટલીક એવી બાબતોનો સંક્ષિપ્ત નિર્દેશ કરું છું; જેની ઉપર 'ફેર-વિચાર' કરવામાં નહિ આવે તો-ઉપરથી કદાચ ભગવાન ઊતરે-તો ય-આર્યપ્રજા એના સર્વનાશના વિઘાતક ચક્રથી છૂટકી શકે તેમ નથી.

[૧] અત્યંત વધુ પડતું ભારતીય લોકોનું ભોલપણ —કે જેને લીધે રશીઆ-અમેરિકા પરસ્પરના શત્રુ હોવાથી-એકધારા જૂઠા બૂમરાણને સત્ય કરી લઈને પોતાની નીતિઓ ઘડવામાં જબ્બર થાપ ખાધી છે.

[૨] ભારતને 'ધર્મનિરપેક્ષ રાજ્ય' બનાવવાની અંગ્રેજોની ચાલબાજીમાં ફસાયેલી ભારતીય પ્રજા.

[૩] "બહુમતિમાં હોય તે ધર્મ, લઘુમતિમાં હોય તે સંપ્રદાય' એવી આગામીકાલીન માન્યતા તરફ ઢસડાતી પ્રજા.

[૪] સંપ્રદાયો તરફ ઊભી કરાયેલી નફરત .. અને તેથી બગડેલ

સંપ્રદાયોનો નાશ કરીને એક જ ધર્મ રાખવાની હિમાયતનો ભારતમાં ફેલાતો જતો રોગચાળો.

[૫] લોકશાહી ઊભી કરીને, પ્રમુખ, ટ્રસ્ટી, ચૂંટણીના તત્ત્વો ઊભા કરીને સંતશાહી, સજ્જનશાહી અને શાસ્ત્રમતિના બહુમાનનો કરાયેલો નાશ.

[૬] સંખ્યાથી બળવાન્ વૈદિકપ્રજા અને બુદ્ધિથી બળવાન્ જૈનો–ને, "જૈનો હિન્દુ નથી" એવો વિચાર વહેતો મૂકીને પરસ્પર છૂટા કર્યા અને બેયની સંગઠિત વિરાટ શક્તિને તોડી પાડવામા આવી.

[૭] જ્ઞાતિ–જાતિની હિતકર ગણાતી વ્યવસ્થામા ભેદભાવ, અછૂતતા વગેરેનું જૂઠું ખૂમરાણ ઊભું કરીને ગરીબ પ્રજાને 'અનાથ' બનાવી દેવામા મેળવેલી સફળતા.

[૮] કાયદાની જાળો ઊભી કરી દઈને કાયદાનું એવું ખર્ચાળ અનુશાસન સ્થાપ્યું; જે માત્ર ગણ્યાગાંઠ્યા શ્રીમંતોને જ પરવડે. જેથી ગરીબ અને મધ્યમવર્ગની પ્રજાને ન્યાય મળવાનો અસંભવિત બની ગયો. ન્યાયનો જ સંપૂર્ણ નાશ થયો. કાયદાઓની ભેદી જાળમાં સહુ સપડાયા

[૯] કાયદાઓ પણ ગુન્હાને ડામવાને બદલે ગુન્હાના પોષક અને ઉત્તેજક બન્યા. બધી જ રીતે ખરાબ એવા ગર્ભપાત, છૂટાછેડા, ચોરી, દારૂ વગેરે પાપોને પણ કાયદેસર પણ બનાવીને, ખરાબની છાપમાથી મુક્ત કર્યા.

[૧૦] સિનેમા, સહશિક્ષણ, સંતતિનિયમનના સાધનો, નસબંધી, છૂટાછેડા, ગર્ભપાત, આંતરજ્ઞાતીય–આંતરખંડીય લગ્નો તથા નશાની વસ્તુઓ, પ્રણયકથાઓ, બ્લ્યુ બુકસો, બ્લ્યુ ફીલ્મો અને ટેલિવિઝન ઉપરના ઉન્માદક દશ્યોની છૂટછાટોએ પ્રજાને અનાચારની અગાધ ખીણમાં હડસેલી મૂકીને નિર્વીર્ય, નિર્માલ્ય અને નિસ્તેજ બનાવી નાખી.

[૧૧] અનાજની કૃત્રિમ અછત ઊભી કરીને, શાકાહારના અચારનું તૂત ઊભું કરીને પ્રજાને માંસાહાર તરફ ધકેલી મૂકી.

[૧૨] સ્ત્રીસ્વાતન્ત્યની ઝૂંબેશ દ્વારા સ્ત્રીના શીલતત્ત્વને ખતમ કરવામાં આવ્યુ. એને સ્વચ્છંદતાનુ અર્પણ કરીને અનેકોની 'ગુલામ' જેવી દશામાં 'સ્વાવલંબી' બનવાના કોડ વગેરે પૂરા કરવાના કારણો સર મૂકી દીધી. નારીના સતીત્વ અને મહાસતીત્વમાથી પ્રગટતાં ભૌતિક અને આધ્યાત્મિક તેજપૂંજો આ સ્વતંત્રતાના નારા નીચે દટાઈને નામશેષ થઈ ગયા.

[૧૩] સમાનતા, એકતા (એકસંપી નહિ), સત્ય શોધતો (!) બહુમતવાદ, લોકશાહી અને તેની ચૂંટણી પ્રથા–આ બધાએ ભારતીય પ્રજાના અહિતમાં શું શું ફાળો આપ્યો છે? એ તો સંતો અને સજ્જનો જ ભેગા બેસીને વિચારી શકશે.

[૧૪] અસ્પૃશ્યતાભેદનિવારણ, સંપ્રદાયભેદનાશ, કોમવાદનાશ... છેલ્લે રંગભેદનાશ આ બધા 'ભેદ'ના નાશ કરવાની વાતો પાછળ અસ્પૃશ્યો, સંપ્રદાયો, કોમો અને ગોરી સિવાયની બાકીની ચામડીના રંગોવાળી પ્રજાઓનો જ મૂળમાથી નાશ કરવાની ભેદી કારવાહીએ ગોઠવાએલી છે કે કેમ? તે પણ બુદ્ધિમાન સંતો અને સજ્જનોએ જ ફેર વિચારવુ પડશે.

[૧૫] હૂંડીઆમણની કાળી–જૂઠી ઘેલછા;

[૧૬] વધુ ઉત્પાદનનુ વિનાશી બૂમરાણ;

[૧૭] પશુઓની કત્લેઆમ અને તેના અંગોની નિકાસ;

[૧૮] ખેતીપ્રધાન દેશના ઉદ્યોગીકરણની વંશપરંપરાગત ધૂન

[૧૯] કાળો બજાર;

[૨૦] ટ્રેક્ટર, પંપ, વીજળી વગેરે દ્વારા ખેતીનું કરાતું યન્ત્રીકરણ

[૨૧] સહકારી ખેતી વગેરે દ્વારા ખેતીનુ રાષ્ટ્રીકરણ અને અં પરદેશી ખેતીનુ આગમન.

[૨૨] વેપારમાં પરવાના પદ્ધતિ દાખલ કરીને નાના વેપારોનો અને નાના વેપારીઓનો બોલાવાતો નાશ.

[૨૩] ડેરીઓ અને ફર્ટીલાઇઝર પ્લાન્ટો દ્વારા પશુઓને બિન-ઉપયોગી ઠરાવીને, તેમની કત્લેઆમ દ્વારા સેન્દ્રિય ખાતરનો નાશ થવા દઈને ધરતીની પાયમાલીનું વ્યવસ્થિત સર્જન.

[૨૪] વિકાસના સુંવાળા નામ નીચે તીર્થો, ધર્મશાસ્ત્રો, પવિત્ર સાધુ સંસ્થા વગેરેના પ્રાણભૂત તત્ત્વોનો વિનાશ.

[૨૫] વટાળ પ્રવૃત્તિ કરતાં ય વધુ–અત્યંત વધુ–જોખમી બનતી જતી અ-હિંદુઓની હિંદુ બની જવાની પ્રવૃત્તિ.

ઇત્યાદિ અનેક વાતો છે જેને આપણે ફેર વિચારવી જ પડશે.

પુણ્યવાનો ! હૈયે વસ્યું છે; સમગ્ર વિશ્વના સર્વ જીવોનું હિત ! 'મોક્ષ'પ્રધાન સર્વ સંસ્કૃતિઓનું ગૌરવ.

કોઇ એને નંદવી જાય; એની સામે આંગળી કરે; અડપલું કે છેડતી કરે...એ જોયું–ખમાતું નથી. એથી જ આ લાલબત્તીની ગરજ સારતી સમીક્ષાઓ તૈયાર કરી છે. સઘળા પૂર્વગ્રહોથી મુક્ત બનીને સહુ વાંચજો... અને યથાશક્ય સહુના હિતમાં તમારો પ્રયત્ન પરિણમાવજો.

આટલી જ અપેક્ષા સાથે વિરમું છું.

જિનાજ્ઞાવિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડં માંગું છું.

વિદ્યાશાળા
દોશીવાડાની પોળ
અમદાવાદ-૧
૧૫-૧૨-૧૯૭૪
વિ. સં. ૨૦૩૧, માગ.શુદ બીજ

લિ.
મુનિ ચન્દ્રશેખરવિજય

કમલ પ્રકાશન ટ્રસ્ટ અંગેની તમામ માહિતિ મેળવવા માટે આ પુસ્તકના છેડે આપેલું ટ્રસ્ટીમંડળનું નિવેદન નજરમાં લેવા નમ્ર વિનંતિ છે.

ગૃહસ્થ : સ્ત્રી-પુરુષોના ફોટાની યોજના હવે બંધ કરવામાં આવી છે.

— ટ્રસ્ટી મંડળ



અમે છીએ; વીરશાસનના વીરસૈનિકો

ત્રિલોકનાથ, શાસનપતિ તીર્થંકર, પરમાત્મા મહાવીરદેવે સર્વ જીવોના હિત કાજે 'શાસન' નામની સસ્થા સ્થાપી. અઢી હજાર વર્ષોથી આ શ્રી જિનશાસનનુ કલ્પવૃક્ષ અનેક જીવલેણ ઝઝાવાતો વચ્ચે ય અડોલ બનીને આજે ય ઊભુ રહ્યું છે. પણ હવે કેટલાક પરદેશી ધર્માંધ લોકોએ એના સર્વનાશ માટે પોતાનો આગવો વ્યૂહ અમલમાં મૂકયો છે. એકતા, વિકાસ, પ્રચાર કે પ્રગતિના સુવાળા ['સુગર-કોટેડ'] નામોવાળી યોજનાઓ ઘડી આપીને કહેવાતા જૈનો જ દ્વારા, તેને પ્રસારિત કરીને શ્રી જિનશાસનનો ભુકડો બોલાવી દેવાની એમની નેમ છે.

પણ સબૂર ! અમે છીએ શ્રી વીરશાસનના વીરસૈનિકો ! અમારા જીવતાં સર્વને જીવાડનારા શ્રી જિનશાસનની દુર્દશાને અમે કદી બરદાસ્ત કરી શકશું નહિ

અમારા ઘરના જ જમાનાવાદી, તકવાદી, બુદ્ધિજીવી, સિદ્ધાંતહીન માણસોની હિલચાલોના ભેદ હવે અમારાથી કાંઈ અજાણ્યા રહ્યા નથી. ચારે ય ફીરકામાંના કેટલાક લોકોના બનેલા આ પાચમા ફીરકાના ભયજનક પડકારો, એ ચારેયના અસ્તિત્વનો ખાત્મો બોલાવવાની કારવાહી તરફ જે સમયે આગળ વધી રહ્યા છે તે સમયે અમે તેમને 'રૂક-જાઓ'નો આદેશ આપવા માગીએ છીએ.

કોઈ અડપલું કરજો મા; વિશ્વકલ્યાણકર શ્રીજિનશાસન સાથે.

અમને

શાસ્ત્રનુ પદ્ધતિ. શના
શાસ્ત્રીય અં .
બા ક

જરા થોભો

મોક્ષપ્રધાન ચાર પુરુષાર્થની આર્યસંસ્કૃતિ-માતાના બરડે ફટકારાતા હંટરોના ઘાતકી મારને હું જોઇ શકયો નથી. વ્યથિત અંતરના વલોપાતને આ ગ્રંથમાં વ્યક્ત કર્યા વિના મારાથી રહેવાયું નથી.

કોઈ પણ આર્યને જેટલો પ્રેમ ભારતીય પ્રજા અને સંસ્કૃતિ તરફ હશે તેટલો જ, કદાચ તેથી પણ વધુ પ્રેમ અને અહોભાવ મારા અંતરે કેમ ન હોય ?

એમાંથી જ આ ગ્રંથના ચિંતનોનું-પ્રવચનોના માધ્યમથી સર્જન થયું છે.

ભાવાવેશમાં આવીને, વધુ કડક થઈને, વધુ પડતા નક્કર વિધાનો પણ કર્યા છે; પણ રાષ્ટ્ર, પ્રજા કે સંસ્કૃતિ પ્રત્યેના અથાગ પ્રેમમાંથી જ એ ભાવાવેશ જન્મ પામ્યો છે એની સહુ નોંધ લે.

મેં તો મારા અભિપ્રાયરૂપે મને જે લાગ્યું તે લખ્યું છે. જે લખ્યું તેને સાચું ઠરાવવાનો યત્ન પણ કર્યો છે.

છતાં છદ્મસ્થના અભિપ્રાયોમાં ભૂલને સંપૂર્ણ અવકાશ છે. એવી કોઈ પણ ભૂલ કયાં ય પણ થઈ હોય, એવો કોઈ રાષ્ટ્રીય, સાંસ્કૃતિક, કે બંધારણીય અપરાધ ક્યાંય પણ થયો હોય તો તેની આ સ્થળે જ અંતઃકરણથી ક્ષમા માંગું છું.

બધા અનુમાનોમાં, બધે ય 'હું સાચો જ છું' એવો મારો હરગીજ દાવો નથી.

મુનિ
ચન્દ્રશેખરવિજય

શત્રુંજય તીર્થનો આ તે કેવો ઉપયોગ ?
ફુલછાબ દૈનિક : તા. ૨૦-૯-૭૧ માં આવેલા સમાચાર

"ફુલછાબની સુવર્ણ જયંતિ નિમિત્તે યોજાએલ બહેનોની શત્રુંજય આરોહણ-અવરોહણ સ્પર્ધા આજે સવારે ખુશનુમા વાતાવરણમા અને પ્રેક્ષકોની ભરપૂર હાજરીમા ઉત્સાહભેર શરૂ થઈ હતી, ૩૩ બહેનો ગેરહાજર હોવાથી ૨૪૦ બહેનોએ સ્પર્ધામાં ઝુકાવ્યું હતું અને આ સ્પર્ધામાં પાલીતાણાની બહેનોએ રંગ રાખ્યો હતો. પ્રથમ ત્રણ વિજેતા બહેનો પાલીતાણાની જ છે. સમારંભમાં ફુલછાબના પ્રતિનિધિ શ્રી રમેશભાઈ છાયાએ જાહેર કર્યું હતુ કે આ સ્પર્ધા દર વર્ષે યોજાશે અને એ માટેનો 'રનીંગ શીલ્ડ' જે તે વિજેતા કે પંચાયત કે સુધરાઇ પાસે રહેશે અને હરિફ દરેક બહેનને પ્રમાણપત્ર એનાયત થશે સમારંભમા જન્મભૂમિ પત્રોના મેનેજીંગ ડિરેકટર શ્રી બાપાલાલ દોશીએ આ સ્પર્ધાનું સફળ આયોજન અને સંચાલન કરવામા પાલીતાણાના આગેવાનોએ આપેલા સહકાર પ્રત્યે હાર્દિક આભારની લાગણી વ્યક્ત કરી હતી."

સમીક્ષા :—કોઈ પણ પવિત્ર વસ્તુનો ગમે તે ઉપયોગ કરવાની વાત શું બરાબર છે ? તીર્થ જેવી પવિત્રતમ જગ્યા બાળાઓની સ્પર્ધા યોજવા માટે વાપરી શકાય ખરી ? શું સમજીને આ અંગેની જવાબદાર વ્યક્તિઓએ આમાં સંમતિ આપી દીધી હશે એ જ સમજાતું નથી.

શું ધર્મગ્રન્થના પાનાનો ઉપયોગ ચવાણાના પડીકા વાળવામાં ય થઈ શકે ખરો ? જૈન સાધુને શેઠના પટ્ટાવાળા તરીકેના કામમાં લઈ શકાય ખરા ? પોતાના બાળકને

સંસ્કૃતની પરીક્ષામાં પહેલે નંબરે લાવવા માટે કોઈ ગૃહસ્થ જૈનસાધુનો ઉપયોગ સંસ્કૃતના 'ટીચર' તરીકે કરી શકે ખરા ?

શું ખંડિત મૂર્ત્તિનો પણ ઉપયોગ પગથીઆં તરીકે દઈ શકે ખરો ?

મરણ પામેલા સંતના શરીરનો ઉપયોગ તબીબી-વિદ્યાના અધ્યયન માટે થઈ શકે ખરો ? જો ના....

તો પછી પવિત્રતાના ધોધ વહેવડાવતી આ તીર્થભૂમિનો સ્પર્ધાની રમતો માટે શી રીતે થઇ શકે ?

થોડા જ વખત પહેલાં એક વિશ્વવિખ્યાત દેરાસરજીનો ઉપયોગ એક સીનેમાનું શુટીંગ લેવા માટે કરવામાં આવ્યો હતો. એ દેરાસરની ભમતીમાં ચારે બાજુ ખીચોખીચ ભરેલી કોતરણીને કચકડાની પટ્ટીમાં કંડારવી હતી. એવી બેનમૂન કોતરણીની વચ્ચે એક અભિનેત્રીએ દેરાસરજીની ભમતીમાં જ બૂટ પહેરીને નૃત્ય કર્યું હતું. હું ન ભૂલતો હોઉં તો એ ચલચિત્રનું કલિ મુરકરાઇ (અથવા ફુલ ઔર કલિ) નામ છે. કલાકો સુધી દેરાસરજીમાં ચાલેલા શુટીંગના કાર્યક્રમમાં કલાકારોએ (!) ક ...ણા ભરીને સિગારેટના ઠૂંઠાનો ત્યાં ઢગલો કર્યો હતો

તે તે જવાબદાર સંઘના આગેવાનોથી ફાવે તે રીતે આ ભૂમિઓનો ઉપયોગ થઈ શકે ખરો ?

આટલી સીધી સાદી અને બાળકને પણ સમજાય તેવી વાતને અનુમોદન કેમ અપાતું હશે એ જ સમજાતુ નથી.

મંદિરોને પણ કલાકારીગીરોના આદર્શ નમૂના તરીકે જ સમજાવવાની વૃત્તિ હમણું ખૂબ જોર પકડી રહી છે. આથી એ મંદિરોમાં દર્શક વર્ગની ગરદી થવાને બદલે પ્રદર્શકવર્ગની ગરદી જોવા મળે છે. ગમે તે પ્રકારની; ગમે તે વેશની, ગમે તે સ્થિતિમાં [એમ. સી. કોર્સમાં પણ] ગમે તે વ્યક્તિ કશી રોકટોક વિના ત્યાં આવી શકે ! ઓહ ! આવી આશાતનાઓને પણ નગણ્ય સમજવી હોય તો તો, 'એ મંદિરો આવા બેનમૂન કારીગીરીના ધામ બનવા કરતાં ખંડિયેર બન્યા હોત તો ?' એવો એક વિચાર મગજમાં દોડી આવે છે.

શત્રુંજય તીર્થનો બાળા-સ્પર્ધામાં ઉપયોગ થયો તેના વિરોધમાં સેંકડો સહી સાથે પત્ર લખાયાનું જાણ્યું છે પણ કોણ જાણે તેનું શું પરિણામ આવ્યું ? કોઈ વાત સાંભળવા જ કોઈ માંગતા નથી ત્યાં શું થાય ?

પંડિત બેચરદાસના ભયાનક વિધાનો :-

[૧] ભગવાન સીમંધર સ્વામી અને મહાવિદેહ ક્ષેત્રનો પણ ઈન્કાર :

[૨] સિદ્ધશિલા કાલ્પનિક છે :

[૩] મહાવીર ચરિત્ર વિસંગતિઓથી ભરેલું છે :

પ્રબુદ્ધ જીવન: તા. ૧-૯-૭૧ માં આવેલા લેખમાંથી :-

"વર્ત્તમાનમાં વૈજ્ઞાનિકોએ ચન્દ્ર સુધી પહોંચવાનું સાહસ કર્યું અને ત્યાંથી માટી પણ લઈ આવ્યા. આ બધી પ્રત્યક્ષ વાતો છે, કોઈ કલ્પનાની વાત નથી. જેમને

સંદેહ હોય તે તાલીમ લઇને ત્યાં સુધી જરૂર પહોંચી શકે અને ખાતરી કરી શકે. તમને તો હું ત્યાં સુધી કહું છું કે હવે એવાં વિમાનો થયા છે કે જે એક મિનિટમાં જ હજારો ગાઉ જઇ શકે છે. એવા એક વિમાનને ભાડે લઇને જરૂર તમે મહાવિદેહ ક્ષેત્રની યાત્રા કરી શકો છો અને શ્રી સીમંધરસ્વામીજી સાથે સાક્ષાત્ વાર્તાલાપ પણ કરી શકો છો.

શ્રી સીમંધર સ્વામી મહાવિદેહ ક્ષેત્રમાં વિચરી રહ્યા છે વગેરે વગેરે.... પણ મહાવિદેહ કયાં ? શ્રી સીમંધર-સ્વામી કયાં ? વર્ત્તમાનમાં વૈજ્ઞાનિકોએ તથા ભૂગોળના શોધકોએ પૃથ્વીના પરિણામ વિષે ચોક્કસ નિર્ણય કરેલ છે, અને કેટલાક શોધકો તો આખી પૃથ્વીની પ્રદક્ષિણા પણ એક વાર નહિ; અનેક વાર કરી ચૂકયા છે, છતાં આ કલ્પના-પ્રસ્તુત હકીકત-માટે આપણે ત્યાં શું ચાલી રહ્યું છે ?

સમીક્ષા :-ધર્મશાસ્ત્રો પ્રત્યે પંડિત બેચરદાસને કેટલો તિરસ્કાર હશે અને અપૂર્ણ વિજ્ઞાન પ્રત્યે કેટલી ઘેલી ભક્તિ હશે એનું આ અવતરણ અવ્વલ નમૂનો છે.

જેમ્સ જીન્સ જેવા ધુરંધર વૈજ્ઞાનિકોએ સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું છે કે, "અમને સાચા જ માની લેવાની ભૂલ કોઇ કરશો મા ! અમારા ઘણા બધા સત્યો અસત્ય ઠરી ચૂકયા છે." [જૂઓ મારું લખેલું પુસ્તક વિજ્ઞાન અને ધર્મ.] આમ છતાં ભાઇ બેચરદાસ એ વૈજ્ઞાનિકો પ્રત્યે પૂર્ણનિષ્ઠા બતાવી દેવાનું દુઃસાહસ કરી રહ્યા

છે. એમને એ વાતની પણ ખબર લાગતી નથી કે હજી ઉત્તર દક્ષિણ ધ્રુવના સીમાડાઓ સંપૂર્ણપણે ભેદાયા નથી.

એમને એ વાતની પણ ખબર નથી કે કેટલાક પ્રદેશોમાં જતાં સાહસિકોના વિમાનો એ પ્રદેશમાં ગમે તે અગમ્ય કારણસર ધરતી ઉપર તૂટી પડે છે પણ આગળ વધી શકતા નથી: એમને એ વાતની પણ માહિતી નથી કે એક વિમાનીએ આગળ વધવાના સાહસમાં બરફ જેવી શ્વેત જંગી દિવાલ જોઈ અને તેની પરિક્રમ્મા કરતાં હજારો માઇલની મુસાફરી થઈ અને છેવટે પણ એ જ સ્થાને શ્રીમાન્ આવી ગયા પણ કિલ્લાની અંદર ન જઈ શક્યા.

ભાઈ બેચરદાસને એ વાતની પણ માહિતિ નથી કે બીજા સાહસિક વિમાનીની સામે જંગી કાળી દિવાલ આવવાથી એને સાહસ પડતું મૂકવું પડયું હતું.

ફાવે તેમ ઝીંકે રાખનાર પંડિતજી કહેવાય ખરા ? પોતાને જૈન ગણાવતી વ્યક્તિને જૈનશાસ્ત્રોના સૂત્રો ઉપર પણ વિશ્વાસ નથી ! ‘ પુક્ખરવરદી વડ્ઢે ’ અને ‘ વરકનક ’ સૂત્રનું તેમણે કદી શ્રવણ પણ નથી કર્યું ? છતાં મહા-વિદેહને કલ્પનાનો તુક્કો કહેવો છે ? વિજ્ઞાનભક્તિનું પણ આ પરિણામ નથી. વૈજ્ઞાનિકો પણ કદી આવી ભક્તિ પોતાની ઉપર રાખવાનું કહેતા નથી. આ તો છે ધર્મશાસ્ત્ર ઉપરની ઘોર નફરતનું જ પરિણામ !

આ જ ભાઈએ સિદ્ધશિલાને કાલ્પનિક કહેવાનું: અને એ દ્વારા દૂર મસ્કરી ઉડાડવાનું અકાર્ય લેખન દ્વારા

કર્યું છે તથા વીર–ચરિત્ર વિસંગતિઓથી ભરપૂર છે એમ કહેવાનું મહા દુઃસાહસ પણ એમણે જ કર્યું છે.

આ બાબતમાં જેટલા લેખક જવાબદાર છે એટલા જ જવાબદાર આવા મશ્કરીઓ ભરેલા લેખોને પ્રગટ કરતાં બંધુઓ છે. તે તે સંઘના અગ્રણી તરીકેનું સ્થાન પામેલા બંધુઓએ આવા લેખોને શું સમજીને સ્થાન આપ્યું હશે?

સમાચાર : ગુજરાતી દૈનિકોમાં વારંવાર આવતી જાહેરાત "જો વાંચશો તો આઘાત લાગશે."

આપણે ત્યાં દર વર્ષે નવ અમદાવાદ, તે ત્રણ મુંબઈ અથવા એક ઓસ્ટ્રેલીઆ દેશ જેટલી વસ્તી ઉમેરાય છે. કારણ કે દર વર્ષે ૧૦ લાખનો વસ્તી વધારો ભારતમાં થાય છે. વસ્તીવૃદ્ધિના પ્રત્યાઘાતો પણ આઘાતજનક છે. આ બાબતમાં આપણે જાગ્રત નહિ થઈએ તો સમગ્ર રાષ્ટ્રને આપઘાતની ભૂમિકા માટે મોકળો માર્ગ મળી જશે"

—આરોગ્ય શિક્ષણ વિભાગ; રાજ્ય કુ. નિ. બ્યુરો, અમદાવાદ.

સમીક્ષા—કેટલી ભયાનક બૌદ્ધિક છેતરપીંડી! મને સમજાતું નથી કે ભારતની પ્રજાની બુદ્ધિ આટલી હદ સુધી કેમ પરવારી ગઈ હશે? ભારતીય પ્રજા સાથે આવી છેતરપીંડી કરવાનો અધિકાર શું શિક્ષિતોએ જ વગુમાગ્યો પ્રાપ્ત કરી લીધો છે? ૨૧ મી સદીના ભારતના આ

ગોએલ્સોને પ્રજા કદી માફ નહિ કરે એ વાતની તેમણે ખાત્રી રાખવી જોઈએ. પ્રજાના માનસ સાથે છેતરપીંડી કરવાના કુકર્મને એમણે પોતે જ ખૂબ ગંભીરતાથી વિચારવું જોઈએ. પણ એ શિક્ષિત લોકો ય બિચારા શું કરે ? જે શિક્ષણ એમને અપાઈ રહ્યું છે, અને જે માર્ગદર્શન એમનાં વડેરાંઓ તરફથી એમને મળી રહ્યું છે એ જ એટલું બધું વિચિત્ર છે કે અચ્છામાં અચ્છા માણસો એ વિચારસરણીમાં ફસાઈ ગયા વિના રહે નહિ.

ઉપરની જાહેરાતમાં દર વર્ષે નવ અમદાવાદ, ત્રણ મુંબઈ વગેરે વસતિ વધારાના ચમકાવી દે તેવા ગણિત મૂકનારાઓને એ વાતની માહિતિ છે ખરી કે નિરોધ, ગર્ભપાત વગેરેના ઉપયોગને લીધે ૧૮ અમદાવાદ, ૯ મુંબઈ કે ૨ ઓસ્ટ્રેલિઆ દેશ જેટલા લોકો દુરાચારના ભયાનક પતનના રસ્તે દર વર્ષે જઈ રહ્યા છે ? હજારો કુમારિકાઓ સગર્ભા બનીને પોતાના શીલનું સૌંદર્ય હણી રહી છે ? યૌવનના ઉંબરે પગ મૂકતાં પહેલા જ યૌવન ખોઈ બેસનારા લાખો યુવાનો લમણે હાથ મૂકીને, હતાશ બન્યા છે ? જૂઠી જાહેરાતોવાળી દવાઓ ખાઈ ખાઈને જીવતા રહીને આપઘાત કરી ચૂકયા છે !

રે ! જે પ્રજા પોતાના શીલ, સદાચારાદિને ખોઈ બેસશે એ પ્રજા કદી જીવતી રહેશે ખરી ?

કોકે ગોખાવી મારેલું શું કરવા ગાવા મંડી પડવું જોઈએ ? શું આ પ્રજાએ પોતાનું દૂરદર્શિત્વ ગુમાવી દીધું

શોધનો ઝંખતા અંગ્રેજોની એક સોસાયટી પણ રચાણી છે. આમ 'હરે કૃષ્ણની ધૂનના જાદુએ ભૌતિક સુખમાં રાચતા વિદેશીઓને પણ ઘેલું લગાડયું છે.

[૨] ભારતની સંસ્કૃતિ અને ધર્મથી આકર્ષાઇને સાધુ બની ગએલા ૫૦૦ વિદેશી યુવાનો (૧૩-૭-૬૯)

વિશ્વયોગ પરિષદના પ્રમુખ સ્વામી શ્રી શિવાનંદ શાસ્ત્રીજી મહારાજે આજે પત્રકારોને જણાવ્યુ હતુ કે ભારતમાં પાંચ લાખથી વધુ સાધન સંપન્ન મહાત્માઓ છે. તેમાંથી ફક્ત ૧૦૦ મહાત્માઓ પરદેશોમાં ભારતની સંસ્કૃતિ અને ધર્મના પ્રચાર માટે વિચરે છે. પાકિસ્તાન ઇસ્લામધર્મના પ્રચાર માટે ખર્ચ કરીને મૌલવીઓને વિદેશોના પ્રવાસમાં મોકલે છે, જ્યારે ભારતના મહાત્માઓનુ વિદેશોના પ્રવાસનુ ખર્ચ વિદેશોમાથી જ મળે છે તેમ છતાં ફોર્મ ભરવાના રૂા. ૬૦ મેળવવામાં પણ મહાત્માઓને મુશ્કેલી વેઠવી પડે છે. હુ ટૂંક સમયમાં જ બીજી વાર યુરોપના પ્રવાસે જવાનો છુ.

તેમણે વધુમાં જણાવ્યુ હતું કે ૫૦૦ જેટલા વિદેશી યુવાનો ભારતની સંસ્કૃતિ અને ધર્મથી આકર્ષાઇને સાધુ બની ગયા છે અને ભારતના દેવતાઓના મંત્ર ભણી રહ્યા છે. આવા એક વિદેશી સાધુ મહાત્માને ઓસ્ટ્રેલીઆમા શ્રીકૃષ્ણના દર્શન થયા હતા.

સમીક્ષા :—ભલભલાનું દિમાગ છક્કડ ખાઇ જાય તેટલી આકર્ષક આ જાળ છે; યુરોપના જે દેશોમાં ગાંજો, ચરસના સેવનમાંથી બાર-ચૌદ વર્ષના કિશોરો અને કિશોરીઓ નવરા જ પડતા નથી; જે દેશમાં નગ્ન સ્ત્રીના નૃત્યો જોવા માટે સારા ગજાના કુટુંબના લોકો પડાપડી કરવા લાગ્યા છે; જે દેશોમાં ખૂન, બળાત્કાર, લૂંટફાટ દિવસે દિવસે વધતા જ જાય છે. જ્યાં ન્યાય નીતિ જેવું કશું જ રહ્યું

નથી તે દેશમાં હજારો લોકોને શ્રીકૃષ્ણની પ્રીત ક્યાંથી લાગી ગઈ ! અસંભવ....મારે તો સ્પષ્ટ શબ્દમાં સહુને ચેતવવા છે કે આમાં ક્યાંય સ્વધર્મનો અભ્યુદય માની લેવાની ગંભીર ભૂલ કોઈ કરજો મા ! સાંભળ્યું છે કે હજારોની સંખ્યામા હિપ્પીઓ ભારતમાં ઊતરી ચૂકયા છે. યુવાન છોકરા-છોકરીનાં એ ટોળાં જ્યાં ને ત્યાં મોટા શહેરોમાં ભમતા રહે છે. એમને ઓળખ્યાનો ઠેકો ધરાવતા કેટલાક અજ્ઞ ભારતીઓ કહે છે કે એ લોકોને ભોગના અતિરેકથી તિરસ્કાર વછૂટી ગયો છે એથી એ લોકો આમ તેમ ભમ્યા કરે છે, આ વાતમાં મને લેશ પણ સત્ય લાગતું નથી. ભોગના અતિરેકથી, ત્રાસી ગયેલા માણસો શા માટે ચરસ ગાંજાનું સેવન કરે છે ? શા માટે સજાતીય અને વિજાતીય બે ય પ્રકારના-જાતીય પાપોને-ટોળામાં રહીને-ભોગવે છે ? શું આને ભોગના અતિરેકનો તિરસ્કાર કહેવાયો હશે ? અરે ! આ તો ઉઘાડો દંભ છે એટલું જ નહિ પરન્તુ ભારતીય સંસ્કૃતિનું નીકંદન કાઢી નાંખવા માટેનો પગ પહોળા કરીને પેટ ફાડી નાંખવા સ્વરૂપ-ફીમીઓ છે.

મને તો ખૂબ સ્પષ્ટ રીતે આ ભેદી આક્રમણનું દર્શન થઈ રહ્યું છે. આપણી સંસ્કૃતિનો નાશ ન થાય ત્યાં સુધી કોઈ મોટામાં મોટો દેશ પણ આર્યપ્રજાનો નાશ કરી શકવાને હરગીજ સમર્થ નથી. એવા તો કેટલાય આક્રમણખોરો આવ્યા અને કેટલાય ગયા....

કેમકે આર્યપ્રજાની નસનસમાં ચાર પુરુષાર્થની સંસ્કૃતિનું લોહી વહેતું હતું.

હરે કૃષ્ણની ધૂન મચાવનારાઓના ટોળાં નીચે અને વિદેશીઓનો ભારતીય સંન્યાસ સ્વીકાર કરવાના કાર્યક્રમ નીચે એક ચોક્કસ કાવતરું ગોઠવાયું હોવાની મને ગંધ આવે છે. આર્યપ્રજાના જે જે ધર્મોના અનુયાયીઓમાં આ લોકો ભળશે, તે તે ધર્મનો કાલાંતરે નાશ કરવાનું કામ આ નવો અનુયાયી વર્ગ કરશે. શાસ્ત્રો ભણીને પ્રાચીન પરંપરાઓને તેઓ જાણશે અને પછી તરત જ જૂઠા વૈજ્ઞાનિક દૃષ્ટિકોણો રજૂ કરીને તેની વગોવણી કરશે. નવી પેઢીનો ફાલ તે વગોવણીમાં સામેલ થશે. આ જ રીતે નવા શાસ્ત્રોની રચના કરીને જૂના શાસ્ત્રોને ઊધઈને ખોરાક બનાવાશે કે જલશરણ કરાશે અથવા તો પરદેશ પહોંચાડીને બાળી નાંખશે. મને તો દહેશત છે કે આંતરરાષ્ટ્રીય ધોરણે તીર્થંકર ભગવાન મહાવીરદેવની ૨૫ મી નિર્વાણ શતાબ્દીની ઉજવણી કરીને ટૂંક સમયમાં ઢગલાબંધ ગોરાઓ જૈનધર્મ સ્વીકારી દીક્ષા લઈને પ્રવેશ કરશે અને ધર્મનાશની કારવાહીને વેગવંતી બનાવી દેશે જે ધાર્મિકજનોની ધર્મ પરંપરાઓ વગોવાય અને શાસ્ત્રો લુપ્ત કરાય તથા શ્રદ્ધાબળને હચમચાવી નંખાય તે ધાર્મિકજનોનો ધર્મ કેટલો કાળ ટકશે ?

સહુ સાબદા બની જાઓ ! ગરકીય પ્રવેશને હાલ તો સખત બંધી આપો. પોતપોતાની ધર્મપરંપરાના

ફિરકાઓને સહુ સલામત બનાવો. નહિ તો ધર્મવ્યવહારો નાશ પામતાં જ આર્યધર્મો નાશ પામી જશે. રહી જશે એક માત્ર ઇસુખ્રિસ્તનો ધર્મ ! લાચારીથી સ્વીકાર કર્યા ના ન જ ચાલે તેવો ધર્માંધોના હાથમાં ગએલો ધર્મ.





સમાચાર : જૈન જગત્-હિન્દી માસિક સપ્ટેમ્બર ૧૯૭૨-નો ક : આવશ્યકતા હૈ સાર્વભૌમ સાર્વકાલિક જૈન ધર્મ કી

—કાકા કાલેલકર

"મૈં સ્વયં સનાતની હિન્દૂ હોને મે જૈન સમાજકો સલાહ દેને કા અપના વિશેષ અધિકાર નહી માન સકતા. ફીર ભી ઇતના કહૂંગા કિ જૈન ધર્મ કો પૂર્ણતઃ જાનનેવાલે ઔર આચરનેવાલે લોગો કો અપને ધર્મ કે દો વિભાગ કરને ચાહિયે. ૧-તાત્વિક દૃષ્ટિસે જિન જૈનધર્મ અથવા જૈન તત્ત્વજ્ઞાન કહા જા સકતા હૈ ઉસે સાર્વભૌમ, સાર્વકાલિક પ્રધાન જૈનધર્મ કે તૌર પર વિસ્તાર મે સમઝાના, ઔર સાથ હી સાથ ૨-આજ હિન્દૂસ્તાન મે જૈન સમાજ મે જિસકા આચરણ હોતા હૈ ઉસ જૈન ધર્મકો ભારતીય સસ્કરણ અથવા હિન્દુ આવૃત્તિ કે તૌર પર અલગ દિખાના. હિન્દુસ્તાનમે રહેનેવાલે ઔર વશપરમ્પરાગત જૈનધર્મમે માનનેવાલે લોગ જૈનધર્મકી ઇસ ભારતીય આવૃત્તિ કે અનુસાર ચલે ઔર ઉસમે સમય સમય પર સંશોધન-વર્ધન કરતે રહે. ઔર જો વ્યાપક, સાર્વભૌમ, મૌલિક પ્રધાન જૈનદૃષ્ટિ હમને અલગ કી હૈ, ઉસકા પ્રચાર સારી દુનિયા કે ભિન્નભિન્ન દેશો મે લોગો મે કીયા જા સકતા હૈ. ફિર વહા કે લોગ અપની અપની સંસ્કૃતિકે અનુકૂલ સાર્વભૌમ જૈનધર્મકી સ્વદેશી આવૃત્તિ તૈયાર કરે તો ઉન્હે ઐસી છૂટ હોની ચાહિયે યહા કે જૈનિયોંકી ભારતીય

સસ્કૃતિ ભારત કે બાહર કે સમાજો પર લાદને કી કોશિશ હમ કરે, ઉસમે મે જો હિસ્સા બાહર કે લોગોં કો પસંદ આયે ઉસ -સ્વીકાર કરનેમે ઉન્હે કૌન રોક સકતા હૈ ?

સમીક્ષા :–કોઇ પણ વૃક્ષને નીચે પાડી દેવા માંગતો માણસ તેને મૂળમાંથી જ ઊખેડી નાંખે છે ને ? વિશ્વ સમસ્ત જીવસૃષ્ટિને ઓછા-વત્તા અંશે જીવાડવાનો બો આપતી વિભિન્ન થરોવાળી આર્ય સંસ્કૃતિ મૂળમાંથી ઉખ તો જ તેનો નાશ શક્ય છે ને ?

નવા શિક્ષણનો આ તે કેવો પ્રભાવ સર્વત્ર છાઇ ગર્ છે કે જેના ઉપર એ પ્રભાવ ફરી વળ્યો એનું મા લગભગ જડ થઇ ગયું ! આ શિક્ષણે બ્રેઇન-વોશનો જં કાર્યક્રમ કેટલી સફળતાપૂર્વક પાર ઊતાર્યો છે કે સંસ્કૃતિ સંરક્ષક ગણનારાઓ ઉપર પણ એનું કામણ થઈ ચુક્યું છે

કાકા કાલેલકર ગમે તેટલા વિદ્વાન્ ગણાતા હો પરન્તુ ઘણી વખત તેઓ તદ્દન અણસમજથી બોલતા બોલતા કે લખતા હોય તેવો ભાસ ઊભો થઇ જાય જૈનધર્મના બે વિભાગો કરી નાંખવાની તેમની રજૂઆત કેટલી ધૃષ્ટતા ભરી છે એ વાત વાચક તરત સમજી શકે જૈનધર્મના સ્યાદ્વાદ વગેરેને બે મોંએ વખાણનારા લોકોને જૈન સિદ્ધાન્તો ખરેખર ગમી ગયા હોય તો શા માટે તેમ જમાનાના નામે સિદ્ધાન્તના પરિવર્તનની વાતો કર જોઇએ ? કસોટી કાળે જે સિદ્ધાન્તો ટકી જાય છે એ મજબૂત થાય છે. જમાનો તો આવતી કાલે હજી

ખરાબ આવવાનો છે એટલે શું સિદ્ધાન્તને પણ નીચેને નીચે ઊતારતા જવો ? સંત તો તેનું નામ છે જે જૂઠા જમાનાની સમષ્ટિની ભોગ લાલસાની લેશ પણ દયા ખાધા વિના સત્યની અહાલેક બજાવે.

તે ડોક્ટર મૂર્ખ છે કે જે દરદીના કહ્યા પ્રમાણે સદા ચાલે છે. તે મા મૂર્ખ છે જે બધી વાતે દીકરાને અનુ· સરે છે. તે પતિ મૂર્ખ છે જે કાયમ પત્નીનો કહ્યાગરો બની રહ્યો છે. જે સિદ્ધાન્તોની રક્ષા કાજે હજારો લાખો બલિદાનો અપાયા છે, જેને જીવનસાત્ કરીને લાખો આ- ત્માઓ અમરત્વને પામ્યા છે; મરણમાં સમાધિ અને જીવનમાં શાન્તિ પામ્યા છે. આજે પણ સેંકડો યુવાનો જેને સ્પર્શીને પવિત્રતા પામ્યા છે; અનાચારોને ત્યાગી શકયા છે એ સિદ્ધાન્તોને પાળતા, ધર્મીવર્ગને જડ, રૂઢિચુસ્ત, કહેવા અને તેને જૂદો પાડી દેવાની હિમાયત કરવી એ કેટલું બધું અયોગ્ય ચિંતન છે ? વળી નવા મોડેલના જૈનધર્મની વાતો કરવી; તેને સાર્વભૌમ અને સાર્વકાલિક કહેવો—એ સાહસ પણ કેટલી નાદાનીઅતથી ભરપૂર છે ? આ રીતે નવું સ્થ- પાશે તો જૂનું સત્ય ઊખડી જશે અને નવાને ઉખેડતા તો થોડી પણ વાર લાગવાની નથી.

દુર્ભાગ્ય છે, જૈન સંઘનું કે આવા લેખોની સામે હોંકારા કરવા માટે એક સાથે બધાનું લોહી ઊકળી પડતું નથી. નહિ તો આવા નિવેદનો લખવા તૈયાર થતી કલમ લેખકના હાથમાંથી છીનવાઇ ગયા વિના રહે ખરી ?

આ ધર્મને તો તે મર્દાનગીભર્યા વસ્તુપાળોની દેન છે જે ત્યાગી સંસ્થાના અપમાન સામે જંગે ચડયા હતા!

તે ભામાશાહોની દેન છે જેમણે સંસ્કૃતિની રક્ષા કાજે તિજોરીઓ ખુલ્લી મૂકી દીધી હતી; તે જગડુશાહોની દેન છે જે દુષ્કાળના સમયમાં લાખોની માતાઓ બની હતી.

આજના બોલકણાં, કે વિદ્વાન ગણાતાં ભાષણકારો કે લેખકો ભલે ન હતા પણ જીવનને જાત ઉપર લખી જાણનારાનો એ જીવંતકાળ હતો.

જે જિનધર્મના પ્રભાવે જ આ બધું બન્યું તેને જૂદો પાડીને, ખતમ કરી દેવાની વાત શ્રી કાલેલકર કરે છે! અહો! આશ્ચર્ય! કોઈ ભરમાશો મા આવા કુતાર્કિક લેખકોથી!

સમાચાર :–મુંબઈ સમાચાર તા. ૧૪–૧૧–૭૧.

"કોઈ એક સંસ્થા હોય તે પોતાના નિયમો પ્રમાણે ચાલવી જોઈએ કે વિશાળ બહુમતિ ધરાવતા સભ્યોની ઈચ્છા પ્રમાણે ચાલવી જોઈએ એ એક અગત્યનો મુદ્દો હતો. સંસ્થાઓના નિયમો પણ છેવટે તો સંસ્થાના સભ્યોની બહુમતિથી જ ઘડાય છે અથવા સુધારી શકાય છે એ દૃષ્ટિએ, 'નિયમ કરતાં બહુમતિ જ મહત્વની છે.' એવો મહત્વનો મુદ્દો હવે સ્થાપિત થાય છે. અત્યાર સુધી કાનૂનમાં આનાથી વિરુદ્ધ પ્રકારની જોગવાઈ હતી."

સમીક્ષા : શાબાશ! તમામ સભ્યોના ગળે બહુમતિવાદનો કેવો ટૂંપો લાગી ગયો! હવેથી સત્ય, નિયમ,

બંધારણ; કોઈનું ય-મહત્ત્વ નહિ. બહુમતિ કહે તેજ પ્રમાણ.... તેજ નિયમ તેજ સત્ય....અને તેજ બંધારણ.

આર્યપ્રજાના સંપૂર્ણ વિનાશનું આ અતિભયાનક પ્રથમ શસ્ત્ર છૂટી ગયું છે !

હાય ! ઘણાં ગૂંડાઓ ભેગા થઈને જે કાંઇ નિર્ણય લેશે તેજ જો સત્ય ઠરશે તો લઘુમતમાં લાચાર બનીને એકલી ઉભેલી કોઈ માતા કે કોઇ બેનનું શું થશે ? ત્યાં-તે સમયે શીલમાં અસત્ય અને અશીલમાં સત્ય સ્થાપિત થશે ને ?

ઇસુના અનુયાયીઓ જંગી બહુમતમાં છે. એટલે હવે લઘુમતના તમામ ધર્માનુયાયીઓના ધર્મોને તેઓ પાપીઓનો ધર્મ કહે તો માન્ય જ કરવું ને ? લાખ ભરવાડો પિત્તળને સોનું કહે તો કબૂલી જ લેવાનું ને ? જંગી બહુમતિ સંસારી લોકોની છે એટલે એમના ભોગસુખમાં જ ધર્મ માનવો ને ? હવે લઘુમતમાં મુકાએલા ત્યાગીઓના ત્યાગમાં તો હડહડતું પાપ જ સમજવું ને ? ઓ, આર્યો ! તમારી આ તે કેવી અવદશા થઇ છે ! ઓ ન્યાયાધીશો ! તમારો આ તે કેવો ન્યાય ! તમે પેલી અંગ્રેજી કહેવતને ભૂલી ગયા કે શું ? "મેજોરીટી કન્સીસ્ટસ ઓફ ફુલ્સ." ઠીક છે. કુદરતનો કાનૂન ન્યારો છે એટલે જ ધર્મને જીવાડવાનો આધાર છે. કુદરતમાં તો બગડેલી એક કેરી પણ કરંડીઆની બહુમતીવાળી સારી કેરીને ય બગાડી શકે છે! અંધારે, ચીરાગોની સામે કે તારાઓ સામે એક જ સિંહ કે ચન્દ્ર બસ ગણાય છે.

સમાચાર : જૈન જગત્ [માસિક] ઓકટોબર-નવેમ્બર-અંક. શ્રી કાલેલકર ઉપર શ્રી ઋષભદાસ રાંકાએ લખેલ પત્રમાંથી—

"મૈને જૈન સમ્પ્રદાયો કે સંઘર્ષો કો દૂર કરને કે લિએ અકટૂબર કો સંકલ્પ કિયા હૈ કિ અગલે એક વર્ષમે યા તો સંઘર્ષો કી સમાપ્તિ હોગી, યદિ વૈસા નહી હો સકા તો મૈ આત્મવિસર્જન કર અપને આપકા જૈન તત્વો કે પાલન ઔર પ્રચાર મે આત્મ-બલિદાન કર દૂંગા. વૈસે તો ઐસે સાથી જૂટાને કા પ્રયત્ન હૈ, જો અહિંસા ઔર અનેકાન્ત પર નિષ્ઠા રખકર ઉસકે પ્રયોગ મે આત્મ-બલિદાન કર સકે. કરીબ ૫૦ સાથી મીલને કી ઉમ્મીદ હૈ.

"તીન સાલ મેં સે પ્રથમ વર્ષ જૈનિયોં કે આપસી સંઘર્ષ દૂર કરને મેં લગાના હૈ. યદિ ઉસ કામ મે સફલતા મિલી ઔર જીવિત રહા તો દૂસરા વર્ષ ભારત મે આપસી સંઘર્ષ અહિંસા વ અનેકાન્ત કે દ્વારા દૂર કરને કા પ્રયત્ન રહેગા ઔર વહ કર સકા તો તીસરા વર્ષ આન્તરરાષ્ટ્રીય ક્ષેત્ર કે લિએ હોગા."

સમીક્ષા :–દુનિયાના ખૂણે ખૂણેથી ઝગડાઓનો નાશ કરી દેવાની શ્રી ઋષભદાસ રાંકાની ભાવના સ્વરૂપતઃ બેશક ઉત્તમ છે; પરન્તુ આ વિચારના ગર્ભમાં શું પડયું છે ? તે સ્પષ્ટ થવું જોઈએ. જો ધર્મ કે સંપ્રદાયના ભેદને જ તેઓ ઝગડા સમજતા હોય તો તે બરોબર નથી જૂદી જૂદી વિચારધારાઓ તો આ જગતમાં રહેવાની જ. તીર્થંકર પરમાત્મા મહાવીરદેવના સમયમાં પણ ૩૬૩ પાખંડી-મતો વિદ્યમાન હતા. પરમાત્માની દેશના સાંભળીને અવાચક બની જતા છતા પોતાનો મત અને મમત મૂકી શકયા ન હતા. હવે એ જ મૂળભૂત જિનધર્મમાં ફાંટાઓ પડયા છે.

ચેત રીતે વધારો થાય તે જરા ય ખોટું નથી પરન્તુ દ્ધાન્તને જ ખતમ કરી દેતી બાંધછોડના નામે તો તેમ જ થઇ શકે. આપમેળે જ વ્યકિત વ્યકિતના જીવનમાંથી ાદ્ધાન્તનો નાશ થઈ જ રહ્યો છે, બાંધછોડો પણ થઈ રહી છે; ધર્મમાં સગવડો શોધાઈ જ રહી છે તેથી ઇ સંખ્યાવૃદ્ધિ થઇ નથી. કદાચ તેમ થાય તો ય તેનો ઈ અર્થ નથી. મૂળભૂત વસ્તુ ખતમ થયા પછી વૃદ્ધિ ની ? પ્રાણ નીકળી ગયા બાદનું કલેવર મડદું કહેવાય અને તે ફૂલીને વધી જાય તેમાં આનંદ કદી હોઈ કે નહિ.

આવા પ્રવાહી બહુમત કરતાં તો નક્કર લઘુમત પણ ારો. જંગી બહુમત સામે એ જરૂર મુકાબલો કરી શકે. માથી જ આપણે બહુમત કરવાના બાંધછોડીઆ-સિદ્ધાન્ત ાશક રાહને વિચારવાનો છોડી દઈને લઘુમતને જ બળ- ાન બનાવવા તરફ શક્તિઓ કેન્દ્રિત કરવી જોઈશે.

હજારો બકરાં સામે એક સિંહ, હજારો તારલાઓ સામે એક ચન્દ્ર; હજારો ટન કપાસની ગંજી સામે એક સળગતી ચીનગારી-લઘુમતમાં જ છે ને ? છતાં એનું બળ કેટલું ?

શ્રી ઋષભદાસ ાંકા હાલના સંયોગોમાં લઘુમતને ર૨-સ્વ સિદ્ધાન્તમાં સ્થિર થઈને અત્યંત શક્તિસંપન્ન બનવાની વાત કરે. કે એ દિશામા યત્ન કરે તો હજી કાંઈક ઠીક ગણાય. સહુ 'સ્વ' માં રહે અને સ્વ સાથે સંપીને રહે તેવું કાંઈક કરવું જોઈએ. અર્થાત્ બીજાને

આ પરિસ્થિતિ લાંબો સમય ચાલશે તો પ્રચંડ વેગથી જમાનાવાદના સાગરના પાણી સર્વત્ર ફરી વળશે. સહુનો ભોગ લઈને જ જંપશે.

કેટલાક દિવસો કે કેટલાક મહિનાઓની દીક્ષા લેતાં દીક્ષિત પ્રત્યે ભાવ શી રીતે જાગશે ? આવતી કાલે દીક્ષા મૂકીને લગ્નાદિ કરવાની શકયતાવાળા મુનિને કોનું માથું નમશે ?

સાધુ સંસ્થાના વિરાટવૃક્ષના મૂળમાં કામચલાઉ દીક્ષાનો આ કુઠારાઘાત છે. જો ખરેખર કોઈ વ્યક્તિને અમુક સમયનું મુનિતુલ્ય જીવન જીવવું હોય તો તે માટે પૌષધવ્રત કયાં નથી ? એ માટે આવી દીક્ષા તે હોતી હશે ?

મને તો દહેશત છે કે આ કહેવાના દીક્ષિત મુનિ જિમ મોરગીન પરદેશોમાં ફરીને અનેક યુરોપીઅનોને ૨૫ મી નિર્વાણ શતાબ્દીના પ્રસંગ પછી લઈ આવશે અને આવી જૈની દીક્ષા અપાવશે. એ પછી ભારતીય લોકોમાં ય આવી સગવડપંથી દીક્ષાઓ થવા લાગશે.

હવે આવી બાબતમાં કલમ ઉઠાવાય; વિરોધ કરાય ત્યારે શ્રીસંઘ તેને ઝગડા કહેવા માગતા હોય તો એવા એવા ઝગડાખોર બનવામાં તો મહાગૌરવની લાગણી થાય તે તદ્દન સ્વાભાવિક છે

સમાચાર . ઇન્ડિયન એક્સપ્રેસમાંથી અખંડ આનંદ માસિકે લીધેલુ અવતરણ

"તામીલનાડુમા શ્રી કે કે શાહ ગવર્નર નીમાયા છે એ પોતે તાન્જોરના વિખ્યાત મંદિર જોવા ગયા. પછી એમણે ભારતીય પુરાતત્ત્વ ખાતાને પત્ર લખ્યો. આ મંદિરમાં પરદેશના સહેલાણીઓને પ્રવેશ માટે પરવાનગી આપવી જોઇએ"

તાન્જોરના મંદિરનુ શિખર (વિમાન) અનેક શિલ્પોની વિવિધતાથી ભરચક છે એની સ્થાપત્યકળા પણ ઘણી કુશળતા સૂચવે છે. પૌરાણિક કથાઓના પ્રસંગો ઉપરાંત નૃત્યની અંગભંગીનાં અનેક કળા-કૌશલ્યવાળા નમૂના ત્યાં મોજૂદ છે.

પરન્તુ એ સ્થળે એકલી કળા જ નથી, એ ઉપરાંત ધર્મની ત્યા પવિત્રતા છે અને શ્રદ્ધાનાં મૂળ છે. અસંખ્ય યાત્રાળુઓની ભાવનાઓથી ત્યાંનુ વાતાવરણ રંગાએલુ છે. એ માત્ર સ્થાપત્ય અને શિલ્પની કલાકૃતિઓનુ સંગ્રહસ્થાન નથી એ સ્થળે કોણે જવુ અને કોણે ન જવુ એ વિષે પરાપૂર્વથી નિયમો ઘડાયેલા છે. હિંદુઓ જેને જેને પવિત્ર માનતા હોય તે બધુ વિદેશીના સહેલાણીઓ આગળ ખુલ્લું કરી શકાય નહિ. ગવર્નરની આવી માગણી સ્વીકારવી ન જ ઘટે.

સમીક્ષા :-ઇન્ડિયન એક્સપ્રેસમાં આ સ્પષ્ટ અભિપ્રાય જેણે જણાવ્યો હોય તેને ધન્યવાદ. કેવી કેવી ઘેલછાઓ લાગી પડી છે આ દુનિયામાં ? જે શાસ્ત્રમાં ગંભીર ચિંતનો પડ્યા છે એનેય અપાત્રોની પાસે પણ પ્રકાશિત કરી દેવાની વાતો ચાલી છે ! કરે તો કોઇ, પેન્ટાગોનના અતિગુપ્ત દસ્તાવેજોનું પ્રકાશન !

"બધુ; બધે ય; બધા માટે" આ અતિ ખેરંગું સૂત્ર

સમાચાર : મુંબઈ સમાચાર : તા. ૨૦–૧–૭૨

"ન્યાયમૂર્તિ શ્રી રેએ જણાવ્યું હતુ કે જૈનો હિંદુઓ છે કે હિંદુઓનો એક ભાગ છે તે બાબત અમારે નિસ્બત નથી. ધર્મ જુદો હોય તો પણ 'હિંદુ' શબ્દની વ્યાખ્યામાં કાયદાની જે, કલમો લાગુ પડતી હોય તે તમામ તેમને લાગુ પડે છે."

સમીક્ષા :–સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો પણ આવો ન્યાય આપે ? લોકશાહીનો આ તે કેવો જૂલમ !

ન્યાયાધીશ જેવા સ્થાને રહેલી વ્યકિતઓ પણ એમ કહે કે, 'ભલે જૈનો હિન્દુ ન હોય પરન્તુ—તો ય–હિંદુને લગતા કાયદાઓ તો તેમને લાગુ થાય જ.'

કેવી વિરોધાભાસી વાત ? પણ આવા ગૂંચવાડા થવાનું એક કારણ છે. તે એ છે કે સહુ એમ જ માનતા થઈ ગયા છે કે, 'હિંદુ એ ધર્મ છે.' આ ખૂબ જ ગંભીર ભૂલ છે. હિંદુ એ ધર્મ નથી; હિંદુ એ પ્રજા છે. હિન્દુ-સ્થાનમાં જે ધર્મના પ્રણેતાઓ થયા તે ધર્મોને પાળતી અને હિન્દુસ્તાનમાં રહેતી તમામ પ્રજા હિન્દુ જ કહેવાય. આવી વિરાટ હિન્દુ પ્રજા અનેક ધર્મો પાળે છે. જેમ કે વૈદિક ધર્મ [જેને આપણે હિંદુ ધર્મ કહેવાની ભૂલ કરી છે.] જૈનધર્મ, શીખધર્મ, [હિન્દુસ્તાનના બૌદ્ધોનો] બુદ્ધધર્મ વગેરે.

જો હજી પણ આ વાત સ્પષ્ટ થઇ જાય તો જૈન ધર્મને પાળતા અનુયાયીઓ પણ હિંદુપ્રજાજન જ કહેવાય. અને આ રીતે હિંદુપ્રજાજન તરીકે અવિભકત કહેવામાં જૈનોને જે ઘણા બધા લાભો છે તેના કરતાં હિંદુઓથી

જૂદા પડવાના–લઘુમતિ કોમ–તરીકેના લાભો ઘણા જૂજ છે. અને એની પાછળના અહિતો ભયંકર છે.

અફસોસ ! શબ્દમાત્રના ફેરફારથી કેટલો નાશ થયો ! હિંદુને ધર્મ બનાવીને હિંદુ જેવી બલિષ્ઠ પ્રજાનું અસ્તિત્વ નાબૂદ કર્યું. અને જૈનને સમાજ બનાવીને આર્યદેશના ઉત્તમ એવા જન ધર્મનો નાશ કર્યો.





સમાચાર : સંદેશ ૬–૧–૭૨

“ લોકશાહીમાં પણ સત્તાવાળાઓ પ્રજામતને કેટલી હદે ગેર-રસ્તે દોરતા હોય છે, તેના દૃષ્ટાન્તો તાજેતરમાં અમેરિકાના કેટલાક પત્રકારોએ બહાર પાડેલા સરકારી રહસ્યોમાંથી જોવા મળે છે.

ભારત અને પાકિસ્તાન પરત્વેની નીતિની બાબતોમાં નિક્સનની કૂટિલ ચાલનો ભાંડો અમેરિકાના જાણીતા કટાર–લેખક જેક એન્ડર-સને ફોડી નાખ્યો છે. આમાં ખૂબ જ સૂચક હકીકત એ છે કે આ દસ્તાવેજોના ખરાપણા વિષે વ્હાઈટ હાઉસે કશો રદિયો આપ્યો નથી એનો અર્થ એ થયો કે આ દસ્તાવેજો તો સાચા જ છે. આ દસ્તાવેજો ફૂટી જવાથી વ્હાઈટ હાઉસ ક્ષોભજનક પરિસ્થિતિમાં મૂકાઈ ગયું છે. આ જોકે પૂરવાર કરી આપ્યું છે કે પ્રમુખ નીક્સનની નીતિ ભારતવિરોધી છે, ભારત પ્રત્યે દ્વેષપૂર્ણની વર્તણૂક કરવામાં આવી છે અને પાકિસ્તાનને ટેકો આપવાની પેરવીમાં તેમણે પાછું વાળીને જોયું નથી. ”

અફસોસ : આખા ય વિશ્વના તમામ [illegible]ઓની આંખે પાટા બાંધી દેવાની કરામતમાં અમેરિકન પ્રજા કેટલી શામેલ છે તેનો આ સમાચાર નાદર નમૂનો છે.

પાકિસ્તાન જેવા ઈસ્લામી રાષ્ટ્રને ટેકો જાહેર કરીને અમેરિકાએ એને લડવાની હિંમત આપી. લડવા માટે ક્રોડો ડોલરનો શસ્ત્ર સરંજામ આપ્યો. અને એ રીતે '૬૨ ની સાલમાં લડાવ્યું, હવે '૭૧ માં લડાવ્યું. બિચારા પાકિસ્તાનને સાવ ખોખરું થઈ જવા દીધું. સાતમા કાફલાના આગમનનો જૂઠો દેખાવ પણ કર્યો.

બંગલા કહો, પાકિસ્તાન કહો કે ભારત કહો.... અંતે તો આ બધા ય દેશોની પ્રજા-હિંદુ કે મુસલમાન-બન્ને ય પ્રાચીન છે.

એ પ્રજાઓ પરસ્પર લડી પડે અને બન્ને પક્ષે જે કાંઈ ખુવારી થાય; બન્ને ય ના રાષ્ટ્રોને જે કાંઈ અહિત થાય એ બધું ય યુરોપીઅન પ્રજાના તો લાભમાં જ છે.

લડાવો, અને દુનિયામાંથી એટલા લોકોને ઓછા કરો. એમ કરતાં એ પ્રજાઓનો નાશ કરો."

(Divide and ruin.)

આ છે બધા, મેલા અને અતિ ક્રૂર જણાતા અંગ્રેજોની એક જ નીતિ.

પાકિસ્તાનની પછી એ લોકોને તો હિન્દુસ્તાનની પ્રજાને ય ખતમ કરવી છે. પણ હાલ તો પાકિસ્તાન તરફ એમની તોપોનું મોં મશરું છે એટલે જ પાકિસ્તાનનું આટલું બધું સત્યાનાશ કાઢી નાંખ્યા પછીય મૈત્રીનો દેખાવ કરવા માટે જેક એન્ડરસનના દ્વારા એવા (જૂઠા;) દસ્તાવેજો પ્રગટ કરાઈ રહ્યા છે જેનાથી વિશ્વને એમ જ લાગ્યા કરે

કે અમેરિકાના પ્રમુખ પાકિસ્તાન પ્રત્યે અપાર મમતા ધરાવે છે. જો આમ થાય તો જ પાકિસ્તાન અમેરિકાની મૈત્રી જાળવી રાખે અને તેમ થતાં ફરી બે–પાંચ વાર પાકિસ્તાનને લડાવી મારવાની અમેરિકાની નેમ પૂરી થાય.

કહેવાય છે કે જેક એન્ડરસન પાસે આવા આવા તો સો જેટલા ગુપ્ત દસ્તાવેજો છે, જેને તેઓ ક્રમશઃ પ્રગટ કરવાના છે.

ખામોશ ! કોઈ એ વાતમાં ભરમાશો નહિ. જેટલા સરળ હૈયાના આપણે હિંદુપ્રજાજનો છીએ એટલાં સરળ હૈયાં અંગ્રેજોના નથી હોં ! એ લોકો કાવાદાવાનિષ્ણાત છે. એમની વાતોને તમારા ભોળપણથી તમે સીધીને સાદી વાંચશો નહિ. નીક્સન જ દસ્તાવેજ (જૂઠા !) પૂરા પાડે અને એન્ડરસન દ્વારા પ્રગટ કરાવે એમ કેમ ન હોય ? રે ! વિશ્વમાં આ જૂઠ ફેલાવવા માટે કદાચ કોઈને પોતાની સત્તા પણ છોડવી પડે: કોઈને મરવું ય પડે તો તે વાતનું તેમને મન જરા ય મહત્વ હોતું નથી. એટલો ભોગ આપતાં પણ વિશ્વને ગેરરસ્તે દોરવી જવાનો જે મોટો લાભ એમને મળી જાય છે એ અત્યંત અસાધારણ બાબત ગણાય છે.

આવા તો સેંકડો હજારો કાવાદાવાઓથી આંતરરાષ્ટ્રીય રાજકારણ ઉભરાએલું છે જો આપણે સાવધાન નહિ બનીએ તો હિંદુપ્રજા અને તેની બળવાન સંસ્કૃતિનો પરિપૂર્ણ નાશ થઈને જ રહેશે,

સમાચાર જૈન : સાપ્તાહિક : ૩-૭-૭૧

"આમ છતાં અને છેલ્લા પાંચ ૭ દાયકાઓ દરમ્યાન આ.. દેશના અને દુનિયાના દેશોના નારીવર્ગે શિક્ષણ, સાહિત્ય, કળા, વિદ્યા સાધના, રાજકારણ, સાહસિકતાના કાર્યો વગેરે અનેક દિશામાં નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરવા છતા આપણે પુરુષની પ્રધાનતાનુ જ પુરાણુ ગીત ગાયા કરીએ છીએ, અને નજર સામેની સ્થિતિ તરફ સા: આખમીચામણાં કરીએ છીએ. એ આપણી બુદ્ધિની બલિહારી છે.'

સમીક્ષા : નારીવર્ગે અનેક દિશામાં નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી હોય તો ય પુરૂષની અપેક્ષાએ તેના કેટલા ટકા ? અનંતાનંત પુરૂષદેહે તીર્થંકરો થયા પછી એક સ્ત્રી દેહે તીર્થંકર થયા તેથી શું તેનું દ્રષ્ટાંત લેવાય ?

વળી પુરૂષપ્રધાનતાની શાસ્ત્રોકત વાતને 'પુરાણું' ગીત કહીને કેવી બેહૂદી રજુઆત આજના બુદ્ધિજીવીઓ કરે છે તો પછી દેવાધિદેવ પરમાત્મા મહાવીર પણ પુરાણા જ છે ને ? એ ય નથી ગમતા શું ? બુદ્ધિજીવીઓને ન ગમતી કોઇ વાત શાસ્ત્રના પાને નીકળી આવે તો ઝટ એ લોકે કહી દે છે કે, "આ તો પાછળથી કોઈએ ઘુસાડી દીધુ છે !" શાબાશ. સારા વેપારીના ચોપડે તમારૂં લેણું નીકળે તો તમે આવો જવાબ દો જોઉં ?

શાસના વિધાનથી તો શું ? પણ ઘટનાઓની વાસ્તવિકતાથી પણ એ વાત સારી રીતે સાબિત કરી શકાય તેમ છે કે ધર્મમાં પુરુષની જ પ્રધાનતા છે.

દા. ગૌતમબુદ્ધની જેમ સર્વ તીર્થંકર પરમાત્માઓએ સ્ત્રીની અવગણના નથી કરી એ જરૂર માન્ય છે પણ તેની

સાથે તેને પ્રધાનતા ન આપતાં ગૌણતા જ આપી છે, એ વાત પણ એટલી જ સાચી છે. આની પાછળ સ્ત્રીને હલકી પાડવાનો લેશમાત્ર આશય નથી. પરન્તુ વિશ્વકલ્યાણકર શાસનના સંચાલનનું તત્ત્વ જોવાયું છે. સહુ કરતાં શાસન મહાન. ધર્મ કરતાંય શાસન મહાન. પર્વદિવસે ઉપવાસ કરવો એ મહાન ધર્મ છે, પરંતુ ગીતાર્થ ગુરુની આજ્ઞાથી એ દિવસે નાનો કોઈ તપ કરવો એ આજ્ઞાનું શાસન એથી પણ મહાન છે.

પુરુષને પ્રધાનતા મળી છે તેની પાછળ એની શાસન સંચાલકતા જ કારણ છે. આ શાસનનું સંચાલકબળ જ્યાં જ્યા વધુ જોરથી ઊપસી આવ્યું ત્યાં ત્યાં માત્ર સ્ત્રીને જ નહિ, પરન્તુ બીજી અઢળક બાબતોને ગૌણ કરી દેવામાં આવી છે. એવા કેટલાક દાખલા આપણે અહીં વિચારીએ

[૧] તીર્થંકરદેવોના સમવસરણમાં કેવળજ્ઞાન પામેલા પરમાત્માઓ પાછળ બેસે છે અને માત્ર ચાર જ્ઞાનના સ્વામી ગણધર ભગવંતો આગળ બેસે છે કેમકે શાસનનું સંચાલકબળ એમની પાસે છે માટે એ અપેક્ષાએ કેવળજ્ઞાની પરમાત્મા પણ ગૌણ ગણાય.

[૨] યોગ્ય શિષ્યને આચાર્યપદનું પ્રદાન કરતી વખતે ગુરુદેવ શિષ્યને જાહેરમાં વંદન કરે છે. એ દ્વારા શિષ્યની પૂજ્યતાને સંઘ સમક્ષ જાહેર કરીને સહુને પોતાના નેતા તરીકે એ શિષ્યને કબૂલવાનું સૂચન કરે છે. અહીં પણ

ગુરુની ગુરુતા ગૌણ બની અને શિષ્યનું સંચાલકત્વ પ્રધાન બની ગયું.

[૩] ચક્રવર્તી ભરતને વીતરાગતા અને સર્વજ્ઞતા પ્રાપ્ત થયા પછી પણ ઇન્દ્ર વંદના કરવા પહેલાં મુનિવેષ પહેરવાની વિનંતી કરે છે. વેષ પરિધાન થયા બાદ ઇન્દ્ર વંદના કરે છે. અહીં પણ સ્વશુદ્ધિ કરતાં ય વિશ્વમાત્રનું કલ્યાણ સાધતાં વેષપરિધાનના વ્યવહારધર્મમાં શાસનસંચાલકતા છે. માટે તેને પ્રધાનતા મળી, અને વીતરાગતા વગેરે ટોચ-ગુણોને ગૌણતા મળી.

[૪] આઠે ય કર્મોના નાશક સિદ્ધભગવંતો ચાર કર્મોના નાશક અરિહંત ભગવંતથી મહાન હોવા છતાં શ્રીનવકારમન્ત્રમાં અરિહંતપદને પ્રથમ સ્થાન અપાયું છે તેમાં પણ અરિહંતદેવોની શાસનસંચાલકતા જ કારણ છે.

આવા તો ઘણા બધા દાખલાઓ આપી શકાય. આમ જયાં જયાં ગૌણતા ગણાવાઇ ત્યાં બધે ય તે તત્ત્વોને કાંઇ તિરસ્કારવામાં નથી આવ્યા. તો પછી સ્ત્રીની ગૌણતામાં તિરસ્કારની ગંધ આજના બુદ્ધિમાનોને કેમ આવે છે એ સમજાતું નથી. હકીકત તો આથી સાવ જૂદી છે. જેનું જે સ્થાન હોય તેને ત્યાં જ રાખવામાં તેની ખૂબ રક્ષા છે: મહત્તા છે. સ્થાનભ્રષ્ટ કરીને કોઇની સાથે સમાન કરવા જવામાં જ તે તત્ત્વને અન્યાય છે; તેની હત્યા છે. બળવાન બળદ જોડે માંદલા બળદને ગાડે જોતરાય તો શું થાય? બે રોટલી માંડ ખાઈ શકનારને આઠ રોટલી ખાવાવાળા

સાથે સમાનતા કરી આપીને પરાણે આઠ રોટલી ખવડાવાય તો શું થાય ?

૨ । સ્ત્રીની ગૌણતાની વાતને કોકે પાછળથી શાસ્ત્રમાં ઘુસાડી છે એમ જો માનવામાં આવતું હોય તો મારો પ્રશ્ન છે કે તીર્થંકર પરમાત્મા મહાવીરદેવે શા માટે અગીઆર પુરુષ ગણધરોમાં એકાદ પણ ચંદનબાળા કે મૃગાવતીજીને સ્થાન નથી આપ્યું ?

અરે ! પરમાત્મા મલ્લિનાથ ભગવાન તો સ્ત્રીદેહે જ હતા ને ? તેમણે શા માટે તમામ પુરુષોને જ ગણધરપદે સ્થાપ્યા ?

૨ ! આપણા વર્તમાન વડાપ્રધાન સ્ત્રી જ છે ને ! તેમણે જ પોતાના પ્રધાનમંડળમાં અરધોઅરધ સ્ત્રી પ્રધાનો બનાવીને સમાનતા કેમ નથી સ્થાપી ? ૩-૪ સ્ત્રી પ્રધાનો લઈને ગૌણતા જ કેમ રાખી ? વિચારજો... પુણ્યવાનો.. આડેધડ અભિપ્રાયો રજૂ કરવાનું સાહસ કરવું તે આત્મહત્યાનો માર્ગ છે એ કદી ન ભૂલશો.

સમાચાર : ફૂલછાબ : ૬-૬-૯૨

"પૂનાની સભામાં વડાપ્રધાને કહ્યું હતું કે 'ભારતનું આધુનિકીકરણ કરવાનું છે પણ, પરંતુ તેના પ્રાચીન વારસાના ભોગે તો નહિ જ. આર્થિક પ્રગતિ અને [illegible] અનુકરણ કરવા માગતા નથી. આપણે આપણી પોતાની સંસ્કૃતિ છે, પરંપરા, છે, ઇતિહાસ [illegible]

છે. આપણે એ વખતે એક મહાન રાષ્ટ્ર હતા અને અન્ય દેશના લોકો શીખવા માટે આ દેશમાં આવતા હતા. ભારતે અન્ય દેશો ગુલામ બનાવવા માટે બળનો ઉપયોગ કદી કર્યો નથી. ઉલટાં ધર્મોનો સંદેશ અન્ય દેશોમાં પ્રસાર્યો હતો "

સમીક્ષા : ભારતના વડાપ્રધાન ઈંદિરાબેનના અંત રમાં પડેલા પ્રાચીન સંસ્કૃતિરક્ષાના એ વિચારને અંતઃ કરણના ધન્યવાદ.

સંસ્કૃતિનો ભોગ લઈને ભારતને સમૃદ્ધ રાષ્ટ્ર નહિ બનાવવાની તેમની ભાવનામાં સુંદર જાગૃતિ દેખાય છે. વડ પ્રધાનના આવા કેટલાક વિધાનો પ્રત્યે સહેજે લાગણીભી બની જવાય છે, પરંતુ એક વાતનું દુઃખ રહ્યા કરે છે જે વાતને વાણીમાં લવાય છે તે વાત અમલમાં જો મળતી નથી. એટલું જ નહિ પણ ઉલટું જોવા મળે તે વખતે મનમાં સંશય પડી જાય છે કે શું સત્તા સ્થાનો ઉપર બેઠેલાઓ આવી વાણીને માત્ર બોલી જવા કળામાં ખૂબ પાવરધા બનેલા હશે ?

એક બાજુ વડાપ્રધાનશ્રી આટલું સુંદર વિધાન છે અને બીજી બાજુ સંતતિનિયમનના કાર્યક્રમોને આશિવ પણ આપે છે. આ શું ? આ બે વાતોનો કદી મેળ પ ખરો ?

વસતિઘટાડો કદાચ ખૂબ અનિવાર્ય રીતે જરૂ મનાતો હોય તો ય તેની રીત શાસ્ત્રનીતિ મુજબના બ્રહ્મ ચર્યના પાલનની હોવી જોઈએ કે વસતિઘટાડો થઈ અંતે સંપૂર્ણ વસતિવિનાશ થઈ જાય એવી રીત હો

જોઈએ ? કૉલેજના વિદ્યાર્થી ભાઈ-બેનો પણ નિરોધના સાધનો સાથે જ રાખીને જો ફરતા હોય તો વસતિઘટાડાની આ તરકીબ વસતિનો કેટલો ભવાડો કરશે ?

સારા કાર્યની રીત પણ એટલી જ સારી હોવી ઘટે. અન્યથા હલકટ રીતોથી તો પ્રજા અને સંસ્કૃતિ-બેય-બરબાદ થઈ જશે.

જૂના વખતમાં વેશ્યાઓ પેટ ભરવા જેટલું પણ માંડ પામતી હતી. હવે કેટલીક વેશ્યાઓ ઇન્કમટેક્ષ ભરે છે તો શું ભારતની તીજોરીને કમાવી આપતા વેશ્યાઓના ધધાની કોઈ પણ ડાહ્યો ભારતીયજન ગૌરવ અનુભવશે ખરો ? દારૂબંધીની છૂટછાટ પાછળ અર્થકારણ જ કામ કરે છે ને ? સિનેમાં ક્ષેત્રના ધૂમ વિકાસ પાછળ લખલૂટ ધનની કમાણીને જ સરકારે નિહાળી છે ને ?

સરકારે યાન્ત્રિક કતલખાનાઓના ઉદ્યોગ પાછળ 'હૂંડિયામણ' રળવા સિવાય બીજો કયો વિચાર પડેલો છે ?

તો પછી ઇન્દિરાબેનની સંસ્કૃતિરક્ષાની વાતો હવામાં જ ઉડે તેમ કહેવું ને ? સંતતિનિયમન, નિરોધ, દારૂ અને કતલખાના વગેરે પાછળ વિશિષ્ટ સહકાર આપવાની નીતિમાં તો ભારતસંસ્કૃતિના મૂળીયાં ઉખેડી નાખવાના [illegible] આ વાત વિચારશે ? [illegible] વિરોધ દૂર કરી દે ?

સમાચાર :

મુંબઇ સમાચાર દૈનિક; તા. ૨૬-૧-૭૨ કુટુંબ નિયોજન સામે શંકરાચાર્યજીનો રોષ

"ગોવર્ધન પીઠ જગન્નાથપુરીના જગદ્‌ગુરુ શંકરાચાર્ય નિરંજન દેવતીર્થ મહારાજે આજે ભારત સરકારની કુટુંબનિયોજન ઝુંબેશની આકરી ટીકા કરી હતી, અને જણાવ્યું હતુ કે આથી તો આવતા સો વર્ષમા હિન્દુઓ લઘુમતિમાં આવી જશે

"તેમણે સરકારની આ ઝુંબેશ સામે લડવા માટે શ્રી સુધ હેન્ડરેના પ્રમુખપદે અખીલ ભારતીય કુટુંબનિયોજનવિરોધી આંદોલન સમિતિ સ્થાપવાની જાહેરાત પણ કરી હતી.

"તેમણે કુટુંબ નિયોજન કાર્ય માટે લોકોને કોઈ પણ જા પ્રોત્સાહન નહી આપવાનુ સરકારને જણાવ્યું હતુ અને કહ્યુ હ કે, "હું આ માટે સરકારને ૬૦ દિવસની મહેતલ આપુ છુ. આ સમય દરમિયાન સરકાર પોતાનાં પગલાં પાછા નહિ ખેંચી તો દેશભરમા આંદોલન ચલાવવા માટે દિલ્હીમાં માર્ચ માસમા ધર્મના સામાજીક સંસ્થાઓના વડાઓની બેઠક બોલાવવામાં આવ

"હુ ભારતના ૪૫ કરોડ હિન્દુઓ વતી ભારત સરકારને રાજ્ય સરકારોને તેમના કાર્યક્રમો તત્કાલ બધ કરવાની સ આપુ છુ"

સમીક્ષા : મોડા મોડા પણ શંકરાચાર્યજી જા તો ખરા. પરન્તુ એમને આંદોલનના માર્ગે સફળતા મ કે કેમ તેમાં મોટી શંકા છે. તેઓ હજી હિન્દુઓને હિ માની રહ્યા છે પરન્તુ વસ્તુત: ઘણી મોટી સંખ્ય હિન્દુપન્ત ઇમુસ્લિમ વિનાની ખ્રિસ્તી પ્રજા બની ચૂકી [હોસ્ટોઅન્મ વિધાઉટ ક્રાઇસ્ટ] પાશ્ચિમાત્ય પદ્ધ

શિક્ષણે નવી પેઢીનું એટલું ભયાનક 'બ્રેઈન–વોશીંગ' કર્યું છે કે પ્રજા આખીને આખી બદલાઈ ગઈ છે. શંકરાચાર્યજીનું શાસ્ત્રસાપેક્ષ સત્ય, આ પ્રજાજનો માટે ઠેકડી ઉડાડવાનો સુંદર ખોરાક પૂરો પાડશે એમ મને લાગે છે.

જો પહેલેથી જ સર્વધર્મના સંતો જાગી ગયા હોત તો પરિસ્થિતિ કદાચ જૂદી હોત. પરન્તુ હવે તો ધાર્યા કરતાં પણ મોડું થઈ ગયું જણાય છે.

એનો અર્થ એ નથી કે, "આપણે હવે ચૂપચાપ બેસી જ રહેવું" ના....જરા ય નહિ. પણ યોગ્ય રસ્તો અપનાવવો જોઈએ, અન્યથા ભયંકર હાંસીપાત્ર બનીને સંતકક્ષાનું ગૌરવ કાયમ માટે તૂટી પડવાનું જોખમ ઊભું થાય

એટલે આંદોલનના રસ્તે વધુ સક્રિય બનવાને બદલે, ધાર્મિક સ્વાતન્ત્ર્યની કલમની રૂએ કોઈ મુદ્દો ઉપસ્થિત કરીને કોર્ટના બારણાં જ ખખડાવવા જોઈએ. 'દુર્બલકે બલ રામ' ની કહેતી મુજબ છેલ્લામાં છેલ્લી–ઘોડી ઘણી મારા કોર્ટની જ રહે છે જો ત્યાં પણ સફળતા ન મળી તો કાયમ માટે ચોકડી નાંખવાનું જ રહે

સમાચાર : "મુંબઈ સમાચાર" દૈનિક "જય જિનેન્દ્ર વિભાગ.

[illegible]

દરેક સંપ્રદાયના ધર્મગુરુઓ તથા સંઘના મોવડીઓએ પોતાના હોદ્દા અને અહંનો ત્યાગ કરવો પડશે, અને થોડી ઘણી બાંધછોડ કરવી પડશે યા તો એક પંથે બીજામાંથી કાંઈક અપનાવવું પડશે અને કેટલીક વસ્તુઓ માટેનો સાંપ્રદાયિક (!) આગ્રહ જતો કરવો પડશે."

સમીક્ષા : "જય જિનેન્દ્ર" વિભાગમાં શ્રી પરીખે એકતા અંગેના વિચારમાં શુભ ભાવનાનો એટલો બધો અતિરેક કર્યો છે કે એ પ્રમાણે અમલ કરવા જતાં કહેવાતી એકતા થતાં થતાં તો સંઘસમસ્તનો નાશ જ થઈને રહે.

આ બંધુએ આગળ વધીને પોતાની મર્યાદાની બહાર જઈને સાધક દશામાં દિગંબર સાધુઓને વસ્ત્ર પહેરી લઈને શ્વેતામ્બરોની સાથે એક થવાની; શ્વેતામ્બર મંદિરોમાંથી ઝાકઝમાળ દૂર કરીને દિગંબરો સાથે એક થવાની; ઘણી બધી જાતની વિચિત્ર વાતો કરી છે. હું પૂછું છું કે શા માટે કોઈએ પણ પોતાની વાત જતી કરવી જોઈએ ? જો એ સત્ય જ લાગતું હોય તો.

કોઈ ઝગડાખોરના કારણે મર્દ માણસ કદી પોતાની સંપત્તિ, યાવત્ પત્ની આપી દઈને શાન્તિ પામવાનું કદી પસંદ કરે ખરો ?

એક માણસ 'બે દુ ચાર' કહે; અને બીજો એની સાથે લડી પડતાં 'બે દુ છ' કહે....ઝગડો પુષ્કળ વધી જાય તો શું શ્રી પરીખ એવી સલાહ આપવા માંગે છે કે ઝગડો મટાડી દેવા માટે બન્ને જણા થોડી બાંધછોડ કરે અને 'બે દુ પાંચ' નક્કી કરીને એકતા કરી લે ! રે !

ગાવી જૂઠાણું ફેલાવતી એકતા કરતાં તો ઝગડો સારો !

કાશ્મીર ખાતર કેમ બાંધછોડ થતી નથી? ચીનાઓએ ભારતની કેટલીક જમીન પચાવી પાડી ત્યારે શ્રી નેહરુએ જાહેર કરેલું કે, "એ જમીન ઉપર તો તણખલું ય ઊગતું નથી માટે ભલેને ચીનાઓ એ જમીન લઈ ગયા !" અરે ! આટલા શબ્દો ઉપર તો વડાપ્રધાન નેહરૂના માથે પસ્તાળ પડી ગઈ હતી તે વાત કોણ નથી જાણતું ?

કદાચ શાસ્ત્રચર્ચામાં ભલેને ગીતાર્થોનો દિગંબર મત સાચો ઠરે ! તો તેને સ્વીકારી લેવાની તૈયારી શ્વેતામ્બરોની રાખવી જોઈએ. પરન્તુ 'બે ટુ પાંચ'ની બાંધછોડ નીતિના નિર્માલ્ય વિચારોને તો કદી પણ અપનાવી શકાય નહિ

વળી સમસ્ત જૈનોની એકતા પછી વૈદિક ધર્મીઓ સાથે પણ શી પરીખ એકતા કરવાના જ હશે ને ? ત્યાર બાદ હિન્દુ-મુસ્લિમ એકતા પણ અપેક્ષિત છે ને ? એ બાદ "એક માનવ" બની તેનો પહેરવા માંગે છે ને ? "એક જ ધર્મ" તેમનું સ્વપ્ન છે શું ? આખરે તો એ ધર્મ ? પરમાત્મિકી જ કે બીજો લાવશો ને ? એટલે આખું જગતને ક્રિશ્ચિયન બનાવી દેવાનો ને ?

દૂધ અને તેજાબનું સંગઠન હિતાવહ ગણાય ખરું?
દૂધ અને તેજાબનું સંગઠન કદાપિ ઇચ્છનીય ન ગણાય.

દોષ દૂર કરો; શાસ્ત્રની વફાદારી કેળવો પછી એ
નિર્દોષ વફાદારોનું આપમેળે સંગઠન બની જ રહે છે.

સમાચાર : "ગુજરાત સમાચાર" તા. ૮-૧૦-૭

"મનાલીના સાધના શિબીરથી રજનીશજીએ નવી પ્રણાલિ પણ શરૂ કરી છે. વીસ શિબીરાર્થીઓએ તેમના આશિર્વાદ લઇ ભગવા વસ્ત્રો ધારણ કર્યાં છે અને ગળામાં માળા પહેરી લીધી છે. આચાર્યજીએ જણાવ્યું કે થોડા સમય માટે પણ સંન્યસ્ત લઈ શકા જેવી રીતે સંસારનો ત્યાગ કર્યો તેવી રીતે સંન્યસ્તનો પણ ત્ય કરી શકાય ભગવા વસ્ત્રો અને માળા ધારણ કર્યા પછી પણ સંન્યાસીઓ પોતાના તમામ સાસારિક કાર્યો ચાલુ રાખી શકે. સંન્યાસ લેનારાઓમા ગુજરાતીઓ, જૈનો, કચ્છી, પંજાબી સિંધીઓ ઉપરાત અમેરિકન અને જાપાનીઝ પણ છે"

સમીક્ષા : જેના પાયા ખૂબ ઊંડા ગયા છે એ તોતીંગ ઇમારત તોડી પાડવા માટે, એની ઉપર સી આક્રમણ ભયંકર વિરોધને નોતરું દે. એના પાયા ઉ સીધાં જ ઘણનાં ઘા મારવાનું કામ પણ એટલું જ મુશ્ છે આવી ઇમારતને ઢીલી પાડી દેવા માટે પ્રથમ એના પાયાને જ ઢીલા પાડવા જોઇએ. તે માટે : અનોખો નુસખો શોધાયો છે.

એ ઈમારતને જરાય અડયા વિના એની બાજુમાં બીજી શાકાહી ઈમારત ઊભી કરવામાં આવે. એ માટે જમીનમાં ખૂબ ઊંડે સુધી પાયા ખોદાય, બસ....તમારી નવી ઈમારતના પાયાનું ખોદકામ જ સઘળી ધરતીને એવી ધણધણાવે કે બાજુની મજબૂત દિવાલો વગેરે આપમેળે તટવા લાગે

કહે છે કે પ્રોફેસર રજનીશજીને ભગવો રંગ પણ ગમી ગયો છે. એની રક્ષા કાજે જ (!) એમણે ભગવા વસ્ત્રધારી આધુનિક પદ્ધતિના સંન્યાસીઓ બનાવવાનો કાર્યક્રમ ઘડી નાંખ્યો છે

આનું પરિણામ ? પ્રાચીન સંન્યાસી સંસ્થાનો પૂર્ણ નાશ ! અને તદ્દન આધુનિક ઢબના–બધી છૂટછાટોને ભોગવવાનો અધિકાર ધરાવતા નવા સંન્યાસીઓની નકલી સંસ્થાને તો કોઈક લપડાક મારીને કોઈ ખતમ કરી દેશે ! ને ! એ સંસ્થા જીવતી રહેશે તો ય મૂળભૂત સંસ્કૃતિને મારવાનું જ કામ કરતી રહેશે

ભગવા વસ્ત્રની સાથે યમનિયમાદિના પાલનનો જો નિયમ ન હોય તો એ [illegible] પહેરી શકાય ખરા ? [illegible]

[illegible]

રૂંવાડું ય હાલતું નથી ! શું આટલી ભયંકર બાબ નગણ્ય લાગે છે ! અફસોસ.

અરે ! એમનો તો એક જ સંગઠિત હાકોટો છે ! એકલા વનકેસરીની સામે હજારો ગાડરના ટોળાં 'બિચારા' જ ગણાય ને ?







સમાચાર : 'ગુજરાત સમાચાર' ૮-૨-૭૨

"સંસ્થા કોંગ્રેસને તેના વડામથક, ૭, જંતરમંતર રોડનો કબજો પુનઃ પ્રાપ્ત થયો છે સબ ડીવીઝન મેજિસ્ટ્રેટ શ્રી એ. ડી. કટીગે આજે સવારે મકાનનો કબજો સંસ્થા કોંગ્રેસને સોંપી દેવાનો આદેશ આપ્યો હતો."

સમીક્ષા : જેના વર્તમાન સર્વોચ્ચ નેતાએ મૂળભૂત કોંગ્રેસમાંથી ઉઘાડો બળવો પુકાર્યો અને જેનાં જબરદસ્ત પુણ્યે જનતાના બહુમતનું પલ્લું એની તરફ નમી ગયું એનું જ નામ શાસક કોંગ્રેસને ! "આમાં કઈ કોંગ્રેસ સાચી ?" એનો ઝગડો કોર્ટે ગયો અને કોર્ટે બહુમતિને લક્ષમાં લઈને શાસક કોંગ્રેસને સાચી ઠરાવી દીધી ! ન્યાયના સામ્રાજ્યની ધરતીમાં આ ભયંકર કડાકો હતો !

ખેર ! પણ પછી મિલ્કતોની વહેંચણીનો પ્રશ્ન આવ્યો ત્યારે સૈદ્ધાન્તિક રીતે સાચી એવી કોંગ્રેસને એ મિલ્કતનો કબજો સોંપવાનો ન્યાય અપાયો.

બાપુની કોંગ્રેસે કદાચ આવા ચુકાદાની કલ્પના પણ નહિ કરી હોય !

આ ઉપરથી એમ લાગે છે કે બહુમતના જ ધોરણે હજી સંપૂર્ણપણે રાજ ચાલતું નથી. જંગી બહુમત 'જાડ' ના પક્ષે હોય તો પણ કાયદાલયો દ્વારા લઘુમતમાં પડેલા સત્યને ન્યાય મળવાની આછી-પાતળી પણ શક્યતા તો ખરી. કદાચ ત્યાં પણ સાચો ન્યાય ન તોળાય તો આ દુનિયામાં તો ન્યાયની આશા કદી રાખવી નહિ શંકરાચાર્યજી વગેરેએ કુટુંબ નિયોજન વગેરે બાબતોમાં આ વાત લક્ષમાં રાખવાની ખૂબ જરૂર જણાય છે.

સમાચાર 'જનસત્તા' ૧૧-૪-૬૧

" મહાસત્તાઓ સત્તાની સમતુલાને નામે નાદિરશાહીને ધન અને [illegible]

ખરેખરો સમય અત્યારે અમેરિકન પ્રજાને પ્રાપ્ત થાય છે કોઈ પણ પ્રમુખને વિશ્વશાન્તિ માટે જેવો સુંદર સમય મળ્યો ન હતો તેવો સમય મને મળ્યો છે."

આ વિધાન અત્યંત ભયાનક છે. બંગલા, વિયેટનામ, બિયાફ્રા વગેરેમાં લાખો માનવોનો સંહાર કરી દેનાર વ્યકિતના મુખમાં વિશ્વશાન્તિ એટલે શું ? જરૂર...એનો અર્થ કોઇ બીજો જ થવો જોઇએ. આ રહ્યો તેનો રહસ્યમય અર્થ: ભૂખથી ભસતા કૂતરાએ અશાન્તિ ઊભી કરી. તમારે શાન્તિ જોઈતી હોય તો તેને કાંઈક ખાવા દઈ દેવું રહ્યું. પણ તેમ કરવાને બદલે કોઈ ક્રૂર માણસ તેને રીવોલ્વરથી શૂટ કરી નાંખે તો ? શાન્તિ તો થઈ જ જાય ને !

યુરોપીઅન લોકો આવી બીજા નંબરની શાન્તિ ઝંખે છે. ગોરી સિવાયની–લાલ, પીળી અને કાળી તમામ પ્રજાને લડાવી મારીને ખતમ કરી દેવી. પછી જગતમાં એકલા ગોરાઓ; અને એક જ ઈસાઇ ધર્મ રહે. ન રહે ઝગડા; ન રહે ટંટા. સર્વત્ર શાન્તિ જ શાન્તિ.

આર્યપ્રજાના તો લોહીમાં જ આવી ક્રૂરતા નથી. બુદ્ધિમાં આટલી કલ્પના નથી. તે આ કાવાદાવા ભરેલ શબ્દોની જાળમાં ફસાઈ જાય તેમાં કશી નવાઈ નથી. પણ જો આપણે હવે ધર્મસંસ્કૃતિને જીવાડવી હશે તો આ પ્રપંચોના અચ્છા જાણકાર બનવું જ પડશે.

સમાચાર · જૈન સાપ્તાહિક : તા. ૪-૩-૭૨

શ્રી પ્રતાપસિંહજીનું નિવેદન

"ધર્મના બાહ્ય ક્રિયાકાંડો, ધર્મના નામે થતા ઝગડાઓ, સામ્પ્રદાયિક વૈમનસ્ય વગેરેને જોઈને યુવક વર્ગ ધર્મથી જ વિમુખ થવા લાગ્યો છે. ધાર્મિક કહેવાતી વ્યક્તિના વ્યાવહારિક જીવનમાં જ્યારે એ તિરસ્કાર, અદેખાઈ, ક્રોધ, મોહ, લોભ વગેરેના પ્રત્યક્ષ દાખલાઓ જુએ છે તો સ્વાભાવિક રીતે જ એ પોતાના મનમાં વિચારે છે કે, "જો ધર્મનું આ જ રૂપ હોય અને આ જ એનું ફળ હોય તો આવા ધર્મની મારે જરૂર નથી" તેથી મારો નમ્ર અભિપ્રાય એ છે કે આપણે આપણી સામાજિક રૂઢીઓ, જુના આચારો અને અંધવિશ્વાસોને બદલવા પડશે મારી શ્રદ્ધા તો એવી છે કે આપણો યુવાન ધર્મથી વિમુખ નથી, ધર્મના નામે થતા ઝગડાઓ અને અંધ ક્રિયાકાંડોથી વિમુખ થયો છે."

સમીક્ષા :– 'પુરી એક અંધેરીને ગંડૂ રાજા'ની એક કવિતા યાદ આવી જાય છે એમાં મૂર્ખ રાજાની [illegible] અપરાધી કરતાં એક ગુનેગારને ફાંસીની સજા ફરમાવાય છે, પણ ગુનેગારનો દેહ ખૂબ પાતળો હોવાથી ફાંસીના મોટા ગાળામાં તેનું ગળું નાનું પડી જાય છે એટલે મૂર્ખ રાજા [illegible] જાડા માણસને ફાંસીએ ચડાવી દેવાનું ફરમાન કરે છે અને એક ખૂબ જાડો [illegible] આફતમાં આવી જાય છે

[illegible] ફાંસીએ ચડાવી દેવાની [illegible]

મુક્ત રહી શકયા નથી. પોતાના એ જ ચિંતનમાં સિનેમ નક્ષલવાદ વગેરેને લક્ષમાં લઈને યુવકોનો તે તરફનો આગમ તેમણે વખોડયો છે, પરંતુ એ બધાયના કારણ તરીકે તો તેમણે આપણી પ્રાચીન ધાર્મિક પરંપરાઓ વગેરેને જ જણાવી છે. ધાર્મિક અનુષ્ઠાનો પ્રત્યેનો કેટલો આઘાતજનક આક્ષેપ છે ? ધર્મના વિષયમાં કાં બેહૂદું, સખ્ત બોલવું એ ઘણાં બંધુઓની ફેશન થઈ છે જમાનાવાદના ઘોડાપૂરને કારણે ધર્મતત્ત્વનું બળ ઓછું થયું છે માટે જ રસ્તે ચાલતા માણસો પણ એને લપડાક મારતા હશે ને ? એની સામે આંગળી કરતા હશે ને ! એની ઠેકડીઓ ઉડાવતા હશે ને ? શાસનપતિ તીર્થંકર પરમાત્મા મહાવીરદેવે જ પોતાના શ્રીમુખે ધાર્મિક અનુષ્ઠાનોના વ્યવહાર માર્ગને ઉપદેશ્યો છે માટે જ એની કલ્યાણકારિતાનો તો વિચાર કરો. જમાનાવાદના નામે એ કઠોર ત્યાગ-તપના અને ક્રિયાકાંડના અનુષ્ઠાનોને શુષ્ક કહી દેવાનું દુઃસાહસ કદી ન કરવું જોઈએ. જેના દ્વારા અગણિત આત્માઓ પોતાનું કલ્યાણ આરાધી ગયા છે એ જ આ અનુષ્ઠાનો છે. આપણને એક વાત શુષ્ક લાગે એટલે જગતની સમક્ષ એને શુષ્ક કહી દેવાનું સાહસ કેમ કરી શકાય ?

વળી યુવાનો ધર્માભિમુખ નથી થતાં તેનું કારણ આજનો ભોગવાદ છે અને ત્યાગી સંસ્થાની એ તરફથી અયોગ્ય ઉપેક્ષા છે. નહિ કે કલ્યાણકારી અનુષ્ઠાનો યુવાનોને ! ધર્મા-

નિર્મૂળ બનાવવાની જે ગૃહસ્થોની ઉમેદ હોય તે ગૃહસ્થોએ પોતાના જીવનમાંથી; પોતાના કુટુંબમાંથી, પોતાની લાગવગ જ્યાં જ્યાં પહોંચે ત્યાંથી; જમાનાવાદના જૂઠે બહેકાવેલી ભોગ-રસિકતાને અને તેના પોષક સાધનોને દેશવટો દેવો જોઈએ. ઊભી બજારે સો સો મીટરના અંતરે દારૂનાં પીઠાં ઊભા કરીને પ્રજા પાસે દારૂ-ત્યાગની તમે અપેક્ષા રાખો તે અત્યંત વધુ પડતી કહેવાય. જો પ્રજાકીય જીવન-માંથી પાપો નાબૂદ કરવા હોય તો દારૂના પીઠાંને જ નાબૂદ કરવા જોઈએ. ગામમાં જ સિને-ટોકિઝ હોય તો રોજ એક સિનેમા પણ જોઈ શકાશે, પરન્તુ પંદર વીસ માઈલ છેટે જ સિને-ટોકીઝ હશે તો અઠવાડીએ એક સિનેમા જોવાનું પણ દુર્લભ બની જશે. એટલે સૌ પ્રથમ જે સામગ્રીએ ભોગવાસના બહેકી ઊઠી છે તે સામગ્રીને ખૂણે ખૂણેથી ખાંતરવી પડશે. પેટનો મળ પ્રથમ કાઢવો પડે, પછી જ ઔષધ અને રૂપેરું અનુપાન કામગત નીવડે

જો આ સ્થિતિ પામવાની વાત ગળામાં જ ન ઊતરતી હોય તો સર્વના પર આગ્રહ કરવાનું [illegible] [illegible] છે

[illegible]

જોવા મળે એ આ જ યુગનું સત્ય છે. ધર્મસિદ્ધાન્તોને ચુસ્ત રીતે વળગી રહેવાની અહાલેક પુકારતાં પ્રવચનોના એકધારા ધોધમાં એકધારું સ્નાન નવી પેઢી કરતી રહે એ વાત જરા ય નવાઇ ભરી નથી. જ્યાં ધર્મશાસ્ત્રને વફાદારીની પ્રતિજ્ઞાબદ્ધતામાં કડાકો પડયો હોય; જ્યાં જમાનાવાદથી મગજનું ડહોળાણ થયું હોય, જ્યાં પ્રાચીન સત્યોમાંથી આત્મવિશ્વાસ ઊઠી ગયો હોય, જ્યાં જીવનમાં શિથીલતા આવી ગઈ હોય ત્યાં આ અપેક્ષા કદી રાખી શકાય નહિ. કેમકે રખેવાળોનું આંતર કલેવર જ બાહ્ય અસરો ઉત્પન્ન કરવામાં ઘણો મોટો ભાગ ભજવતું હોય છે. જો ભોગ સામગ્રીઓને દૂર હડસેલવામાં આવે અને જો સંસ્કૃતિના રખેવાળો પૂરા આત્મવિશ્વાસ સાથે રખોપું કરવા લાગે તો યુવક વર્ગ તો આજે જ ધર્માભિમુખ બને તેમ છે. આટલું સમજાયા પછી યુવકોની ધર્મવિમુખતાના કારણ તરીકે કલ્યાણકારી ધર્માનુષ્ઠાનોને વગોવવાની ભૂલ કદી ન થવી જોઈએ.





સમાચાર : જનશકિત ' તા. ૨૪–૨–૭૨

" ટેમ્પલ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ " સંસ્થાના આશ્રયે અમેરિકામાં કેમ્બ્રીજ વિશ્વવિદ્યાલયમાં ગત ઓકટોબર માસમાં વિશ્વના સર્વ ધર્મોની પરિષદ મળી હતી. "

સમીક્ષા :–હવે તો સહુ કોઇ જાણે છે કે આજનું કાયદાતંત્ર બહુમતવાદી બન્યું છે " જ્યાં બહુમત ત્યાં

કરવાને બદલે, 'શૂટ' કરીને કાયમ માટે શાન્ત કરી દેવાની વિશ્વશાન્તિ જોઈએ છે. આ વાતની સાબિતિ એમના ઉપરાઝા વિશ્વયુદ્ધો અને શસ્ત્રોત્પાદનોના આંકડા જ પૂરે છે. એમાં ય ભારત અને પાકિસ્તાનને પરસ્પર લડાવી મારીને કાયમ માટે ખતમ કરી દેવાની એમની મેલી મુરાદ બર લાવવા માટે જ શસ્ત્રસરંજામના મુખ્ય ગ્રાહકો આ બે યને બનાવ્યા છે! તદ્દન ખરી વાત છે. ઇ. સ. ૨૦૦૦ની સાલમાં થઈ જનારી વિશ્વની ૭ અબજની વસતિને તેઓ સમાવશે ક્યાં ? જો આ રીતે બિનગોરી પ્રજાઓને ખતમ કરી દઈને ધરતીને મોકળી કરવા માટેના કીમિયા આજથી જ ન અપનાવાય તો ?

આ રીતે વસતિઘટાડો કરવા જતાં વસતિભવાડો નહિ થાય

આ વિધાનથી શું ત્રણ કે વધુ બાળકોની માત
ઓને જ ગર્ભપાત કરાવવાની રજા મળે છે કે કુમારિ
માતાઓ વગેરેને પણ રજા મળે છે ?

નિરોધના સાધનોની પાળ બાંધવા છતાં જેને ગ
રહી જાય તેવી અપરિણીતાઓ વગેરેને માટે પણ આ સગ
છે જ ને ? હાય ! તો જે શીલ અને સદાચારના બળ
આર્યદેશની પ્રજા જીવી રહી છે એને હવે સંપૂર્ણપણે ખત
થઈ જવાની દિશામાં જ આ બધા પગરણો છે ને ? વ
તિનો ઘટાડો કરવાના ઉદ્દેશથી (!) અમલમાં મુકાતા આ
કાયદાઓ વસતિ ઘટાડો તો કરશે જ પણ તેની સાથે
ભયંકર વેગથી વસતિ–ભવાડાને ઉત્તેજન આપશે. અને
નિર્વીર્ય, નિર્માલ્ય, કુશીલ વસતિ. નાનકડાં નેપામ બો
ગમે ત્યારે મરી જવા માટે જ જીવતી હશે.

જ્યાં શીલ નહિ હોય ત્યાં બુદ્ધિ પણ નહિ હો
ખમીર પણ નહિ હોય. જે દેશની પ્રજાનું શીલ ખત
તે દેશની પ્રજા ખતમ.

માથાના સખ્ત દુખાવાને પાંચ મિનિટમાં ઉતારી દેવે
ગોળી હાથમાં આવતાંની સાથે, ઝટ મોંમાં મૂકી ન દેના
જો અડધા કલાક પછી ' હેમરેજ ' નું રીએકશન આવવાની
એક ટકાની પણ ત્યાં શક્યતા હોય તો, ક્યાં ગ
બુદ્ધિમાનો ! કેમ આ દૂરદેશિતા અપનાવાતી નથી ? એ
તે કેવી વળગી પડી છે; ભારતી વિચારોની ગુમાની

સમાચાર 'જનમત [illegible] માટે'—શ્રી [illegible]

"તેની પરંપરા-પ્રણાલિકાઓને માન ન અપાતું હોય ત્યાં ત્યાંના કોઈ સ્થળે સ્થિર લોકશાહી (!) સફળ ન થાય. ઈંગ્લેન્ડ તરફ જુઓ, તેઓ સૌથી વધુ રૂઢિચુસ્ત લોકો છે. અમેરિકનો પોતાની પરંપરાઓને જાળવી રાખવા માટે કેવા કેવા યત્નો કરી રહ્યા છે. [illegible] જ્યારે [illegible] જમાવી રહ્યો હતો ત્યારે [illegible] કેવી રીતે [illegible] માટે [illegible] [illegible] કહ્યું છે. [illegible] સુધી [illegible] પરંપરાને સન્માને છે, ત્યાં સુધી પૂર્ણ અને મુક્ત [illegible] કરે છે, પોતાના વડીલોને સન્માને છે, [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

વ્હેલ માછલી (આર્ય પ્રજા) ગમે તેટલી બળવાન હોય; એના પડખાનાં એક જ સળવળાટમાં મોટી દેત સ્ટીમરને એ પાતાળ ભેગી કરી દેવાની પ્રચંડ તાકાત ધરાવતી હોય તો ય પાણી (પરંપરાની સંસ્કૃતિ) વિના એ બિચારી છે; બકરીથી પણ દુબળી છે.

સમાચાર : જનસંઘ ગતિવિધિ-વર્ષ ૨; અંક. ૨૪ "જનસંઘ એકમાત્ર વિકલ્પ"

" પહેલી વાર મતદાનકો યહ અવસર મિલા હે કિ વહ અપને
તાધિકારકા પ્રયોગ, મુખ્ય રૂપસે પ્રદેશસ્તરકી ઉન સમસ્યાઓંકે
ામને રખ કર કરે, જો જનજીવન કે અધિક નિકટ હૈ. ઔર
ત યહી અવસર હે જબ જનતા સ્વયં નિર્ણય કરે કે સત્તારૂઢ
ને અપને વાયદે પૂરે કિયે અથવા નહી, સચ તો યહ હૈ કી પાર્ટીમે
ઔર અલગાવ કે બાદ કોંગ્રેસ કી રાજનીતિકા સમૂચા સ્વરૂપ
સા રહા કી ભારતીય રાજનીતિમે ઉસસે ગંભીર અસ્થિરતા આયી
સક દલને દલ-બદલકો એક વ્યાપક વ્યવસાય બના દીઆ. પાર્ટીકે
કાલિક સ્વાર્થોંકો પૂરા કરનેકે લિએ રાજ્યપાલ કે ઊંચે પદકા ભી
યોગ કિયા જાતા રહા હૈ. ઇસ પ્રક્રિયામે સંવિધાન નિષ્પ્રાણ
ગયા હૈ. પ્રાદેશિક સ્વાયત્તતા એક મજાક બન ગઈ હૈ ઔર
એકદલીય તાનાશાહી કે રાસ્તે પર ઢકેલા જા રહા હૈ. ૧૯૪૭
૧૯૬૭ તક કે બીસ વર્ષમેં કોંગ્રેસને અપને વિશાલ બહુમત કે
પ્રમુખતઃ ભ્રષ્ટાચાર, મહંગાઈ, બેરોજગારી ઔર અપને
કાર્યોંકે શર્મનાક પ્રદર્શન હી દેશ કો દિયે હૈ. કાંગ્રેસકા
ચાહે કિસીના દક્ષિણ યા પશ્ચિમે દેખા જાય, અસહનીય હૈ "

સમીક્ષા :–જનસંઘ-પાર્ટીએ કોંગ્રેસ-પાર્ટીની વીસ વર્ષની કારકીર્દીની સખ્ત સમાલોચના તો કરી પરન્તુ આટલી હદ સુધીના ભ્રષ્ટાચારો વગેરેનું જે મૂળ છે તેનો તો પોતે જ સ્વીકાર કર્યો છે ! વર્તમાનમાં મતાધિકારનું જે ધોરણ છે એણે જ આ અંધાધૂંધી ઊભી કરી છે આર્યદેશમાં પૂર્વે પણ મતાધિકાર તો સહુને હતો પણ [illegible] આર્ય અભિપ્રાય ધરાવતો હતો કોઈ પણ માણસને કોઈ પણ બાબતમાં અભિપ્રાય આપવાનો અધિકાર હતો, પરન્તુ બધાયના અભિપ્રાયો સાંભળ્યા પછી 'શું કરવું ?' તેનો નિર્ણય કરવાનો અધિકાર તો એક જ શ્રેષ્ઠ બહુમાન્ય-પુરુષને જ હતો. આજે મતાધિકારનો અર્થ-માત્ર એટલો [illegible] વોટ આપવાનો અધિકાર [illegible] આમાં નાગરિક અને [illegible] સમાન ગણાતું છે ! [illegible]

એટલે જો મતાધિકારનુ આજનું અનિચ્છનીય તત્વ દૂ
નહિ કરાય તો જનસંઘ પણ પ્રજા અને સંસ્કૃતિનું કલ્યા
કરી શકે તેમ નથી. સુરાજ્ય તો શિષ્ટમતિથી ચાલે
બહુમતિ મૂર્ખાની જ હોય; એની પાસે સુરાજ્યની આશ
પણ ન રખાય. આવા સુરાજ્યનું પુનઃ સ્થાપન જો કરવું
હશે તો આપણી ભૂતકાલીન ધર્મપ્રધાન ચાર પુરુષાર્થ
સંસ્કૃતિ તરફ નજર કરવી જ પડશે. પાશ્ચિમાત્ય પદ્ધતિ
ઘાતકી નીતિઓને સંપૂર્ણપણે દેશવટો દેવો પડશે.





સમાચાર : "જૈન" સાપ્તાહિકનો અગ્રલેખ તા.
૮-૪-૬૨

"આ યોગસારનો બીજો પ્રસ્તાવ 'તત્ત્વસારોપદેશ' નામે
એમા માનવી મતાગ્રહ કે કદાગ્રહમા સત્યનો માર્ગ ભૂલી ને તત્
ધર્મભાવનાથી કેવો વિમુખ બની જાય છે એ હૃદયસ્પર્શી વાણી
સમજાવીને માનવીને તળગેની પાયાની કમજોરી તરફ આંગળી ચીં
વામા આવી છે. તિથિચર્ચા જેવા મતભેદો, આત્મકલ્યાણની દૃષ્ટિ
કેવા નિરર્થક છે તે સમજાવતો આ પ્રસ્તાવનો નીચે મુજબનો ર
શ્લોક સૌએ મનન કરવા યોગ્ય છે.

નાચેલો, મુખવસ્ત્ર ન, ન રાકા ન ચતુર્દશી ।
ન શ્રાદ્ધાદિ પ્રતિષ્ઠા વા, તત્ત્વ કિન્ત્વમલં મનઃ ॥ અર્થ
વસ્ત્રનો છેડો કે મુખવસ્ત્ર-(મુહપત્તિ) તત્ત્વ નથી, પૂર્ણિમા કે ચતુર્
તત્ત્વ નથી કે શ્રાવકોએ કરાવેલી પ્રતિષ્ઠા વગેરે પણ તત્ત્વ ન
પરન્તુ નિર્મળ ચિત્ત એ જ તત્ત્વ છે.' જો સત્યને સમજા

શીખવાની અને એ મુજબ વર્તવાની આપણી તૈયારી હોય તો શાસ્ત્રોના [illegible] આવાં કંઈ કંઈ મોતી મળી શકે છે.”

સમીક્ષા :–મનફાવતું શાસ્ત્રમાંથી પકડી લેવાની [illegible] જ અનુચિત મનોવૃત્તિ આજના લેખકોમાં ખૂબ [illegible] [illegible] જોવા મળે છે. ઉપરનું વિધાન એ વાતનો [illegible] નમૂનો છે. શ્રી જિનશાસ્ત્રોમાં નિશ્ચયનય અને વ્યવહારનય–બન્નેયનો [illegible] વિચાર કરવામાં આવ્યો છે જ્યાં જે નયની વિવક્ષા હોય ત્યાં તે જ નયને પ્રાધાન્ય આપવા[illegible] તેની જ પુષ્ટિ [illegible] એકલા નિશ્ચયનયના પાઠ [illegible] વિધાનો મળી શકે છે, તેમ વ્યવહારનયના પણ પુષ્કળ [illegible] મળી શકે છે અને એ બન્નેયના [illegible] [illegible] [illegible] મળી શકે છે [illegible] રીતે, જેમને આપ-

રે ! જે પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ અધ્યાત્મસારમાં કહ્યું કે, "વ્યવહારમાં ધર્મ માનનારાઓ તો ભ્રષ્ટ વિજ્ઞાનીઓ છે, એ લોકો ભયંકર સંસારમાં ભ્રમણ જ કરતા રહેશે," એ જ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાએ એ જ ગ્રન્થમાં એમ પણ કહી દીધું છે કે, "જો જો, વ્યવહારના ધર્મોને આત્મસાત્ કર્યા વિના નિશ્ચયમાં ઊતરી પડતા નહિ, એ તો નાનકડું તળાવ તરવાને અસમર્થ માણસનું સાગર તરવા નીકળવા જવાનું મહા દુઃસાહસ ગણાશે."

હવે પહેલી જ વાત પકડી લેવાય અને બીજી વાત ન પકડાય તો તે કેટલું અનુચિત ગણાય ?

જે પૂ. હરિભદ્રસૂરિજી મહારાજાએ, "શ્વેતાંબર હો કે દિગંબર, બુદ્ધ હો કે કોઈ બીજા હો, પણ સમભાવ એ જ મોક્ષનો માર્ગ છે" એમ કહ્યું. એ જ સૂરિજીએ સેંકડો સ્થાને સમ્યક્ત્વ અને મિથ્યાત્વની વાતો કરી પડ્દર્શન સમુચ્ચય ગ્રન્થમાં પરધર્મોના એકાન્તનું સખ્ત ખંડન કર્યું.

આવા તો ઢગલાબંધ દૃષ્ટાન્તો આપી શકાય. પણ અફસોસની વાત છે કે ગૃહસ્થવર્ગમાંથી શાસ્ત્રાધ્યયન લગભગ નાબૂદ થઈ જવાના કારણે ગમે તે માણસ ગમે તેવી વાતો ફેલાવતા રહે છે.

કોઈ પ્રચારે છે ઉત્તરાધ્યયન સૂત્રનો શ્લોક, કમ્મુણા બંભણો હોઈ, તો કોઈ પ્રચારે છે, પૂ. આનંદઘનજીનું પદ, 'રામ કહો રહેમાન કહો,'

કોઈ જોરથી લલકારે છે. ભવણીન્તં ક્રુરજનના, તો કોઈ સાદ પાડીને બોલે છે 'પક્ષપાતો ન મે વીરે.'"

પરન્તુ નિગ્રંથની જેટલા જ બળવાન ગણાતાં વ્યવહારની લાંબા ઉક્તિઓને ગણતા હોય તો ય ઘટનામાં લાવના જ નથી.' આ તે કેવી ઠગબાજી!"

સમાચાર : ગુજરાત સમાચાર તા. ૧૩-૪-૬૨ ભગવાન મહાવીરના ૨૫૦૦ મા નિર્વાણ મહોત્સવમાં ઉ. પૂ. ૫૦ લાખ ખર્ચશે.

" આ સમાચાર પ્રમુખપદેથી [illegible] કહ્યું કે, ભગવાન મહાવીર [illegible]

ભયાનક આક્ષેપો ! આમ છતાં ભારતીય ગવર્નમેન્ટને રાજસ્થાન સરકારે આવા ગલીચ પુસ્તકોને સ્વીકૃતિ આપી !

તીર્થંકર પરમાત્મા મહાવીરદેવે માંસાહાર કર્યાનું એક ભયાનક જૂઠ આવી જ રીતે કેટલાક વર્ષો પહેલાં પ્રસારિત કરાયું હતું. એનો વિરોધ થતાં સ્વ. વડાપ્રધાન નેહરૂએ આશ્વાસન આપ્યું : અને છતાં છેવટે ભારતની ચૌદ ભાષામાં એ પુસ્તક પ્રગટ થઈ ગયાનું જાણવા મળ્યું છે !

વૈદિક ધર્મ કે જૈનધર્મ પાળનારા હિંદુ પ્રજાજનો ગૌરવવંતા તત્ત્વોને કેવી કુનેહથી ખતમ કરાવાઈ રહ્યા છે !

ધર્મ સ્વાતન્ત્યની કલમનો લાભ તો હાકોટા પાડીને ડરાવી શકે તેવા મુસ્લિમો ભોગવે છે; અથવા એનો સૌથી વધુ લાભ તો ભારતમાં અડ્ડાઓ નાંખીને પડેલા ખ્રીસ્તી પાદરીઓ ઉઠાવે છે. ધર્મસ્વાતન્ત્યની કલમ નીચે એ લોકોએ તો ભારતીય સંસ્કૃતિ માટે ભયજનક એવી વટાળ પ્રવૃત્તિને બેહદ વેગથી ઉપાડી છે. ભારતના નાગાલેન્ડનું ખ્રીસ્તી રાજ્ય એ આનું જ પરિણામ નથી તો બીજું શું છે ?

જો હિંદુ પ્રજાજનોનું હિન્દુત્વ જાગશે નહિ તો કેટલાક સૈકાઓ પછી ભારતમાં એક હિંદુ બચ્ચો શોધ્યે જડશે નહિ. તમામ હિન્દુઓ સ્મશાનમાં સૂતા હશે હા વિના યુદ્ધે પરિપૂર્ણ વિનાશ પામીને.

સમાચાર : (૧) જનસત્તા ૧૩-૪-૭૨ "વિદેશી કન્યા સાથે લગ્ન કરો અને વિદેશી કાર મેળવો"

"તમે જો કોઈ વિદેશી કન્યા સાથે લગ્ન કરો તો તમે વિદેશી મોટર પણ મેળવી શકો. નવા આયાત નિયમો હેઠળ સરકાર હવે આ સવલત પૂરી પાડે છે. એક કોંગ્રેસી સભ્ય શ્રીચન્દ્રશેખરે આજે રાજ્યસભામાં જણાવ્યું હતું"

સમાચાર : (૨) મુંબઈ સમાચાર ૧૧-૩-૭૨ રાષ્ટ્રપતિ ગિરિ સામે ફેંકાયેલા ચંપલ અને જોડા.

"રાષ્ટ્રપતિશ્રી આજે લખનૌ યુનીવર્સીટીના સુવર્ણ જયંતિ મહોત્સવના પદવીદાન પ્રવચન કરવા ઊભા થયા ત્યારે તોફાની દેખાવો થયા હતા અને સંખ્યાબંધ વિદ્યાર્થીઓએ મંચ પર ચંપલ અને બુટ ફેંક્યા હતા. પોતાને મળેલા ડીગ્રીનાનું સર્ટીફીકેટ સળગાવી દેનાર એક વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે, મારે નોકરી જોઈએ છે ડીગ્રી નહિ."

સમાચાર (૩) : મધર ઈન્ડીઆ માર્ચ ૭૨ (અંગ્રેજીનો ભાષાનુવાદ)

સમીક્ષા :–ઉપરના ત્રણેય સમાચાર વાંચતા તમ્મર આવી જાય તેમ છે. આ આર્યસંસ્કૃતિનાં કેવા હાલ-હવાલ થઈ રહ્યાં છે ? પ્રજાએ જેને ચૂંટીને સત્તાની ખુરશી બેસાડયા એ માણસોની ટોળી વિદેશી કન્યાઓ સાથે લ: કરવાની હિમાયત કરે ? એ માટે વિદેશી મોટરની લાચ જાહેર કરે ? આ સત્તાધારીઓ આર્ય છે કે અનાર્ય ? આ આર્યો જાતે જ પોતાની આર્યપ્રજાનું બીજ કોહવીને ખતમ કરી દેવાની ક્રૂર યોજનાઓ અમલમાં મૂકે છે શું ? હાય ! વિદેશી સૂત્રધારની કઠપૂતળી બનેલા આ દેશી અંગ્રેજો દયાપાત્ર છે ! એમને જ બિચારાઓને ખુરશીની પડી એ જો સચવાઇ જતી હોય તો 'જેમ કહો તેમ કરવા એ તૈયાર જ છે ! અરે ! પણ તો પછી આર્યસંસ્કૃતિ શું ? સંસ્કૃતિનો નાશ થયા પછી આર્યપ્રજાના અસ્તિત્વનું શું ?

બનારસ યુનીવર્સીટી જેવી સંસ્થા કે જેના પાયામાં સંસ્કૃતિની રક્ષાના ઈંટ-ચૂના નંખાયા હતા–તેની બે વિદ્યાર્થીનીઓએ પરસ્પરના લગ્ન મંજૂર કરાવવા કોર્ટ અરજી કરી હતી ! અહા ! છતાં ય વિદેશીઓના પોપટ સમા બુદ્ધિજીવીઓ આ પ્રજાનો વિકાસ થતો હોવાનું જોરશોરથી કહી રહ્યા છે ! હા....વિકાસ ખરો....પ્રગતિ પણ ખરી...પરન્તુ ભ્રષ્ટાચારમાં; વિષય લંપટતામાં, અનૈતિક જીવનમાં....શીલ, સદાચાર અને ન્યાય, નીતિની ગાડીઓ તો ન પૂ.! વિનાશની ખાઈ તરફ જ ધસી રહી છે !

સમાચાર 'જનશક્તિ' તા. ૨૮-૩-૬૨ મંદિરો બાંધવા પરવાનગી લેવી પડશે.

"નવેસર દેરાંએ મંદિર બાંધવા માટે પહેલા સરકારની મંજૂરી લેવાનો કાયદો ઘડવાનું તાત્કાલિક સરકાર વિચારી રહી છે"

સમીક્ષા - ધર્મદ્રોહીઓના સરકારનો આ સીધો હસ્તક્ષેપ નહિ તો બીજું શું છે? મંદિરોનું બાંધકામ સરકારની દેખરેખ નીચે થાય એટલે ત્યાં ધર્મદૃષ્ટિને બદલે શિલ્પ, સ્થાપત્યની જ દૃષ્ટિ રહેશે. મંદિરોને પ્રવાસીઓના આકર્ષણની દૃષ્ટિએ જ સર્જન કરવાનો આશય આવ્યો. શ્રી સિદ્ધાચળજીના પવિત્ર તીર્થ ઉપર પચાસ લાખ રૂપિયાના ખર્ચે 'રોપ-વે' કરવાની યોજના આકાર લઈ રહી છે

સમાચાર : " મુંબઇ સમાચાર " : તા. ૨૧-૩-૭૨

" સીધા કરવેરા તપાસને લગતી વાન્ચુ સમિતિ જેનો ૩૧૫
પાનાનો અહેવાલ લોકસભા સમક્ષ આજે રજૂ કરવામાં આવ્યો હતો
તેમાં સમિતિએ જણાવ્યું છે કે કરવેરાના ભારે દરો એ જ કર
ચોરીનુ સૌથી પહેલું અને મુખ્ય કારણ છે.

સમિતિએ જણાવ્યુ છે કે, જ્યાં સુધી કરવેરાના "માર્જીનલ"
દરો કમાણીના નાણાં જપ્ત કરવા જેવા હશે ત્યાં સુધી કરચોગી
કરવી અથવા કરવેરામાથી છટકી જવું એ સમાજ-વિરોધી કૃત્ય છે
એવું જાહેર પ્રજાને ગળે ઉતારી શકાય એમ નથી "

સમીક્ષા :–આધુનિક શિક્ષણને પામેલા શિક્ષિતો
પણ કેટલીકવાર એવી વાતો કરે છે કે સાનંદ અચંબો
પામી જવાય છે. કેમકે આજના એક તરફી શિક્ષણ પામેલા
શિક્ષિતો પાસે સચોટ સત્યને સમજવા જોગી બુદ્ધિની અપેક્ષા
રાખવી મુશ્કેલ છે.

વાંછુ સમિતિના ઉપરોક્ત વિધાનમાં એ તાત્પર્ય
સ્પષ્ટ જણાવાયું છે કે ઊંચા કરવેરાથી લોકોના નાણાં
જપ્ત કરવા હશે તો કરચોરીને સમાજ-વિરોધી કૃત્ય કેમ
સાબિત કરી શકાય ?

આ વાત ઘણા લોકો વિચારતા હશે પરન્તુ આટલી
સ્પષ્ટ રજૂઆત હજી સુધી સાંભળવા મળી નથી.

આર્યપ્રજાને પચ ધર્માર્થે જીવવું તો છે જ. મરી
જવા માટે એ પ્રજા જન્મી નથી. મારી નાખનારાઓના
હાથે મરી જવાની નિર્બળતા એના લોહીમાં નથી.

મારવાની અનેક રીતો હોય છે. એમાં વધુ પડતા

કરવેરા પણ મારી નાંખવાની અનોખી રીત જ છે.

પ્રજાએ પોતાના પુણ્યે અને પુરુષાર્થે પ્રાપ્ત કરેલું [illegible]ધન એમ તો શી રીતે આપી દે ? હા.... અમુક નાનકડી [illegible]મર્યાદાપૂર્વકની માંગણી હોય તો એને વિચારી શકે; પરન્તુ [illegible]લૂંટારુંની જેમ લૂંટ ચલાવવા જેવો ભાસ થતો હોય તો [illegible]કાનૂની છૂટીને પણ ધનની રક્ષા કરે તેમાં તેને ગુન્હેગાર [illegible]શી રીતે કહેવો ? એક લૂંટ ગેરકાયદેસરની છે તો બીજી લૂંટ કાયદેસરની છે. પણ તેથી લૂંટ તે લૂંટ જ છે. દારૂ ગેરકાયદેસરનો પીવાતો હોય કે લાયસન્સનો પીવાનો હોય તેથી કાંઈ દારૂના પાપમાં ફેર પડી જતો નથી. દારૂ તો [illegible] જ છે.

આમ કાયદાના ખંજરેથી જો ધન નીચોવી લેવાની [illegible] કરવામાં આવે તો પછી જીવન જીવવા [illegible] [illegible] ધર્મપ્રિય પ્રજાએ એ ધન બચાવવાની [illegible] [illegible] કર્યું લાગતું નથી [illegible] પોતાના જ [illegible] [illegible] બંદૂકના જોરે [illegible] [illegible] કરવો [illegible] [illegible] [illegible] છે

આત્મા, અનુકંપા અને નીતિની વાતો વચ્ચે લાવીને આપણે આપણી જાતને જ છેતરતા હોઈએ છીએ. વાસ્તવમાં તો મૃત્યુ ઝંખતા માનવને ચાલુ રિબાવા દેવો એ એક પ્રકારનું પાપ છે, કાયદામાં દયાપ્રેરિત હત્યા (Euthanasia) ની જોગવાઈ હોવી ઘટે છે ન એના અમલ માટે નિષ્ણાત ડૉકટરોની એક પેનલ રચવી ઘટે છે સામાન્યત; માનવી મૃત્યુ ઈચ્છતો નથી અને એ મૃત્યુ ત્યારે જ ઝંખે છે, જ્યારે એનુ દરદ અસહ્ય હોય, તેથી જ્યારે તે પોતાની જિંદગીનો અંત આણવાનું નક્કી કરે ત્યારે તેને તેમ કરવા દેવો જોઈએ સ્વૈચ્છિક મૃત્યુ એ માનવીનો એક મૂળભૂત અધિકાર મનાવો જોઈએ. દયાપ્રેરિત હત્યા નૈતિક દૃષ્ટિએ પણ યોગ્ય છે.હકીકતમા તો એક દરદી કે જે કોઈ મટી ન શકે એવા ભયંકર રોગથી પીડાતો હોય તેની દયાપ્રેરિત પીડા રહિત હત્યા કરવી એ એક સુકૃત્ય લેખાવું જોઈએ. એક માનવી કે જેણે પોતાનું સારુય જીવન સુખમા વીતાવ્યુ હોય તેને અ સમયે દુઃખ ભોગવવા શા માટે દેવો ? વૃદ્ધાવસ્થામા જેને માટે સુખ શાંતિ અને આનંદનો કોઈ સંભવ ન હોય અને દરદ, દુઃખ - દારિદ્રયને લીધે જેને જિંદગીનો એક એક દિવસ એક એક વર્ષ જેવો લાગતો હોય તેને સ્વેચ્છાએ મરવા શુ કામ ન દેવો ? યુવાન પણ પોતાને વૃદ્ધાવસ્થામા રિબાવુ નહિ પડે એવી હૈયાધારણને લીધે પોતાનુ યૌવન વધુ મોજથી માણી શકે એક જીવન કે જે વીત્યુ હોય તેનો અંત પણ સુખમા જ શા માટે આવવા ન દેવો ! આમે ય પૈસાને અભાવે પોતાની અંધારી ઓરડીમા કે ગંધાતા ઝૂંપડામાં તથા યોગ્ય સારવારને અભાવે કે બેદરકારીને લીધે આપણી જનરલ હૉસ્પિટલોમા કેટલાય દરદીઓ રોજ મરતા જ હોય છે ને આ પણ એક પ્રકારની, જો કે નકારાત્મક (negative) પણ દયા જ છે ને !!

તો, આપણા દેશમાં કે જ્યાં આજે દરદ, દુઃખ અને દારિદ્રય

પણ હવે આ સમય આવતાં ય વાર નહિ લાગે તેમ મને દેખાય છે; કેમકે આવા વિચારનો વિરોધ કરનારા બુદ્ધિજીવી લોકોએ જ યાન્ત્રિક કતલખાનાઓને અનુમોદન આપી દીધું છે. ખાટકીના છરાથી રિબાઈને પશુ મરે તે કરતાં યાન્ત્રિક સાધનથી એક જ સેકન્ડમાં ખતમ કરી દેવામાં 'પોઝીટીવ' કક્ષાની (!) દયા સ્વીકારાઈ ચૂકી છે. આજની પ્રજાનું આ મોટામાં મોટું દુર્ભાગ્ય છે કે તેણે દરેક વાતમાં દીર્ઘદૃષ્ટિથી વિચાર કરવાની બુદ્ધિ જ ખોઈ નાખી છે.

નિરોધ, નસબંધી અને ગર્ભપાતના મહાપાપિષ્ઠ પ્રચાર દ્વારા પ્રજાને નીચેથી ખતમ કરાતી જાય છે. હવે દુઃખિતો, પીડિતો, વૃદ્ધોને ઉપરથી ખતમ કરવા માટેના કાર્યક્રમને અમલી બનાવવા માટે આવી વિચારણાઓનો આરંભ થઈ ચૂકયો છે. પણ હજી આ અમલ કારગત બનાવવા માટે ભૂમિકા થશે. વૃદ્ધાશ્રમો જંગી સંખ્યામાં ભારતભરમાં સ્થપાશે. એ સગવડનો લાભ ક્રોડો બાળકો-યુવાનો લેશે અને પોતાના વૃદ્ધ મા-બાપોને વૃદ્ધાશ્રમોમાં દાખલ કરી દેશે ! બસ; આ રીતે ઘરમાંથી છૂટા કરાએલા એ વૃદ્ધોને દયાપ્રેરિત ખૂન દ્વારા ખતમ કરવાનું કામ ખૂબ સહેલું બની જશે.

આ જમાનાના ચિંતક ગણાતા એક ભાઈએ, ભારતા કાંઠે સ્ટીમર ડૂબતી જતી હોય ત્યારે દેશ માટે ખૂબ ઉપયોગી યુવાનોને બચાવી-લેવા માટે દેશ માટે નકામા, એવા

વિસ્તારો પૈકી સાબરકાંઠા અને બનાસકાંઠા જીલ્લાના આદિવાસી વિસ્તારોમાં કુટુંબનિયોજન સામે ભારે ઉહાપોહ જાગ્યો છે કુટુંબ નિયોજન ખાતા તરફથી ફરતી સફેદ રંગની જીપગાડીને જોતા જ આદિવાસીઓ હુમલો કરવા ધસી જતા હોય છે. : કારણે હમણાં આવી સફેદ જીપો આદિવાસી વિસ્તારોમાં ફર ઓછી થઈ છે.

આદિવાસીઓ કુટુંબનિયોજન કાર્યક્રમ હેઠળ નસબંધી કાર્યક્રમ કટ્ટર વિરોધ કરી રહ્યા છે અને જે કોઈ ઉમેદવાર તેમને મળ જાય છે તેમની પાસે કુટુંબનિયોજન ખાતું બંધ કરવાની પ્રહે માગણી કરતા હોય છે. તેઓ એવી દલીલ કરી રહ્યા છે કે સરકા આદિવાસીઓને નપુંસક બનાવવા માગે છે આ અંગે સાચી પરિ સ્થિતિથી વાકેફ કરવા કાર્યકરો અને સરકારી અધિકારીઓએ અથા પ્રયાસો કર્યો છતાં આદિવાસીઓ કોઈનુ માનવા તૈયાર હોય તે લાગતું નથી.

સમાચાર : [3]

સંદેશ તા. ૨૪–૫–૭૨

પૂર્વ જર્મનીમાં વધુ બાળકો માટે પ્રોત્સાહન

ભારતમાં કુટુંબનિયોજન માટે પ્રોત્સાહન અપાય છે જ્યારે પૂર્વ જર્મની (જી. ડી. આર)મા વધુ બાળકો પેદા કરવા માટે પ્રોત્સાહન અપાય છે.

પૂર્વજર્મનીમા ૨૬ વર્ષની નીચેના દંપતીને વગર વ્યાજે ૪૦૦૦ માર્કની લોન આપવામાં આવે છે પહેલુ બાળક થતાં ૧૦૦૦ માર્ક, બીજુ બાળક થતા બીજા ૧૫૦૦ માર્ક અને ત્રીજુ બાળક થતાં

બાળકોના ૨૫૦૦ માર્ક માફી વાળવામાં આવે છે આ સિવાય દરેક બાળકે એક હજાર માર્ક કુટુંબને આપવામાં આવે છે.

મુંબઈ ખાતેના જી ડી આર.ના કોન્સલ મિ. વીડનેરે આજે અહીં પત્રકાર પરિષદમાં આ માહિતી આપી હતી.

સમીક્ષા :– કુટુંબ નિયોજનના સરકારી કાર્યક્રમને લગતા ઉપરોક્ત આ સમાચાર ધ્યાનથી વાંચો. થોડા જ સમય પહેલાં 'જયહિન્દ' નામના દૈનિકમાં 'યુરોપ ખાલી થતું જાય છે' એ મથાળા હેઠળ સંતતિનિયમનને સખત રદ કરવાની વાતની તરફેણ કરતો વિચાર જોરદાર ભાષામાં રજૂ કરાયો હતો. ઉપરોક્ત બીજા સમાચારમાં પૂર્વ જર્મની સરકારે વધુ બાળકો માટે વધુ ઈનામોની જાહેરાત કરી છે આવી જાહેરાતો બીજા ઘણા દેશોમાં થઈ છે આમ જ્યારે પરદેશો 'વધુ બાળકો' ની ઝુંબેશ તરફ વળ્યા છે ત્યારે હિન્દુસ્તાનની સરકાર બાળકો ઓછાં કરવાની વાત કરે છે

તેથી વસતિ ઘટાડો થતાં-સાથે સાથે-વસતિભવાડો-પણ વેગથી થશે; જે અંતતઃ તો વસતિના સર્વનાશ તરફ ઢળતો જશે.

ક્રોડો રૂપીઆનો આ ભયાનક કાર્યક્રમ પાછળ સર વ્યય કર્યા પછી પણ ૧૨ ટકા જ સફળતા મળ્યાની સર તરફથી જાહેરાત કરીને અફસોસ વ્યક્ત કરાયો રખે કોઈ એમ માની લે કે એ અફસોસ, કાર્યક્રમ પડતો મૂકવાનો નિર્ણય લેવડાવશે. ના, વધુ જોરથ કાયદેસર રીતે-વસતિઘટાડાના કાર્યક્રમને અમલમાં મૂક માટે જ આ અફસોસ વ્યક્ત કરાયો છે. લાખો સરકા કર્મચારીઓ ઉપર આ હંટર સૌ પ્રથમ ઝીંકાશે. આર્ય પ્રજાનો સર્વનાશ નોતરતા આ કાર્યક્રમ સામે પ્રજાન સામૂહિક ખફગી ઊતરે તો જ ભારત સરકાર 'ફેરવિચાર' કરે, અન્યથા કશું સંભવિત નથી. કેમકે આ કાર્યક્રમને વેગ આપવા માટે લાખો ડોલરોની રકમની કેટલીય ભેટો, આજ સુધીમાં પરદેશીઓ તરફથી અપાતી જ રહી છે, થોડા વર્ષો પહેલાં ઇલસ્ટ્રેટેડ વીકલીમાં ભારતના ભૂતપૂર્વ આરોગ્ય પ્રધાન ડૉ ચન્દ્રશેખરને પ્રેસી. જહોન્સન આ કાર્યક્રમના અમલ માટે લાખો ડોલરનો ચેક ભેટ આપી રહ્યા છે એનો ફોટો છપાયો હતો





સમાચાર : "જન્મભૂમિ" તા. ૨-૫-૭૨

બે લાખ મૂલ્યવાન ગ્રંથો ભસ્મીભૂત

ઉત્તર પ્રદેશના વિધાનગૃહ અને સચિવાલયના પુસ્તકાલયમાં આજ બપોરે ફાટી નીકળેલી આગમાં આશરે ૨ લાખ જેટલા અલભ્ય જૂનાં પુસ્તકો અહેવાલો અને કાઉન્સલ હાઉસનો દક્ષિણ ભાગ બળીને નાશ થઈ ગયો હતો. કેટલાક પુસ્તકો ૧૦૦ વર્ષ જૂનાં હતાં.

આ ઉપરાંત ૧૮ મી સદીની અમુક હસ્તપ્રતો પણ બળી ખાક થઈ ગઈ હતી. મુખ્ય પ્રધાન શ્રી કમલાપતિ ત્રિપાઠીએ પી. ટી. આઈ.ને જણાવ્યું હતું કે લાયબ્રેરીનો બહાર રખાયેલા [illegible] [illegible] [illegible] આગ ફેલાઈ હોવાનું [illegible] [illegible] [illegible] [illegible] આગ બુઝાવવામાં મદદ કરવા માટે સેન્ટ્રલ કમાન્ડની [illegible] [illegible] આગ બુઝાવવામાં [illegible] આવી હતી. આ આગથી આશરે [illegible] [illegible] [illegible] પુસ્તકાલયમાં [illegible] [illegible] નુકસાન થયાનો અંદાજ છે. [illegible] [illegible] [illegible] [illegible] એક લાખ [illegible] [illegible]

ઉત્તર પ્રદેશનો આ પ્રસંગ મામુલી-કુદરતી-સમજીને કોઇ અવગણશો નહિ. જેસલમેરના મૂલ્યવાન ગ્રન્થભંડાર પણ ક્યારે શું થશે ? તે આપણે કહી શકીએ નહિ. આથી જ આર્યસંસ્કૃતિના પ્રાચીન સાહિત્યનું કેન્દ્રીકરણ કરવાની યોજનાઓને ખૂબ ગંભીરપણે વિચારવી જોઇએ. ખૂણે ખૂણેથી પ્રાચીન સાહિત્ય એક સ્થળે એકઠું કરાય તો ક્યારેક આવા ઘણા મોટા જોખમ ઊભા થતાં જ એક સાથે બધું નષ્ટપ્રાય થઇ જશે. એના કરતાં જુદા જુદા સ્થળોમાં તે ગ્રન્થાગારોની સુરક્ષા થતી રહે તે જ ઉચિત લાગે છે.

આના કરતાં પણ વધુ સારો એક વિચાર આવે કે થોડા જ દિવસો પહેલા ભારતના વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીએ, ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી નહેરૂના જીવનના વિવિધ પાસાઓને આવરી લેતા સાહિત્ય વગેરેની કેપ્સ્યુલ [એક પ્રકારની પેટી] જમીનમાં ઊંડે ઉતારી હતી; જેથી ભાવીની પ્રજાને એ કેપ્સ્યૂલમાંથી નહેરૂ સમયના ભારતનો સર્વગ્રાહી ખ્યાલ મળી શકે. એજ રીતે, આપણા અગણિત, આધ્યાત્મિક ગ્રન્થોની પણ કેપ્સ્યૂલો જૂદા જૂદા સ્થાને સુરક્ષિત રીતે ઉતારી દેવાય તો ભાવી પેઢીને એ અણમોલ શાસ્ત્રોનો લાભ મળી જાય. આ તો એક વિચાર છે. એની યોગ્યાયોગ્યતાને તો બહુશ્રુત ગીતાર્થો જ જણાવી શકે.

સમાચાર · પ્રબુદ્ધજીવન પૂર્તિ/– ૧૬-૪-૬૨ [મુનિશ્રી [illegible]ને લખેલા તા. ૫-૪-'૫૬ના પત્રમાંથી]

ભગવાન મહાવીરના ચરિત્ર અને તત્ત્વજ્ઞાન વિષે દુનિયાનો [illegible] આવશ્યક છે અને તેને પ્રસિદ્ધિ આપવા માટે ઉચિત [illegible] પ્રયત્નો જૈન સમાજે [illegible] કરવા જોઈએ એ પણ સાચેસાચ છે, [illegible] સૌએ સમજી લેવાની જરૂર છે કે ભગવાન બુદ્ધના ચરિત્રમાં Human [illegible] છે તે તેટલા પ્રમાણમાં મહાવીરના જીવનમાંથી [illegible] પણ ઊભી થઈ શકે તેમ નથી, અને તેથી આ દૃષ્ટિએ ભગવાન [illegible] સ્થાન [illegible] દિલમાં હંમેશા અનોખું અને ભગવાન [illegible] કરતાં અદકેરું રહેવાનું જ છે તેવો ભગવાન બુદ્ધની [illegible] ઊભો કરે છે તો ભગવાન મહાવીરની [illegible] ઊભી થતી નથી એવો પોકાર કર્યા કરવો અને [illegible] કર્યા કરવો એ ઉચિત નથી. એમ કરવામાં આપણી સાંપ્રદાયિક [illegible] અને [illegible] તત્ત્વવૃત્તિ જ આપણે પ્રગટ કરીએ છીએ."

જે તીર્થંકર પરમાત્મા મહાવીરદેવના તારક આત્માએ સર્વ જીવોને શાસનરસી બનાવવાની ઉત્કૃષ્ટ ભાવનાને સ્પર્શી હતી એમનામાં શ્રી બુદ્ધ કરતાં કરુણાપ્રદાન કમી હતું એમ કહેવું એ અજ્ઞાન જનિત વિધાન હોવા કરતાં આવેશજનિત વિધાન છે એમ સુસ્પષ્ટ રીતે જણાઈ આવે છે. શૂલપાણિ, ચંડકૌશિક, સંગમ, ગોશાલક તરફની પરમાત્માની કરૂણાની વરસતી હેલિઓને નજરમાં લાવો. શ્રી બુદ્ધમાં એવો એક પણ પ્રસંગ શોધ્યો જડતો નથી

૨૫મી શતાબ્દિની રાષ્ટ્રીય રીતિની ઊજવણીની બાબતમાં તો મારો વિરોધ છે જ; પરન્તુ આ બંધુએ ઊજવણીની તરફેણ કરનારાઓને જે ચીમકી આપી છે અને એમાં દેવાધિદેવ પરમાત્માત્મા મહાવીરદેવને બુદ્ધ કરતાં હલકા ચીતર્યા છે, એ તો અત્યંત ઘૃણાસ્પદ, વખોડવા લાયક બાબત બની ગઈ છે. પરમાત્મા એમનું પ-કલ્યાણ કરો.

સમાચાર : સંદેશ : ૩૧-૫-૭૨

૫૦ જગ્યાઓ માટે ૨૨,૦૦૦ ઉમેદવારો

“નાણાંમંત્રી શ્રી ચવાણે આજે રાજ્યસભામાં જણાવ્યું કે, નવી દિલ્હીમાં રીઝર્વ બેન્કમાં ગ્રેજ્યુએટ કારકૂનો માટેની ૫૦ જગ્યાઓ માટે ૨૨,૦૦૦ અરજીઓ આવી હતી. આ

[illegible] જગાઓ ફક્ત ૧,૦૦૦ અરજીના ફોર્મો અપાયા હતા તેમાની ૧૦ જગાઓ ફક્ત [illegible] હતી.

[illegible] ડો. ભાઈ મહાવીર ગાંધે બેકારીની સમસ્યા ગંભીર [illegible] જણાવ્યુ કે દેશમા કેટલી [illegible] કબૂલ કરતા નાણાંમંત્રી શ્રી ચવાણે [illegible] તેનું તે દર્શન છે."

સમીક્ષા :- જેમ મહિનાઓ જશે તેમ બેકારીનો [illegible] વિરાટ બનતો જશે. જેને સાચી ભૂખ હોય તો [illegible] પહોંચાય, પણ ખોટી ગરમીની ભૂખને ન પહોંચાય [illegible] ભારતમાં ફેલાતી જતી બેકારી સાચી નથી, કૃત્રિમ છે.

[illegible] પહેલા પૂર્વે આ બેકારીનો પડકાર પણ [illegible] ન હતો. તેનું કારણ એ હતું કે સહુ [illegible] ચાલ્યા આવતાં ધંધે જ બેસી જતા. [illegible] વણકર [illegible] દીકરો વેપારી થતો, વણકરનો દીકરો [illegible] જ થતો અને [illegible] દીકરો મોચી જ થતો [illegible] દીકરો એ જ રીતે પોતાની રોટી [illegible]

એવા તમામ લોકો બેકાર બની જાય. વળી એ બેકારોને ધંધો આપવા માટે નવું કોઈ ભીલાઇ જેવું કારખાનુ કે કાપડની એકાદ મોટી મીલ પરદેશીઓ નાંખી આપે. એમાં થોડાકને રોજી તો મળે પણ યન્ત્રોના કારણે હજારો લોકોની રોજી ઝુંટવાઈ જાય. એમાં ય વળી નવા ધંધાના એ પ્રલોભનથી બીજા હજારો ગ્રામજનો બાપીકા ધંધા છોડીને તે તરફ દોટ મૂકે. આમ થોડાને ધંધો; અને ઘણાને બેકારી....વળી થોડાંને ધંધો ઘણાને બેકારી....નું વિષચક્ર ચાલ્યા જ કરે છે. ભારતીય સંસ્કૃતિને જીવાડતા આર્યજનો બેકારી, મોંઘવારી અને ભૂખમરાથી મરી રહ્યા છે, એથી મોક્ષપ્રાપક ધર્મ સંસ્કૃતિ નાશ પામી રહી છે એ ખેદથી જ આ બેકારીના વિષચક્ર તરફ દષ્ટિપાત કરાયો છે.

સમાચાર : 'જયહિંદ' તા. ૮-૭-૭૨ વિદેશી અસર માંથી મુક્ત બનતો ભારતીય ઉપખંડ

'સીમલા કરાર' અંગે પ્રવચન કરતા 'જયહિન્દ'ના મદદનીશ તંત્રી શ્રી નારણદાસ ઠક્કરે જણાવ્યુ હતુ કે, ઐતિહાસિક બની ગયેલા સીમલા કરારના પરિણામે, ભારતીય ઉપખંડ વિદેશી અસર-માંથી-વર્ચસ્વમાંથી મુક્ત બન્યો છે અને શાંતિ માટેનો માર્ગ મોકળો બન્યો છે. જેનો તમામ યશ વડા પ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીના ફાળે જાય છે.

શ્રી ઠક્કરે કહ્યું કે, ભારતીય ઉપખંડ પરની પોતાની પકડ, એક યા બીજા સ્વરૂપે ચાલુ રાખવા માગતી મહાસત્તાઓને આ કરાર

રીતે ફાટી નીકળે છેવટે ચીનને તો પ્રથમ ખતમ કરવા આવે જ...આવું કાંઈ પણ બને તો નવાઈ પામવા જેવું નથી

આ તો યુદ્ધના માનસની દૃષ્ટિનો વિકલ્પ વિચાર

હવે શાન્તિના માનસની દૃષ્ટિનો વધુ સંભવિત વિકલ્પ વિચારીએ. આજ વધુ સંભવિત લાગે છે [ચીન ઇત્યાદિ અપવાદ સાથે] કેમકે કોરીઆ, ચીન, વિયેતનામ પણ શાન્તિનો નાદ બજવા લાગ્યો છે.

થોડા વખત પહેલાં યુનોની મહાસભામાં સૌ પ્રથમ વાર ખ્રીસ્તીઓના વડા ધર્મ ગુરૂ પોપ ઉપસ્થિત થયા હતા. તેમણે ભાષણમાં જણાવેલ કે, "હવે તરવાર મ્યાન કરો."

સંભવ છે કે ખરેખર તરવારો મ્યાન થાય, સર્વત્ર શાન્તિ (!) પ્રસરે.

પરન્તુ યુદ્ધ કરતાં પણ આ શાન્તિ ભયાનક બની રહેવા સંભવ છે. યુદ્ધમાં તો માનવ સંહાર. આ શાન્તિમાં તો સંસ્કૃતિ સંહાર !

યુદ્ધકાળમાં પ્રજારૂપી માછલીઓની કત્લેઆમ ! શાન્તિ કાળમાં પાણીનું પરિપૂર્ણ શોષણ ! પછી પેલી માછલીની આપોઆપ હસ્તી જ ખતમ !

શાન્તિકાળમાં જ સંસ્કૃતિનાશના ભયાનક કાર્યક્રમને વેગ આપીને અમલી બનાવી શકાય તેમ છે. એ શાન્તિ કાળનો દેખાવ ઉપસાવવા માટેના જ આ યુદ્ધો હશે ખરા ! યુદ્ધોથી થકાય અને પછી શાન્તિ લવાય તો તે શાન્તિ તદ્દન સાહજિક પણ લાગે. અને પછી નિઃશંકપણે સંસ્કૃતિને

લક્ષમાં લેશે ખરા ? કે પછી વિકાસના ભયાનક વેગથી ધસમસતી ટેકનોલોજીની ટ્રેઇન નીચે પ્રજાને કચડાઈ જવા દેવાશે !

માનવીય જીવનના વેગને અસમતોલ એવો વિ[illegible] વેગ તો અતિ ઉત્સાહના પરિણામ સ્વરૂપ અતિવેગ છે. [illegible] સાથે માનવ દોડી શકે નહિ. બેકારી, ભૂખમરો અને મો[illegible] વારીના ખપ્પરમાં હોમાયે જ એનો છૂટકો થાય. ભારત બળવાન પ્રજા વિકાસના અતિ-વેગથી વિનાશ પામશે વાત કેટલા માનવોની બુદ્ધિમાં બેસશે ?

સમાચાર : ફુલછાબ : તા. ૧૦-૬-૭૨

સાધુઓ સમયને પિછાને

આપણો સાધુસમાજ વધુમા વધુ રૂઢિચુસ્ત છે. મહેસુલ વ[illegible] ખાતાના પ્રધાન શ્રી રતુભાઇ અદાણીએ થોડા સમય પહેલા [illegible] સમારંભમાં કહ્યુ હતું કે, સાધુઓ જમાનો પિછાને. સાધુઓ પૈકી ઘણા સંભવતઃ એમ કહેવા પ્રેરાય પણ ખરા કે સમાજને સલ[illegible] આપવાનો અમારો પરાપૂર્વથી ચાલ્યો આવતો અબાધિત (જન્મસિ[illegible] નથી કહેતા એટલો પ્રભુનો પાડ!!) અધિકાર છે, રાજપુરુષોએ અમ[illegible] સલાહ આપવાની કોઈ જરૂર નથી. ખરી હકીકત એ છે કે, એ[illegible] રાજપુરુષોએ નહિ પણ ખુદ સમાજે સાધુઓને સમજાવવાનો સમ[illegible] આવ્યો છે કે, આ અવકાશી યુગમા જતા રોકેટ અર્ધો ડઝન વખ[illegible] ચન્દ્રની ધરતી પર ઊતરીને સહિસલામત પૃથ્વી પર પાછું આવે [illegible] ત્યારે સાધુઓએ પલટાએલા યુગ સાથે કદમ મિલાવવા રહ્યા.

એક જમાનામા સાધુ સમાજે (આજથી ૫૦-૧૦૦ વર્ષ પહેલા) સમાજને સુયોગ્ય માર્ગે દોરી જાણ્યો છે. ત્યારે અત્યારે, થોડા અ[illegible] વાદ સિવાય આખુ સમાજ જૂનવાણી મનોદશામાથી બહાર નીકળ[illegible] બદલે યુગની બદલાયેલી તાસીરની ટીકામા રાચે છે.

જાય ? જેણે સહશિક્ષણ આપીને જાતીય જીવન બહેકાવ્યું; સીનેમાનું મનોરંજન આપીને વિશુદ્ધ મનનો નાશ કર્યો કાયદાની વિશાળ જાળો બિછાવીને લોકોને ચોરી કરતા શીખવ્યા; દારૂબંધીમાં છૂટછાટ મૂકીને ગરીબ પ્રજાને ખુલ્લે આમ દારૂ પીતી કરી; છુટાછેડા અને ગર્ભપાતને કાયદેસર કરીને શીલ અને સદાચારનો જેણે ખાત્મો બોલાવી દીધો એ યુગને જ શ્રી રતાણી 'નવો યુગ કહે છે ને ? તો તેવા નવા યુગની સાથે સાથે કદમ બઢાવવા શીલવાન, સદાચારી, સંસ્કૃતિરક્ષક સાધુસંસ્થા હરગીઝ તૈયાર ન થાય હોં ! અને કદાચ જોહુકમીથી એવો સમય લાવવાનો યત્ન કરવામાં આવશે તો સાધુ-સંસ્થાના ગોળ અને ખોળ આપ મેળે જુદા થઈ જશે. ગોળ હોઠે ધરશે ઝેરનો એક જ કટોરો ! અને ખોળ બનશે ભાટ ! કરશે ખુશામત; સમાજવાદના તૂતના નામે ચરી ખાતાં નવા ચૂંટાએલા મહારાજાઓની !





સમાચાર : ટાઇમ્સ ઓફ ઈન્ડીઆ તા. ૬-૯-૭૦

INDIA and CHURCHILL

While oppising the Bill to grant independence to India, introduced by Mr. Clement Atlee, in the British House of Commons, Sir Winston Churchill had this to say :

give the reins of government to Congress at this juncture, is to hand over the destiny of hungry millions into the hands of rascals, rogues and free booters. Not a bottle of water or a loaf of bread shall escape taxation; only the air will be free, and blood of these hungry millions will be on the head of Mr Atlee. India will be lost in political squabble. It will take a thousand year for them to enter the periphery of philosophy or politics. To day we hand over the reins of Government to men of straw, of whom no trace will be found after a few years.'

ભારતને સ્વાતન્ત્ર્ય આપવાથી શું થશે ? તેની કલ્પના ૩૦૦-૩૦૦ વર્ષ સુધી ભારત ઉપર રાજ્ય કરનાર ગોરા મુત્સદ્દી હાકેમોને આવે એમાં કશી નવાઈ નથી ૨૬ વર્ષ પૂર્વે ચર્ચિલે કહ્યું કે, "રોટલાના કટકા ઉપર પણ ભારતના રાજ્યકર્તાઓને ટેક્સ નાંખવા પડે એવી સ્થિતિ સ્વરાજ આપવાથી થશે; માત્ર હવા જ કરમુક્ત રહેશે" એ વાત આજે કેટલી સાચી પડી ગઈ છે !

એ લોકો જાણતા જ હતા કે, "ટોળાંનો બહુમત, સમાનતા; જ્ઞાતિ-જાતિની સુવ્યવસ્થાનો નાશ; અને ધર્મ નિરપેક્ષતાના જે સાણસાઓ આપણે ગોઠવશું એનું આ જ પરિણામ આવશે. સંતશાહી અને રાજાશાહીનો નાશ કરીને લોકશાહીનો લેબાશ ઊભો કરીને આપણે એવી એક ટોળાશાહી જીવંત કરશું; જે પોતાની જ પ્રજાનું અને સંસ્કૃતિનું નિકંદન કાઢવા કમર કસશે, કેમકે અંતે તો આપણી પદ્ધતિની યુનીવર્સીટીઓનું અધ્યયન કરીને તૈયાર થએલા સ્નાતકોના હાથમાં જ આપણે સ્વરાજની લગામ સોંપી છે ને ?"

મિ. ચર્ચિલ અને મિ. એટલી બે ય સ્વરાજ (!) આપી દેવાના હિમાયતી જ હતા, આ તો એક બીજાના વિરોધનો માત્ર દેખાવ હતો !

ભારતીય પ્રજાને વરેલું અતિ ભોલપણુ જ પોતાનો નાશ ન કરે તો સારું.

તો ગરીબી જતાં ૧૫૦ વર્ષ લાગી જશે !

બેકારી, મોંઘવારી અને ગરીબીના વિષચક્રમાં પ્રજાનું તો નિકંદન નીકળીને જ રહેશે.

હજી પણ આત્મનિરીક્ષણને અવકાશ છે. પણ તે માટે પાશ્ચિમાત્યોએ ગોખાવી મારેલા સેંકડો પાઠોને ભૂલી જવા માટેની તૈયારી કહેવાતા, શિક્ષિતો અને સત્તાધારીઓ દાખવશે ખરા ?

હિન્દુઓના મંદિરમાં બિન-હિન્દુને પ્રવેશ હક્ક નથી. મદ્રાસ હાઇકોર્ટનો ચુકાદો.

સમાચાર : સંદેશ તા. ૨૭–૭–૭૨

બિનહિન્દુઓને પણ હિન્દુઓના મંદિરમા પ્રવેશવાનો અધિકા[r] આપતા તામીલનાડુ મંદિર પ્રવેશ અધિકાર ધારો ૧૯૪૭ની કલ[મ] આઠ નીચના એક નિયમને મદ્રાસ હાઇકોર્ટે ગેરબંધારણીય ઠરાવે છે આવો અધિકાર પ્રાચીન સ્વીકૃત રીવાજોમા અમાન્ય હતો આ કાયદા નીચે તામીલનાડુ સરકારે નિયમ ૪ એ ઘડ્યો હતો. ચુકાદો આપતા ન્યાય મૂર્તિ શ્રી ટી. રામપ્રસાદરાવે જણાવ્યુ છે કે હિન્દુઓના મંદિરમા બિનહિન્દુઓને પૂજા કરવા માટે નહીં પણ સહેલાણીઓ તરીકે સ્થાન–નિરીક્ષણનો અધિકાર કદી હતો એ તો કોઈ ન કહી શકે. હિંદુમંદિરો હમેશા પૂજાના સ્થળ તરીકે માનવામા આવ્યા છે અને આ મંદિરો પ્રત્યેનો પૂજ્યભાવ, તે સર્વે મંત્રોગાનો વિધિઓ, ક્રિયાઓ વિગેરે હિંદુધર્મના ક્રિયાકાંડ[નો] ભાગ બની ગયેલ છે મસ્જીદોની અંદર પ્રાર્થનાના ખાસ સ્થળો બિન-મુસ્લિમોને પ્રવેશવા દેવામાં આવતા નથી. અને તેથી જ કે

હિંદુઓના મંદિરો તમામ વર્ગના હિંદુઓના આધ્યાત્મિક લાભ માટે [illegible] નિર્ણય છે

[illegible] મુંબઈની મહાન હાઈકોર્ટનો આ સુધારો કર્યો [illegible] હિંદુધર્મ (વૈદિક ધર્મ) માટે ખૂબ મહત્વ ધરાવે છે. જો હિંદુધર્મ [illegible] હિંદુઓને પ્રવેશવાનો પણ [illegible] જૈનધર્મ પાળનારા લોકોના અધિકાર નથી તો તે [illegible] લાગુ પડી છે.

[illegible] પણ સમાન ન્યાયથી [illegible] એમ કહેવું છે કે જૈનધર્મ [illegible] ધર્મ છે [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

થાય; આવનારાઓને તમામ સગવડો મળે; હુંડીઆમણુની પણ સરકારને કમાણી મળી જાય એવા 'અલ્ટ્રા-મોડર્ન' બનાવવાનું નક્કી કર્યું છે.

તે શું આ બધું કાયદાની કોર્ટને માન્ય છે ખરું? જેઓ માંસાહાર કરતા હોય તેઓ પણ જૈનધર્મને લગતાં કાર્યોની કમિટિમાં સામેલ થઈ શકે ખરા? જેમને જૈનત્વ સાથે જીવનમાં કાંઇ નિસ્બત ન હોય તેવા અજૈનો જૈન-શાસનના કાર્યોમાં પ્રમુખ વગેરે પદ શોભાવી શકે ખરા? હું ધર્મ દૃષ્ટિએ આ પ્રશ્ન નથી કરતો. પરન્તુ કાયદાની દૃષ્ટિએ પૂછું છું. ત્યાં પણ જો દાદ મળી શકતી હોય તો એમ કહી શકાય કે બહુમતના પૂરમાં તણાતા પ્રવાહમાં નાનકડા પણ સાચા તણખલાંને હજી આશ્વાસન લેવા જેવું છે ખરું.

મહારાષ્ટ્રમાં નહીંવત્ બનેલી દારૂબંધી નીતિ

સમાચાર : ગુજરાત સમાચાર : તા. ૯-૮-૭૨

મહારાષ્ટ્રમાં વ્યાવહારિક રીતે જોતાં દારૂબંધીનો હવે અંત આવી ગયો છે દારૂબંધીના અમલમાં ૨૨ વર્ષની નિષ્ફળતાના અનુભવ પછી આજે મહારાષ્ટ્ર સરકારે દારૂબંધીની નીતિમાં ધરખમ ફેરફારો કરીને દારૂબંધીને નહીવત્ બનાવી દીધી છે. મહારાષ્ટ્રના દારૂબંધી ખાતાના પ્રધાન ડૉ. મોહન ડી. પોપટે આજે રાજ્ય વિધાનસભામાં નવી છૂટછાટવાળી દારૂબંધીની જાહેરાત કરી ત્યારે સભાગૃહમાં તમામ સભ્યોએ હર્ષનાદથી તેમને વધાવી લીધા હતા.

ગંધીના નાશથી–ગાંધીજીની પુન હત્યાથી–જ તેને ધનો હોય તો એના આયોજકોને ભારતીય પ્રજા અને સંસ્કૃતિના રક્ષક માનવાની ભૂલ હવે કોઈ કરશે ના !

હાય ! પૈસા ! હાય ! બાહુની બુદ્ધિ ! હાય ! ગુરશીનો નશો ! હાય ! જમાનાવાદ !





ગુજરાત સમાચાર . તા. ૧૨-૭-૭૨
લખક : સ્વામી ગીતગોવિંદ આચાર્ય રજનીશ

"આપને આપના 'અભિનવ' સન્યાસ આંતરરાષ્ટ્રીય સંસ્થા (!) અને આપનાં સન્યાસીઓ–સન્યાસીનીઓની આંતરદશા અને બાહ્યજીવન પ્રત્યે આંખ ઉઘાડીને જોવા અને આપનું તદ્દવિવેક નિરીક્ષણ જાહેર કરવા વિનંતિ કરૂ છુ. ગુરૂને ઈશ્વરાવતાર જાહેર કરનારા ગોરખધંધારા ધૂર્તોનો ત્યા રાફડા જણે આપની એ ગોરખકાર્યને રોકવાની અનિચ્છા અને અકર્મણ્યતાને લીધે, અને પ્રોત્સાહનને લીધે એ બધાની આધિક જવાબદારી આપની જ છે તમારા સન્યાસીઓ સન્યાસીનીઓની (જેમાનો એક પવરો હુ પોતે પણ છુ જ) આંતરદશા અને બાહ્યાચારી જીવન પ્રત્યે સાવ બેભાન અને બેધ્યાન છો સન્યાસ લેનારાઓમાથી દસમા ભાગના લોકો પણ સન્યાસ ચાલુ રાખતા નથી. સન્યાસ છોડી જનારા નેવુ ટકા લોકો સન્યાસ કેટલા આતર કલેશથી, કેટલા ભાગેલા હૃદયે છોડતા હશે ની પરવા આપે કદી કરી નથી. સન્યાસનુ નાટક આપે શરૂ કર્યું કારણ કે એનાથી વ્યક્તિનુ અને વ્યક્તિની અને સમાજની શ્રદ્ધાનુ પણ કરવાનુ બહુ સહેલુ પડે છે.

ગુરૂની વાહ વાહ જ કરવી, એમને જોરશોરથી ઈશ્વરાવતાર સાબિત કરવા, પ્રચારાર્થે ગાંડાતુર બનીને નાચી-કૂદીને ભક્તિરસ

દેખાડવો, પૈસા અને ફંડ ઉઘરાવી લાવવા, મેગેઝીનોના લવાજમ ઉઘરાવવા (પછી ગ્રાહકને મેગેઝીન પહોચાડવાની જવાબદારી લીધા સિવાય !), પોતાના પૂર્વજન્મની સાચી-ખોટી-બનાવટી વાતો કરી પોતે સિદ્ધિપૂર્ણ સંન્યાસી-સંન્યાસિનીઓ હોવાનો દાવો કરવા વધુ ને વધુ લોકોને રજનીશ-માળા પહેરાવવી, માત્ર સંખ્યાબળ વધારવા જઈ, બાવાઓની જમાત દ્વારા 'ધર્મ'નો તારણહાર રજનીશ ભગવાન છે એવુ જોર શોરથી ઠોકી બેસાડવુ આ બધુ કરવા-કરાવવા માટે એક વ્યવસ્થિત માળખુ ઊભું થયુ છે.

ચાલુ નોકરીઓ અને સ્થિર કૌટુંબિક જીવન છોડી યુવાન-યુવતી સંન્યાસી-સંન્યાસિનીઓ ગુરૂઆજ્ઞાને માનીને પ્રયાગમાં નીકળી પડે છે, થોડાક જ મહિનાઓ પછીની એમની આંતરવ્યથા અને સંતાપ એક કરૂણ કહાની જ બને છે. રજનીશજી પ્રત્યે રાગ, અને પરસ્પર પ્રત્યે વિરાગ-આ તો સર્વત્ર વ્યાપેલુ ઝેર છે. સંન્યાસિનીઓ તો શોકયોની જેમ પરસ્પર લડે છે ! રજનીશજીના અતિ સંન્યાસનુ ઢોલ મોટુ છે, એ જોરથી વાગે છે, કારણ કે અંદરથી એ જ પોલુ છે સમાજ, સમાજના હિતચિંતકો, શિક્ષિત વર્ગ, સરકાર જરા ખુલ્લી આંખે અંદર ઊતરજો- સરમુખત્યાર થવાની આ જ યુક્તિઓ તરફ સભાન-સતર્ક રહેજો

સમીક્ષા :-પ્રોફેસર રજનીશના જ નવી આવૃત્તિ સંન્યાસી-સ્વામી ગીત ગોવિંદનુ' નામ પામેલા-એ જે ઉપર નિવેદન કર્યુ છે એ સ્વયં એ મત ઉપરની સમીક્ષા છે આવા નવા ઊભા થતા મોડેલો પ્રાચીન બ દ્રમૂલ-પવિત્ર-ધર્મ મોડેલોને ખતમ કરી નાંખવા જ ઊભા કરાના હોય છે. મૂળ વસ્તુ ઉપર સીધો કુઠારાઘાત કરવાના જમાના ગયા. હવે નવું ઊભુ કરી દઈને મૂળ મૂલ્યોને આપમેળે કાઢવી નાંખવાનો લોદી તરકીબનો ઉપયોગ ચાલે છે.

સમાચાર · પ્રો. રજનીશના હિન્દી પુસ્તકમાંથી અવતરણ

મહારોગ

ઇસ બીમાર સભ્યતા કે મૂલ મેં વિશ્વાસ કી બાત ।
જિન્હોંને સદા આંખ બન્દ કરકે શ્રદ્ધા કી હૈ, ઔર સ્વયં કે વિવેક
કો પ્રસુપ્ત રખા હૈ સ્વયં કે પ્રતિ જીવન ... અપના નહીં
... ક્યોંકિ ... અપના ... ... ઔર
મનુષ્યકી પંગુ સ્થિતિ ઉસકે વિવેક કે ... ... કી ...
... ઔર હમ આજ ભી વિશ્વાસ કિયે ... ... કોઈ મંદિર મેં,
કોઈ મસ્જિદમેં, કોઈ ચર્ચ મેં, કોઈ ... કિતાબ મેં, કોઈ
ઉસ કિતાબમેં, કોઈ ઉસ મસીહા મેં સારી દુનિયા વિશ્વાસ
કરતી હૈ, લેકિન વિશ્વાસ કે બાવજૂદ યહ પરિણામ હૈ લોકા
વિશ્વાસ કા જહર પિલાનેવાલે ઔર ઉસકે આધાર પર હી ...
કરને વાલે કહેંગે કિ વિશ્વાસ કમ હૈ ઇસ લિયે યહ પરિણામ
હૈ વિશ્વાસ પૈદા હુએ અંધેપન કો જો વે વિશ્વાસ કી કમી કે કારણ
બતલાતે હૈ ઉનકા બતલાના નહિ, કિન્તુ હમારા ઉસે માના લેના
તો એક અવિશ્વસનીય ચમત્કાર હી હૈ મૈ કહતા હૂં કિ પરમાત્મા
ક્યોં કિ વિશ્વાસ બિલકુલ શૂન્ય હો જાવે

જીવન મે ચારો ઓર ચૌબીસ ઘંટે આગ લગી હુઈ હૈ
"હમ ચૌબીસ ઘંટે જીવન કી આગ મેં ખડે હુએ હૈ વહાં અપની
હી આંખ કામ આ સકતી હૈ; કિસી ઔર કી નહીં ન
મહાવીર કી, ન કૃષ્ણકી, ન બુદ્ધ કી, ન રામકી . xxx લેકિન
તથાકથિત ધાર્મિક લોગ, ધર્મ કે વ્યવસાયી, ધર્મ કે નામ
પર શોષણ કરને વાલે લોગ, યહ સમઝતે હૈ કિ વિશ્વાસ કરો,
વિવેક કી ક્યા જરૂરત હૈ ? xxx વિશ્વાસ તો આત્મહત્યા હૈ, ઇસી
લિયે મૈં નહીં કહતા કિ કિસી બાત પર વિશ્વાસ કરો. મૈ કહતા
હૂં, વિશ્વાસ સે અપને કો મુક્ત કર લો. xxx વિશ્વાસ બાધતે હૈ.

પરતન્ત્ર કરતે હૈ. શ્રદ્ધાયે બાંધતી હૈં, પરતન્ત્ર કરતી હૈ. શાસ્ત્ર
સિદ્ધાન્ત બાધતે હૈ ઔર પરતન્ત્ર કરતે હૈ. ××× જિસ આદમી
કોઇ ભી વિશ્વાસ હૈ, જિસકી કોઇ શ્રદ્ધા હૈ વહ આદમી કભી કિ
નહી કર સકતા હૈ. ક્યોં કિ હમેશ વહ અપને વિશ્વાસ કે કિ
સે હી દેખના શુરુ કરતા હૈ. વહ જો ભી વિચાર કરેગા વહ
પાતપૂર્ણ હોગા. વહ જો ભી વિચાર કરેગા ઉસકી પૂર્વ ધારણ
આબધ્ધ હોગા, વહ જો ભી વિચાર કરેગા વહ હમેશા ઉધાર
જુઠા હોગા.

સમીક્ષા :-પ્રોફેસર રજનીશના પુસ્તકોનું વિ
વાંચન કરતાં, ચિત્તમાં એક છાપ ખૂબ જ સ્પષ્ટ
ઊપસી આવી છે કે તે અત્યંત કુતર્કપ્રવીણ છે. કોઈ
વાતને પોતાની રીતે તર્કો અને દ્રષ્ટાન્તોથી સાબિત
આપવાની કળા તેણે હસ્તસાત્ કરી લીધી છે. આર્ય
ભારતીય પ્રજાના ભોળા માનસને પોતાના રાહે
જવામાં તેમને ઠીક ઠીક સફળતા (કામચલાઉ !)
થઈ છે. તેમની કુતર્કનિષ્ણાતતાનું એક દ્રષ્ટાન્ત આ

ઈસુ ખ્રિસ્તે કહ્યું છે કે, "કોઇ તને તમાચો મા
તું તેને તારો બીજો ગાલ ધરજે." આ વિશ્વવિ
વિધાનને પ્રો. રજનીશે બેઢંગી રીતે વખોડી નાંખ
પોતાની વાતને સિદ્ધ કરવા માટે તેમણે જોરદાર
રજૂ કરતા જણાવ્યું છે કે, "જો આ રીતે બીજો
ધરવામાં આવે તો તમાચો મારનાર વ્યક્તિ ભોંઠી
જાય. આમ ગાલ ધરી દેનાર વ્યક્તિ તમાચો મારનાર
વ્યક્તિનું અપમાન કરનારી બની જાય છે, કેમકે
કરીને તેણે પોતાની મોટાઇ બતાડી, અને તમાચો

માણસની હલકાઈ ઉઘાડી પાડી. આનાં કરતાં તો તમાચાનો જવાબ તમાચાથી જ આપી દેવો જોઈએ. જેથી આવી વ્યક્તિને ઉતારી પાડવા જેવું ન બને."

આવા છે ક્રાન્તિનિષ્ણાત, પ્રો. રજનીશ. આનો અર્થ તો એ જ થયો કે 'ક્રોધની સામે ક્ષમા' ના આર્ય-સિદ્ધાન્તો બધા ય જૂઠ છે! દુરાચારીની દુનિયામાં સદાચારી તરીકે જીવન જીવવાથી દુરાચારીને ઉઘાડો પાડવાનું પાપ થાય છે માટે તે પાપ ન કરવા માટે બધાએ દુરાચારી જ બનવું!

ખેર. હવે મૂળ વાત ઉપર આવીએ. 'વિશ્વાસ' ના અણમોલ અધ્યાત્મોને ઉખેડીને ફેંકી દેવાનું; એને ઝેર કહેવાનું, ઉપરોક્ત વિધાનમાં પ્રો. રજનીશે જે જણાવ્યું છે એ બધું ય ખાસ કરીને જૈન-દર્શનમાં પ્રસિદ્ધ એવા 'સમ્યગ્દર્શન'ના વિશ્વાસને નજરમાં રાખીને કહેવાયું છે. પ્રો. રજનીશ પ્રાચીન-બધું ય-ખતરનાક માને છે. શાસ્ત્રો અને સાધુઓને ધતીંગ માને છે. આથી જ તેમણે પ્રાચીનતાની સામે જેહાદ પોકારી છે.

'વિશ્વાસ' વિના આ સંસારે કોના નાવ ચાલ્યા છે? ડોક્ટર ઉપર દરદીને કેવો વિશ્વાસ હોય છે! હજામ ઉપર દાઢી કરાવનારને કેવો વિશ્વાસ હોય છે! ટ્રેઈન કે પ્લેઈનની મુસાફરી કરનારાઓમાં કેવો અડોલ વિશ્વાસ હોય છે! કોર્ટમાં કેસ લડતાં અસીલને પોતાના વકિલ ઉપર કેટલો વિશ્વાસ હોય છે!

મહાવીર ચંદનાના ઘરે આવી એક અભિસાર કરનાર નાયકની જેમ પાછાં પગલાં ભરે છે; પરંતુ ચંદનાનાં અનરાધાર આંસુ મહાવીરના માર્ગમાં આડા બની ઊભા રહી જાય છે. મહાવીર પણ ચંદનાના અસીમ સમર્પણને પામીને કૃતાર્થ બને છે તેમના રોમેરોમ હર્ષિત બને છે અને તે ચંદનાના કોમળ હાથે અડદના વાસી દાણાના રૂપમા પ્રણયના દાનને સ્વીકારી લે છે

આ પરંપરા મહાવીર તીર્થંકર બની જાય છે ત્યાર બાદ ચાલુ રહે છે. કેવળજ્ઞાન બાદ મહાવીર સંઘની સ્થાપના કરે છે, પણ તે ચંદનાને ભૂલતા નથી. તેને સાધ્વી સમાજની અગ્રણી બ[નાવે] છે ઇતિહાસકારો મહાવીરના જીવનને અત્યંત સંકુચિત વાડા બાંધીને જુવે છે પરંતુ બુદ્ધ અને આમ્રપાલીની જેમ મહાવીર-ચંદનાનું જીવનસૂત્ર એકબીજાથી બંધાએલું હતું એ તદ્દન સ્પષ્ટ

ઉપલબ્ધ આગમ ગ્રન્થોના આધાર પર મહાવીરના જીવનને સમજ[વા]ને ત્યાં જ ઈતિશ્રી કરી દેવી તે મહાવીર પ્રત્યે ન્યાય કર્યો લેખાય કારણ એ ગ્રન્થો તો અનંત સાગરના એક બિંદુ બરાબર

મહાવીરે કેટલું કહ્યું ? કેટલો ઉપદેશ આપ્યો ? કેટલા નવા સિધ્ધાન્ત બનાવ્યા ? એ તમામનો ૧૪ પૂર્વમા પણ પૂરેપૂરો સમા[વેશ] નથી થતો ત્યારે મહાવીરના જીવનને થોડાક ગ્રન્થના આધારે કેવી રીતે સમજી શકાય ?

આ રીતે ભગવાન મહાવીરના જીવનની એક વણસ્પર્શી પણ અત્યંત મહત્વપૂર્ણ બાજુ છે. જેના પર ગંભીરતાથી વિચાર કર[તાં] એ સ્પષ્ટ થાય છે કે મહાવીરના હૈયે માત્ર નિષ્ઠુરતા અને [કઠોરતા] જ નહોતી ભરી, માત્ર શુષ્ક અને નિરસ કર્મકાંડ જ નહોતો એ હૈયામાં નાજુક ઊર્મિઓ પણ હતી, મધુર પ્રણય હતો ઉમંગ કલ્પનાઓ હતી. જીવનનો આધાર આનંદ પણ ભરેલો હતો

અગર જો આ બધી વાસ્તવિક અનુભૂતિઓ તેમના હૈ[યે] હોત તો મહાવીર કેવી રીતે જીવી શક્યા હોત ? જીવનની અને મ

સમસ્યાઓને કેવી રીતે સમજી શકયા હોત ? એના વિના તે કેવી રીતે ભોગ અને ત્યાગનું રહસ્ય પામી શકયા હોત ?

સમીક્ષા :-

મુંબઈથી બહાર પડતાં જિનસંદેશના દિવાળી અંકનાં સતીશકુમારનો ઉપરોક્ત લેખ આવેલ છે. જિન સંદેશના સંપાદકે આ લેખ જો વાંચીને લીધો હોય તો તેમના માટે અત્યંત આશ્ચર્યજનક બાબત ગણાય

શાસનપતિ, તીર્થંકર પરમાત્મા મહાવીરદેવ માટે અને મહાસતીજી ચંદનબાળા વિષેના પ્રાસંગનો અહીં જે રીતે ગર્ભિતાર્થ રજુ કરાયો છે તે રીત જોતાં આઘાત ઉત્પન્ન થાય છે હાય ! બોડી બામણીનું ખેતર હશે, આ જિનશાસન !

યાદવાસ્થળીનો ભોગ બનેલો એનો ચતુર્વિધ સંઘ !

અઘોર નિષ્ક્રિયતાને પંથે પડેલો એનો કેટલોક શ્રમણ વર્ગ !

ભયાનક ભોગરસને આધીન બનેલો એનો કેટલોક કહેવાતો શ્રમણોપાસક વર્ગ !

આવો ગલીચ લેખ વાંચ્યા પછી પણ કોઈ મહાવીર ભકતનું રૂવાંડુ ય હાલશે કે કેમ એ પ્રશ્ન છે !

નિદ હરામ થઈ જાય; અન્નનો કોળીઓ ડચૂરો બનીને ગળે અટકી જાય એટલી ભયંકર આ લેખમાં વાતો છે !

કયા જીવતા હશે; શૂરા મહાવીર ભકતો ! એક યુગ હતો, વીરના સિદ્ધાન્તની મશ્કરી કરનારાઓની જીભ ખેંચી નાંખવાનો !

મહાવીર ચંદનાના ઘરે આવી એક અભિસાર કરનાર નાયક
જેમ પાછાં પગલાં ભરે છે; પરંતુ ચંદનાનાં અનરાધાર આંસુ
વીરના માર્ગમાં આડા બની ઊભા રહી જાય છે. મહાવીર
ચંદનાના અસીમ સમર્પણને પામીને કૃતાર્થ બને છે તેમના રોમેરોમ
હર્ષિત બને છે અને તે ચંદનાના કોમળ હાથે અડદના વાસી દાણ
રૂપમાં પ્રણયના દાનને સ્વીકારી લે છે

આ પરંપરા મહાવીર તીર્થંકર બની જાય છે ત્યાર બાદ
ચાલુ રહે છે. કેવળજ્ઞાન બાદ મહાવીર સંઘની સ્થાપના કરે છે
પણ તે ચંદનાને ભૂલતા નથી. તેને સાધ્વી સમાજની અગ્રણી
છે. ઇતિહાસકારો મહાવીરના જીવનને અત્યંત સંકુચિત વાડ
બાંધીને જુવે છે. પરંતુ બુદ્ધ અને આમ્રપાલીની જેમ મહાવીર
ચંદનાનું જીવનસૂત્ર એકબીજાથી બંધાએલું હતું એ તદ્દન સ્પષ્ટ

ઉપલબ્ધ આગમ ગ્રન્થોના આધાર પર મહાવીરના જીવનને સમ
ને ત્યાં જ ઈતિશ્રી કરી દેવી તે મહાવીર પ્રત્યે ન્યાય કર્યો
લેખાય કારણ એ ગ્રન્થો તો અનંત સાગરના એક બિંદુ બરાબર

મહાવીરે કેટલું કહ્યું? કેટલો ઉપદેશ આપ્યો? કેટલા નવા ન
સિધ્ધાન્ત બનાવ્યા? એ તમામનો ૧૪ પૂર્વમાં પણ પૂરેપૂરો સમા
નથી થતો ત્યારે મહાવીરના જીવનને થોડાક ગ્રન્થના આધાર
કેવી રીતે સમજી શકાય?

આ રીતે ભગવાન મહાવીરના જીવનની એક વણસ્પર્શી
અત્યંત મહત્વપૂર્ણ બાજુ છે. જેના પર ગંભીરતાથી વિચાર
એ સ્પષ્ટ થાય છે કે મહાવીરના હૈયે માત્ર નિષ્ઠુરતા અને
જ નહોતી ભરી, માત્ર શુષ્ક અને નિરસ કર્મકાંડ જ નહોતા
એ હૈયામાં નાજુક ઊર્મિઓ પણ હતી, મધુર પ્રણય હતો ઉમ
કલ્પનાઓ હતી જીવનનો આધાર આનંદ પણ ભરેલો હતો

અગર જો આ બધી વાસ્તવિક અનુભૂતિઓ તેમના હૈ
હોત તો મહાવીર કેવી રીતે જીવી શક્યા હોત? જીવનની અને

સમવ્યાગેતાને કેવી રીતે સમજી શક્યા હોત ? એમના [illegible] ભોગ અને ત્યાગનું રહસ્ય પામી શક્યા હોત ?

સમીક્ષા :-

મુંબઈથી બહાર પડતાં જિનસંદેશના દિવાળી અંકમાં સતીશકુમારનો ઉપરોક્ત લેખ આવેલ છે. જિન સંદેશના સંપાદકે આ લેખ જો વાંચીને લીધો હોય તો તેમના માટે અત્યંત આશ્ચર્યજનક બાબત ગણાય.

શાસનપતિ, તીર્થંકર પરમાત્મા મહાવીરદેવ માટે અને મહાસતીજી ચંદનબાળા વિગેરેના પ્રણયના અહીં જે રીતે ગર્ભિતાર્થ રજુ કરાયો છે તે રીત જોતાં આઘાત ઉત્પન્ન થાય છે હાય! બોડી બામણીનું ખેતર હશે; આ જિનશાસન!

યાદવાસ્થળીનો ભોગ બનેલો એનો ચતુર્વિધ સંઘ!

અઘોર નિષ્ક્રિયતાને પંથે પડેલો એનો કેટલોક શ્રમણ વર્ગ!

ભયાનક ભોગરસને આધીન બનેલો એનો કેટલોક કહેવાતો શ્રમણોપાસક વર્ગ!

આવો ગલીચ લેખ વાંચ્યા પછી પણ કોઈ મહાવીર ભકતનું રૂવાંડુ ય હાલશે કે કેમ એ પ્રશ્ન છે!

નિંદ હરામ થઈ જાય; અન્નનો કોળીઓ ડચૂરો બનીને ગળે અટકી જાય એટલી ભયંકર આ લેખમાં વાતો છે!

કયાં જીવતા હશે; શૂરા મહાવીર ભકતો! એક યુગ હતો, વીરના સિદ્ધાન્તની મશ્કરી કરનારાઓની જીભ ખેંચી નાંખવાનો!

એક યુગ હતો; વીરના શ્રમણને લપડાક મારનાર આંગળા કપાઈ જવાનો !

એક યુગ હતો; વીરની શ્રમણીના શીલની રક્ષા કાજ યુદ્ધની રણભેરીઓ બજી જવાનો ! અને નરાધમોને સખ્ત નશ્યત કરવાનો !

આજે સાક્ષાત્ વીર–દેવાધિદેવ પરમાત્મા મહાવીર દેવને ચંદનબાલાજી સાથેના પ્રણયના પાપિષ્ટ, બિભત્સ અને ગલીચ આક્ષેપ કરવાનો યુગ આવી ગયો અને તો ય....તો ય....કોઈના પેટના પાણીય હાલતાં નથી. રૂવાડાંય ખડા થતા નથી ! હાય ! મડદાંના તે રૂવાડા શું ખડા થાય !

એ યુગ જીવતાઓનો હશે ! આ યુગ કદાચ મડદાઓનો હશે !

ઉપરનો લેખ વાંચો. જે મહાવીરદેવે સાફ ના શબ્દોમાં કામને ત્યાજ્ય જણાવ્યો છે એના જ માથે કામની ઉપાદેયતા ઠોકી બેસાડી છે. આ લેખકને એ વાતનું બિલ કુલ જ્ઞાન નથી કે આ પરમાત્માના આત્મા ઉપર યશોદા સાથે લગ્ન કરવાનું કેટલું જોરદાર દબાણ આવ્યું હતું ! અને છતાં પણ એમણે માતાજીને સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ હતુ કે, "ઓ માતાજી ! સ્રીનો પરિગ્રહ સ્પષ્ટ રીતે ભવભ્ર- મણનું કારણ છે ! મને આ પાપમાં ક્યાં નાંખો છો !"

લેખકને ખબર જ નથી કે મહાવીરદેવના મતે પ્રણય (કામ) સર્વથા અપવિત્ર છે. તીર્થંકર દેવો જેવા વિશ્વકલ્યા ણકર તારક આત્માઓને જન્મ આપતી–એમના માતા

પિતાની–પ્રણયક્રિયાને તો પવિત્ર માનવામાં આવી નથી, પરન્તુ તીર્થંકરદેવના ગૃહસ્થકાળના કામ સેવનને માટે પણ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે રાગભાવ વિના પ્રણય સંભવિત જ નથી, અને તે રાગભાવ કદી પણ પવિત્ર નથી.

લેખક સતીશકુમારે યશોદાના સમર્પણને જણાવીને મહાવીરનો પ્રેમ વ્યવહાર લેખની શરૂઆતમાં મૂકવા પછી મહાવીરદેવ પ્રત્યે ચંદનબાળાજીના સમર્પણની વાત મૂકી દીધી છે. એ બે સમર્પણ વચ્ચે કશો ય બાહ્ય અભ્યંતર પ્રકારનો ભેદ પાડયા વિના એમણે એવું અત્યન્ત બિભત્સ ચિત્ર ઉપસાવ્યું છે કે જાણે યશોદા અને ચંદનબાળા–બે ય નો પ્રણય–એક જ પ્રકારનો હતો આ વાતની પુષ્ટિ આગળ જતાં મળે છે. લેખકે ચંદનબાળાજીને વીરના જીવનની 'નાયિકા' કહીને, મહાવીરદેવને અભિસાર કરનાર નાયક જેવા કહીને મહાવીર ચંદનબાળાજીના પ્રણયને સ્પષ્ટ રૂપે 'સાંસારિક' સમજાવવાનો અતિ હલકટ કક્ષાનો આભાસ ઊભો કર્યો છે.

જે દેવાધિદેવ પરમાત્મા મહાવીરે બાળ દીક્ષાને જોરદાર રીતે આવશ્યક ગણેલ છે, જે પોતે માત્ર વિચિત્ર કર્મના ઉદયે જ બાળવયમાં દીક્ષિત ન થઈ શકયાનું જણાવાયેલું છે, એક વિશિષ્ટ પરિસ્થિતિમાં જ જેમને દીક્ષા અંગેનો અભિગ્રહ લેવાની ફરજ પડી હતી.... એ બધી વાત લેખકે અભરાઈએ મૂકી દઈને નરદમ જૂઠથી છલોછલ ભરેલા આ લેખ દ્વારા વાંચકોને અવળા રસ્તે ચડાવી દેવાનો ખૂબ જ વ્યવસ્થિત રીતે પ્રયત્ન કર્યો છે.

સમીક્ષા :–ઉપરના ત્રણે ય સમાચારો ખુબ ધ્યાન પૂર્વક વાંચો. પહેલાં સમાચારમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે રાષ્ટ્રગીતનાં એક શબ્દમાં પણ જો સુધારો કરાય તો તે રાષ્ટ્રદ્રોહ ગણાય છે. એટલું જ નહિ પણ રાષ્ટ્રગીતનો રાગ પણ ચોક્કસ–નક્કી કરેલો–જ હોય છે.

હવે મારે એ કહેવું છે કે તો પછી જૈન–શાસ્ત્રોમાં બતાડેલી નિર્વાણ–કલ્યાણકની તમામ વિધિઓની અવગણના કરીને ભારત સરકાર રાષ્ટ્રીય ધોરણે ૨૫ મી શતાબ્દિની ઊજવણીનો કાર્યક્રમ શું સમજીને ગોઠવી રહી છે ? પૌષધ, જાપ, છઠ્ઠનો તપ વગેરે અમારી ધાર્મિક વિધિપૂર્વક જ જે ઊજવણી થઈ શકે તેને વિધિ વિના ઉજવવાથી અમારી ધાર્મિક લાગણીને સખ્ત રીતે આઘાત લાગે છે એ વાતની ઊજવણીના તમામ આયોજકોએ નોંધ લેવી જ રહી.

ઉપરના બીજા સમાચારમાં સરકારી મકાનો વગેરેના બાંધકામમાં ધાર્મિક વિધિઓ નહિ કરવાનો નિશ્ચય જાહેર કરાયો છે.

તો મારો સવાલ એ છે કે તો પછી જૈન ધર્મના નિર્વાણ કલ્યાણકની ઊજવણીમાં ભારત સરકાર શા માટે સામેલ થાય છે ? જો આ રાજ્ય બિનસાંપ્રદાયિક નીતિને વરેલું છે તો જૈનધર્મના પર્વની ઉજવણી માટે ભારતની સરકારે પચાસ લાખ રૂપીઆ શું સમજીને આપવાનું નક્કી કર્યું છે ? આમ તો ભારતના દરેક ધર્મો અને સંપ્રદાયો પોતાના તહેવારોની ઊજવણી માટે ભારત સરકાર પાસે જંગી સંપત્તિ નાંહ માગે ?

ત્રીજા સમાચારમાં રાષ્ટ્રીય ચિહ્નનો ખોટો ગેરઉપયોગ થતાં તેની સામે પડતા પગલાં લેવાયાનું જણાવાય છે તો ૨૫ મી શતાબ્દિની રાષ્ટ્રીય ઉજવણીમાં બોંબોનાં ફટાકા મારવા, શાસ્ત્રનિરપેક્ષ લેખોથી બનેલા પુસ્તકો (પાંચ મહાકાય ગ્રન્થો) છપાવવા, તીર્થોને પર્યટન બનાવીને તેની પવિત્રતાઓનો નાશ કરવો, મહાવીરદેવના માર્ગને વધુ સારી રીતે સમજતી શ્રમણસંસ્થાની અવગણના કરીને નવી જમાનાવાદી સંસ્થાઓ ઉભી કરવી.. વગેરે વગેરે. ઢગલાબંધ બાબતોમાં શું નિર્વાણ કલ્યાણકની ઉજવણીનો સાચી રીતે ઉપયોગ થતો દેખાય છે?

સમાચાર : "મુંબઇ સમાચાર" દૈનિક-
એક વિચારણા

"ધર્મલાભ સાથે વિદિત થાય કે ભગવાન્ શ્રી મહાવીરના નિર્વાણ મહોત્સવ સમિતિના સદસ્ય તરીકે આપનુ મહત્વનુ સ્થાન છે એટલે આપને સંબોધીને આ પત્ર લખુ છુ

નિર્વાણ મહોત્સવના ઉપલક્ષ્યમા ભિન્ન ભિન્ન વિદ્વાનોએ નિર્મિત કેટલાક પુસ્તકો સમિતિ દ્વારા પ્રગટ થવાના છે અને ગ્રંથો ભારતીય તેમજ વિદેશના વિદ્વાનો માટે પ્રમાણિત અને સન્માનિત બને એ અત્યત આવશ્યક છે પરંતુ, એ તો ત્યારે જ બની શકે કે જો તેમા સિદ્ધાત અને ઇતિહાસ આદિની મર્યાદા બરાબર જળવાઈ હોય એટલા માટે એ જરૂરી છે કે સમિતિમા નિયુક્ત વયેન અતિથિ-વિશેષોને આ સાહિત્ય અવલોકનાર્થે મોકલવુ જોઇએ, આ અતિથિ-

એમના બંગલે ઉપવાસ ઉપર ઊતરવાની તૈયારીઓ કરવી ઘટે.

સમાચાર : 'સંદેશ' તા. ૯-૧૦-૭૩

૭૦ વધુ સાધુઓની હત્યા:

તાજેતરના ભૂતકાળમાં પંજાબ, હરિયાણા અને રાજસ્થાન. થયેલા ૩૦ થી વધુ સાધુઓના ખૂન સાધુઓની દુનિયામા ચિતાં જગાવી રહ્યા છે. એવા અહેવાલો છે કે, સામ્યવાદીઓ અને ખા કરીને નક્સલવાદીઓ આ ખૂનો પાછળ રહેલા છે. રાજપુરુષોના એ વિભાગે આગળ કરેલી એક વિચારસરણી એવી છે કે, સાધુઓ ધાર્મિક લાગણીઓ પ્રસરાવે છે કે જે હિંસાની પદ્ધતિઓ દ્વારા કો સામ્યવાદી કબજાના માર્ગમા આડી આવે છે. તેથી, તેમણે સાધુઓની હત્યા કરવાનુ શરૂ કર્યું છે ભારત સાધુ સમાજના વડા આન સ્વામીજીએ ગુનાશોધક બ્યુરો દ્વારા કોઇ તપાસની માગણી કરી છે સાધુ સમાજનુ એક પ્રતિનિધિમંડળ પણ આ બાબતમા ટૂંક સમયમા કેન્દ્રીય ગૃહપ્રધાનને મળનાર છે.

સમીક્ષા :–આ છે ભારતનું બિનસાંપ્રદાયિક રાજ્ય! કે જેમાં સાંપ્રદાયિક ગણાતા ધર્મનો પ્રભાવ ફેલાવતી સાધુ-સંસ્થાને ખતમ કરાવાઈ રહી છે! પૂર્વે ઘણા સાધુઓને મારી નાંખવામાં આવ્યા બાદ બીજા સીત્તેર સાધુને માર્યા તેના સમાચાર ઉપર આપવામાં આવ્યા છે. આની સામે કોઈ સખ્ત પગલાં ભારત સરકાર લેવાની હોય તેવું વાંચવા મળ્યું નથી. કદાચ તેવા પગલાં લેશે પણ નહિ... સંભવ છે કે, એને જ ગમતી આ વાત હોય!

એ માટે જ બેય મહાસત્તાઓ પરસ્પરની દુશ્મનાવટનો બહારથી દેખાવ કરીને અન્ય દેશોના માંધાતાઓને ભુલાવામાં નાંખી દે છે. અને એ માંધાતાઓ એમની ઓથ લેવાની જીવલેણ ભૂલ કરી બેસે છે.

હિન્દ-પાકિસ્તાનના યુદ્ધ પણ એ બે ની મૈત્રીમાંથી જન્માવેલા પરસ્પરને લડાવી મારવાના યુદ્ધો છે એ વાત કેટલાના હૈયે ઊતરી હશે?





સમાચાર : જનસત્તા તા. ૨-૧૨-૭૩

રશિયા હિંદી મહાસાગરમાં મથકો માગતુ નથી.

સિંગાપોર ખાતેના મોસ્કોના એલચીએ ગઈકાલે અહી કહ્યું હતું કે રશિયા હિંદી મહાસાગરમા કોઈ મથકો માગતુ નથી અને એશિયામા સમગ્રપણે તેના સામુદાયિક સલામતિના કરારનો અમલ થાય તેમ ઇચ્છે છે.

પશ્ચિમ હિંદી મહાસાગરમાના રશિયન ઇરાદાઓની તેની બીતિ અંગે ગોથા ખાઈ રહ્યુ છે અને ચાન પ્રસ્તુત સલામતી કરાર દ્વારા 'ઘેરા' ના પ્રયાસનો સોવિયેટ સામે ખોટો આક્ષેપ કરે છે.

ભોજન સમારભમાં વિદેશી ખબરપત્રીઓ સાથેની વાતચીતમા બોરીસ એજુકાવનીકોવે ઉપર મુજબ કહ્યુ હતું.

"અમારે હિંદી મહાસાગરમાં મથકો જોઈતા નથી હુ તમને ખાત્રી આપી શકુ કે સોવિયેટ નૌકાકાફલો સાગરકાંઠાના કોઈ દેશને ધમકીરૂપ નથી"

સમીક્ષા :-ભારત અને રશીઆના વડાઓની મંત્રણા ભારતમા ચાલતી રહી હતી તે વખતે જ ઉપરના શબ્દો

મોસ્કોના એલચીએ ઉચ્ચાર્યા છે. ભારતીય સંસ્કૃતિ અને ...ધાન ભારતીય પ્રજાના સર્વનાશની ભૂમિકાના બીજ આ ...ભીર રાજકારણના ઉંડા પાણીમાં પડેલા છે માટે જ એની ...મીક્ષા કરવાનું અહીં ઉચિત લાગ્યું છે.

ગોરી સિવાયની [કાળી, લાલ અને પીળી] તમામ પ્રજાઓનો નાશ કરવાની ભયંકર યોજના હવે ઝડપથી આગળ વધશે એમ લાગે છે. રાજકારણીઓની 'ના'માં 'હા' હોય છે એ વાત સર્વવિદિત છે. સૌ પ્રથમ પીળી-ચીની પ્રજા-ઊપર દુનિયાના દિલોજાન દોસ્તો [દેખાવમાં શત્રુ ...રીકે રહેનારા] રશિયા-અમેરિકાનો-ડોળો કતરાયો છે.માઓનું ...ત્યુ અને ચીનની પ્રજાનો મહાનાશ....એ બે ઘટનાઓ એક જ દસકામાં-તુરતમાં જ બને તો નવાઈ નહિ. એ માટેની પૂર્વ તૈયારીરૂપે જ 'હિંદી મહાસાગર' માં લશ્કરી ...ણાંઓ નાંખવાની ઉકત બે ય મહાસત્તાની પેરવી હોય તેમ ...ણાય છે. જો આ સ્થિતિ આગળ વધે તો મુસ્લિમ રાજ્યો-...ી પ્રજાઓ પણ જોખમમાં મુકાય અને છેવટે હિન્દુસ્તાનનો ...ા વારો આવી રહે. જો કે ભારતીય ધર્મોના સંતો અને ...ર્માત્મા સદ્ગૃહસ્થોની સાધના એ આક્રમણોને મારી ...ઠાવશે અથવા તો એ પહેલાં જ પાપાત્માઓ એમના જ મહાસંહાર'ના પાપે જ ખવાઇ-ચવાઈ જઇને પોતાનો વિનાશ ...હોરી લેશે પરન્તુ વર્તમાન સ્થિતિ તો ભારતીય પ્રજા અને ભારતીય સંસ્કૃતિ માટે અત્યંત ભયજનક બની રહી છે એટલું તો નિર્વિવાદ લાગે છે

છે કિન્તુ પ્રજા તો સંપૂર્ણપણે બરબાદ થઈ ચૂકી છે. શું આપણને દેશને [ધરતીને] આબાદ કરતાં બંધારણનો ખપ છે ? કે પ્રજાને આબાદ કરતાં બંધારણનો ખપ છે ?

નવા બંધારણમાં દેશનું હિત જોવાએલું છે; મૂળ-ભૂત પ્રાચીન બંધારણમાં પ્રજાનું હિત જોવાએલું હતું. પ્રજાને બરબાદ કરતું અને અન્તે નષ્ટ કરતું જો નવું બંધારણ હોય; અને દેશનું જ હિત તે બંધારણથી થતું જતું હોય તો સહેજે પ્રશ્ન જાગે છે કે હિન્દુસ્તાનની પ્રજા નષ્ટ થયા પછી આ આબાદ બનેલો દેશ કોના ઉપયોગમાં આવશે ? કોના વસવાટ માટે ઉપયોગી બનશે ? શું તે યુરોપીઅનોના ? ઓહ ! તો તો 'સ્વ–રાજ' શબ્દમાં 'સ્વ' પદથી યુરોપીઅનોને જ સમજવા રહ્યા ને !

હિન્દુસ્તાની પ્રજાજનો ! તમે આ રહસ્યને સમજો; એનો તાગ પામવા કોશીશ કરો. અને 'જાગ્યા ત્યારથી સવાર' સમજીને મોક્ષપ્રધાન ચાર પુરુષાર્થની સંસ્કૃતિને પુનઃ ઉજ્જીવિત કરવા કમર કસો.

આ સિવાય જે કોઇ વિચાર થશે; રે ! કદાચ નવું બંધારણ ધરમૂળથી પલટો લેશે.... તો ય 'ઊલમાંથી ચૂલમાં' પડવા જેવું જ થશે. દુઃખો અને દોષોના અજગરો હિન્દુસ્તાની પ્રજાને ભરખીને જ રહેશે. વધુ મોડું થાય તે પહેલાં આ પ્રજાના અગ્રણીઓ જાગી જાય તો બહુ સારું.

છે ! પણ આમાં તે અધ્યાપકોનો દોષ નથી પરન્તુ તેમની જ વિદ્યાર્થી અવસ્થામાં તેમને પીવડાવાએલું શૈક્ષણિક ઝેર જ કારણભુત છે. ભારતના બંધારણમાં ભારતને 'બિન-સાંપ્રદાયિક રાજ્ય' તરીકે જે સ્વીકારવામાં આવ્યું છે; ત્યાં જ આ મશ્કરીના મૂળ પડેલા છે. ચોમેર એવી જૂઠી હવા હાથે કરીને–આપણા જ–ભારતીય–બુદ્ધિજીવીઓએ ફેલાવી છે કે, "સાંપ્રદાયિક માન્યતાઓ અને સાંપ્રદાયિક ક્રિયાકાંડે જ વેરઝેર અને વિદ્વેષ ફેલાવી રહ્યા છે. એ કોમવાદને લીધે જ આ દેશની પ્રજાની બરબાદી થઈ છે; શાન્તિ હરામ થઇ છે. આથી બધી સાંપ્રદાયિતાઓને આપણે અસ્પૃશ્ય સમજવી."

આ વિચાર હવે તો યુવાન પેઢીની નસનસમાં પ્રસરી ગયો છે. કદાચ હવે એને નિમૂંળ કરવાનું કામ, ઉપરથી બ્રહ્માજી ઊતરે તો તેમના માટે ય મુશ્કેલ બની રહેશે.

ધર્મ એ ધર્મ જ છે. એને સંપ્રદાય કહીને એની વગોવણી કાં કરો ? લોકમાનસમાં એવો વિચાર ઘર કરી ગયો છે કે સંપ્રદાય એટલે કજીઆનું ઘર.

આ માન્યતા સ્થિર થઈ હોવાથી જે કોઇ ધાર્મિક તત્ત્વો છે તે બધાયને સાંપ્રદાયિક ગણાવી દેવાની વૃત્તિઓ ફેલાવાઈ રહી છે. આથી ધર્મતત્ત્વો ઉપર પ્રજાની નફરત ઉત્તરોત્તર વધતી ચાલી છે. નફરતના આ વાયુમંડળમાં ધર્મીજનો પણ એવા ફસાયા છે કે તેઓ પણ કોઈ ધાર્મિક

પ્રાપ્ત થઇ છે તે જવાબદાર વ્યક્તિને માથે રહેતો. આથી જ કોઈ પ્રકારનો અનિચ્છનીય લાભ કોઇ વ્યક્તિ કે કોઇ ટોળું ઉઠાવી શકતા નહિ.

આજે મતનો અર્થ બદલાઈ ગયો. મત એટલે ચૂંટણીપત્રક થઈ ગયું. અભણ અને ભણેલાની, રાષ્ટ્રભક્ત અને રાષ્ટ્રદ્રોહીની; આસ્તિક અને નાસ્તિકની-બધાયની આંગળીનું મૂલ્ય અહીં એક સરખું ગણાય છે.

સામાન્યતઃ આ બધા ય વર્ગોને પ્રજાહિતની આગવી સૂઝ કે સંસ્કૃતિના મૂલ્યો ાા ગૌરવોનું ભાન વગેરે હોતું નથી અને આવા જ લોકો બહુમતામાં હોય છે.

લુચ્ચાઇ કરવી, બદમાશ થવું, જૂઠું બોલવું, કુડ-કપટ અને કાવાદાવામાં પાવરધા બની રહેવું એ તો આ લોકોના જીવનમાં આત્મસાત્ થઇ ગએલા હલકા તત્ત્વો હોય છે.

ગણ્યાં ગાંઠયાં સારા માણસો આવા લોકોથી આઘા જ રહેવાનું પસંદ કરે એ તદ્દન સ્વાભાવિક પરિસ્થિતિ છે. આથી જ અનિચ્છનીય તત્ત્વો વ્યક્તિગત રીતે કે જૂથની રીતે સત્તાસ્થાને આવે છે.

આ લોકોના હૈયે જેટલી ‘સ્વ’ ભક્તિ હોય છે તેના કોડમા અંશની પણ પ્રજાભક્તિ કે સંસ્કૃતિદાઝ હોતી નથી. ‘ખુરશી’ ને ચોટકી રહેવા સિવાયનું કોઇ પણ રાજકારણ તેઓ રમતા નથી.

લીબીયાના નેતા કર્નલ મુઅમ્મર ગદ્દાફીએ ગઇ કાલે શિખર પરિષદમાં જ્યારે બીજા નેતાઓને જણાવ્યુ હતું કે બે મહાન સત્તાઓને પરસ્પર હરિફાઇમા ઉતરવાની અને લાગવગના ક્ષેત્રો શોધવાની ફરજ પડી છે. એ કારણે તટસ્થતાની નીતિ અગે પોતાની જાતને છેતરશો નહિ ત્યારે ઘણાના ભવા ઉચા થયા હતા.

તેમણે જણાવ્યુ હતુ કે આ પરિષદ આપણે છોડીને જશું એ પછી મહાસત્તાઓ આપણી રાહ જોતી હશે અને મને આશા છે કે ફરી વાર આપણે મળીએ ત્યારે આપણામાના ઘણા ગાયબ થઈ ગયા હશે અગર ભરખાઇ ગયા હશે

સમીક્ષા : ઉપરના સમાચાર ઉપર મુકાએલું મથાળું નગણ્ય સમજીને અવગણશો નહિ. એના એકેકા શબ્દમાં ભાવીમાં ધરતી ઉપર અવતાર પામનારા અતિ કટૂ સત્યનો રણકાર પડેલો છે.

બે મહાસત્તાઓને શત્રુ માની લેવાની ભૂલમાંથી જો નીકળી જવાય તો કદાચ ઘણી પ્રજાઓ ઉગરી જાય, અથવા છેવટે દરેકનું મોત કાંઈક વધુ દૂર તો ઠેલાય જ. અને એ વચગાળાના સમયમાં મહાપુરુષો પાકી જાય તો તે તે પ્રજાઓ મોતમાંથી સંપૂર્ણપણે ઊગરી પણ જાય.

પાશ્ચિમાત્ય પદ્ધતિનું શિક્ષણ પામેલા–કાળા મોં વાળા હિન્દુસ્તાની અંગ્રેજો આ વાત ખૂબ વહેલી સમજે અને જો હિન્દુસ્તાની પ્રજાના હિતમાં જ વિચાર કરતાં થઇ જાય તો જ આ દેશની પ્રજા દીર્ઘજીવી બની શકે તેમ છે.

બેઠકો મેળવી. આ નાના દેશમા હવે નવ રાજકીય પક્ષો છે અને કોઈને બહુમતી નથી, એટલુ જ નહિ પણ ત્રણ ચાર પક્ષો ભેગા મળીને પણ સ્થિર રાજ્યતંત્ર કરી શકે તેમ નથી ગરીબાઈ અથવા આર્થિક વિષમતાનુ આ પરિણામ નથી. રાજતંત્રનો જ અવિશ્વાસ છે.

આવુ કેમ બન્યુ ? લોકશાહી સમાજવાદમાં એવુ શુ તત્વ છે કે લોકોને તેના પ્રત્યે સખત અણગમો થયો અને કંટાળો આવ્યો ? લોકશાહી સમાજવાદનુ ધ્યેય, એટલે કે ગરીબાઈ અને આર્થિક અસમાનતા નાબૂદ કરવા, તે મોટા ભાગે આ દેશોમાં સફળ થયુ છે છતા આમ કેમ ? રાજદ્વારી નિરીક્ષકો તેના કારણોમાં કહે છે કે આ સફળતા મેળવવાની જે કિંમત ચૂકવવી પડે છે તે હવે પ્રજાને સ્વીકાર્ય નથી. એ કિંમત શુ છે ? મોટી નોકરશાહી, ભારે કરવેરાઓ અને રાજ્યના ચાર તરફના અંકુશો અને નિયંત્રણો. Enormous bureaucracies, staggering Tax Rates and loss of individual initiative. ભલે ય રાજ્ય કરે પારણામાંથી મરણ સુધી લોકોને પોતાની રીતે, સ્વતંત્રપણે જીવન જીવવુ ગમે છે. Man dose not live bread only રાજ્ય જીવનનો ભરડો લે, પછી ભલે જીવનની બધી જરૂરિયાતો પૂરી પાડતા હોય તો પણ મા[illegible] એવા યાંત્રિક જીવન સામે પુકારી ઊઠે છે. ડેન્માર્કમાં એક એવો પક્ષ ઊભો થયો છે કે જે કરવેરા [illegible] કર-વાનુ કહે છે.

સમીક્ષા :– [illegible] ધ્યાન આપીને વાચવા જેવા છે. જે લોકશાહી [illegible] પ્રજાએ [illegible] ઉપર ઉતરતા સ્વર્ગના દર્શન કર્યા હતા તે લોકશાહી

નીતિ-રીતિની કલ્યાણકારિતા સામે હવે શંકાઓ વ્યક્ત થવા લાગી છે. છતાં એક વાત તો હજી પણ ઊભી છે કે લોકશાહી સામે શંકા વ્યકત કરતાં બુદ્ધિજીવીઓ પણ લોકશાહીને જ ધરમૂળથી દૂર કરવાની વાત તો નથી જ કરતા; પરન્તુ એના માળખામાં ફેરફારો કરવાનું જ જણાવે છે.

ગમે તેમ હો. તેઓ કદાચ સાચા પણ હોય પરન્તુ ભારતની પ્રજાના—યાવત્ વિશ્વ માત્રની સર્વ પ્રજાઓના—હિત ચિંતક તરીકે મને પણ મારો અભિપ્રાય જણાવવાનો અધિકાર છે. શિષ્ટ-પુરૂષો એ અભિપ્રાયને તોલે અને મને ન્યાય આપે.

આજનો બુદ્ધિજીવી વર્ગ એમ સમજ્યો છે કે લોકશાહી એ રાજાશાહી સામે ઊભી કરાએલી યોજના છે. જ્યારે હકીકત એ છે કે લોકશાહી એ સંતશાહીની સામે ઊભી કરવામા આવેલી જીવન પધ્ધતિ છે. આ હકીકતને પુષ્ટિ મળે તેવી કેટલીક હોનારતો આ લોકશાહીએ સર્જી છે

(૧) તેણે સંતોને ભૂગર્ભમાં ધકેલી દઇને પ્રમુખ, ચૂંટણી, મતદાન વગેરેને જ મહત્વ આપતી સંસ્થાઓની વિરાટ જાળ સર્વત્ર બીછાવી છે. પારસી ધર્મગુરુઓની સત્તા પારસી પંચાયત પાસે ગઈ છે, શિખ ધર્મગુરૂઓની સત્તા ગુરુદ્વારા કમિટિ પાસે ચાલી ગઇ છે જૈનાચાર્યોની સત્તા શ્વેતામ્બર કોન્ફરન્સ, તેરાપંથી મહાસભા, સ્થાનકવાસી કોન્ફરન્સ વગેરે પાસે ચાલી ગઇ છે મુસ્લીમોમાં મુસ્લીમ-લીગ, હિન્દુઓમા વૈષ્ણવબોર્ડ વગેરે પાસે પોતાના ધર્મગુરૂઓની સત્તા ચાલી ગઇ છે. આથી જ સંતોના જાગરણથી જન્મતા સજ્જનો, સુજનો અને સારા

સારા માનવોનો ભયાનક દુકાળ પડી ગયો છે. પેલા ધર્મ-ગુરુઓ પોતાના ધર્મશાસ્ત્રની આજ્ઞા પ્રમાણે વર્તતા હતા; પ્રજા પણ એ માર્ગે સુખ-શાન્તિ પામતી હતી. જ્યારે આ સંસ્થાઓ બહુમતના ધોરણે જમાનાવાદી લોકોના વિચારોને આડેધડ અપનાવે છે; અને પોતાના વર્ગમાં ફેલાવે છે. સારા માણસોનો વિચાર બહુમતના ધોરણમાં ફગાવાયો છે. અને મૂર્ખા, લુચ્ચા, ભોગરસિક બુદ્ધિજીવી લોકોના અસભ્ય અને અત્યંત હાનિકર વિચારોને આંખ મીચીને સ્વીકારવામાં આવ્યા છે. આનાથી પ્રજાના હિતનો વિચાર નષ્ટ થયો અને વ્યક્તિઓના સ્વાર્થ જ ફાલ્યા-ફૂલ્યા.

આથી લોકશાહી, લોકશાહી મટીને ટોળાશાહી બની અને અંતે ગુંડાશાહીમાં પરિણમી. આજની દેખાતી લોક શાહી હકીકતમાં તો અયોગ્ય વ્યકિતની કે કોઈ ટોળાંની સરમુખત્યારશાહી જ બની રહી છે.

આ વિચાર સુધી જ્યાં લગી ભારતીય પ્રજાના જૂદા જૂદા સ્તરના અગ્રણી માણસોની બુદ્ધિ નહિ પહોંચે ત્યાં સુધી ઢાંચો જ ઊભો રાખીને પદ્ધતિઓ બદલવાથી પ્રજાનું હિત કદી સધાશે નહિ.

બ્રિટનની દેખાતી લોકશાહીમાં ખરેખર તો રાજા જ સર્વોપરિ છે. અમેરિકામાં પણ પ્રેસીડન્ટની સત્તાઓ જ અત્યંત વિશાળ છે. યુનો વગેરેમાં પણ પાંચ મહાસત્તાઓને મળેલા વીટોમાં ય લોકશાહીનો તો સંપૂર્ણ રીતે મૃત્યુઘંટ જ બજાવાયો છે.

અફસોસ ! આમ છતાં ભારતની પ્રજાને લોકશાહીના નામ નીચે કેટલાક લુચ્ચા સ્વાર્થી લોકોના ટોળાને હવાલે કરી દેવામાં આવી છે; જે ટોળાની સત્તા, સંપત્તિ, ખુરશી વગેરેની ભૂખ કદી પણ પૂરી થનાર નથી. સાચે જ આવી પ્રજાઘાતક ભારતની લોકશાહીથી ભારતીઓને પારાવાર નુકશાન થવાથી તે લોકશાહી પરદેશીઓ માટે અમૃતકુંભ બની છે, જ્યારે ભારત માટે વિષકુંભ પુરવાર થઈ ચૂકી છે.

સમાચાર : ગુજરાત સમાચાર તા. ૨૩-૧૦-૭૩

જમ પેંધ્યાનો ભય

સલામતી સમિતિના સર્વાનુમત ઠરાવ પ્રમાણે પ. એશિયામા સંપૂર્ણ યુદ્ધવિરામ કદાચ શક્ય બનશે પણ કાયમી શાંતિ સ્થપાવાનો સંભવ બિલકુલ નથી યુદ્ધ કોઈને ખપતું નથી અને દુનિયાના ગરીબ દેશો તો યુદ્ધનો ગડગડાટ સાંભળીને જ ચિંતામા પડી જાય છે તેથી પૃથ્વીમા ગમે ત્યા યુદ્ધ થયુ હોય તો પણ તેનો કામચલાઉ અંત યુદ્ધવિરામથી આવે તેને તમામ નાના-મોટા પછાત અને અણુ વિકસિત દેશો આવકારે છે જ પ એશિયામા સલામતી સમિતિના ઠરાવ પ્રમાણે યુદ્ધવિરામ થાય એમ આરબો તેમજ ઇઝરાઈલીઓના તમામ મિત્રો હૃદયપૂર્વક ઇચ્છે છે.

છતાં રશિયા તથા અમેરિકાએ આ યુદ્ધકાંડને પ્રગટાવવામા તથા તેને હાલ પૂરતો ઠારવામા જે ભાગ ભજવ્યો છે એ અત્યંત ભયાવહ અને ઘૃણાસ્પદ છે. એ બન્ને મહાસત્તાઓ તથા યુરોપના આગેવાન દેશો, આરબો તેમજ ઈઝરાઈલને શસ્ત્રો આપી ધૂમ આર્થિક

ધર્મ મહાસત્તા તમને જરૂર પડકારશે.... જરૂર પડકારશે.... જરૂર પડકારશે."

ઋષિવરોના આ શબ્દો સાભળીને રાજા નતમસ્તકે તેમની વાત માથે ચડાવતા.

પણ બ્રિટીશરોએ સંતશાહીના મૂળમાં જ ઘા મારી દીધો એ માટે લોકશાસનની વાત વહેતી મૂકીને રાજાશાહીને ખતમ કરવાનો કાર્યક્રમ ગોઠવ્યો. સૌ પ્રથમ તો એ રાજાઓને ખૂબ માન-સન્માન આપ્યા; ક્યારેક એમની થતી ભૂલો સામે પ્રજા રોષાયમાન થતી તો બ્રિટીશ હાકેમોએ પ્રજાને સમજાવીને રાજાનું ગૌરવ વધાર્યું. અરે! રાજ સારું ચાલે તે માટે સારા દિવાનો પણ ગોઠવી આપ્યા!

રાજકુમારોને પરદેશોમાં ભણાવ્યા! મહારાજાઓના આગમન થતાં ત્યારે ૩૧-૩૧ તોપોની સલામી આપનાર પણ આ જ બ્રિટીશો હતા.

અને... અંતે ... એ રાજાઓના નામનિશાન એમણે જ મીટાવી દીધા! લોકશાસનના દેખીતા પ્રલોભનો પ્રજા દેખાડીનેસ્તો.

એ જ રીતે શરૂમાં વેપારીઓને ખૂબ ફુલાવ્યા. એમના ધંધાઓના પરદેશોમાં બજારો પણ ઉભા કરી આપ્યા. એમને મોટા બા કરી દીધા.... જગતશેઠો, નગરશેઠો અને શેઠીઆઓની બિરદાવલિ ગાવામા ક્યાંય ઉણપ ન રખાઈ.

પણ છેવટે લાઈસંસ (પરવાના) પદ્ધતિ, કુડ કોર્પોરેશનો વગેરે દ્વારા વેપારીઓની મૂળભૂત જડ ઉખેડી નાખી.

અને બીજી બાજુ પોતાના વેપારો અહીં નાખીને તમામ દેશી વેપારોને એમા ગુલામ જેવા કરી નાખ્યા.

ફરી ઉપરના સમાચાર વાંચો.

ગઈ કાલે ! મોટા માન મરતબા પામનો વેપારી વર્ગ ! આજે ! ઉભી બજારે હાથ–કડી પહેરીને નીચે મોંએ ચાલતો વેપારી !

બસ.. હવે છેલ્લો વારો આવે છે ખેડૂતોનો !

ગઈ કાલનો કુલણજી ! આવતી કાલનો બેહાલ ! બેકાર ! ઘરની ખેડ જમીન ખોઈ બેઠેલો ! એ જમીનનું વળતર સરકાર પાસે હપ્તે હપ્તે પામતો, મોતની રાહ જોતો; પોતાના ખેતરોમાં જંગી ટ્રેકટરો સાથે રશીઅનોને ખેતી કરતા જોઈને નીસાસા નાખતો ..

કંગાળ ભારતીય ! ગઈ કાલે વિશ્વને અનાજ પૂરું પાડતો ! આજે પોતાના બે બાળકોને ય રોટલો ખવડાવવા લાચાર !

જૈન જગત : ૧૯૬૧ નો માર્ચ માસનો અંક. પે ૨૪ ભગવાન મહાવીર કી અન્તર્વ્યથા.

લેખક : ભ્રમરકુમાર

मैं सच कह रहा हूं, तुम मुझे भूल रहे हो !
तुमने मुझे इन्सान नहीं, किन्तु भगवान समझा ।
शास्त्रों वेदों, त्रिपीटकों, आगमों के आधार पर ।

किन्तु मैं तुम जैसा ही इन्सान था ।
बिलकुल तुम जैसा ही हाथ पाँव वाला ।
तुम्हारी हर कमजोरियाँ मुझ में थी ।
तुम्हारी हर मजबूरियाँ, मुझ मै थी ।
× × ×
किन्तु मे सच कहता हूँ तुम्हें, केवल मैं इन्सान था ।
इन्सान बनकर ही इस धरती पर आया था ।
जैसे कि तुम । हाड़-मांस का बना हुआ ।
कमजोरियों से घिरा हुआ ।
मजबूरियों में पला हुआ ।
मुझे तुम इन्सान ही रहने दो, आदि ।

સમીક્ષા :–જૈન–જગત્ માસિકના સંપાદક શ્રી ઋષભદાસ રાંકા છે. ચાલુ જૂન માસમાં શેઠ કસ્તૂરભાઈ લાલભાઈના અધ્યક્ષપણા નીચે આ ભાઈને તેમણે કરેલા ભવ્ય કાર્યો (!) માટે એક લાખ રૂપીઆની પર્સ ભેટ આપવામાં આવનાર હતી. કોઈ પણ પ્રકારનો ઉંડા અભ્યાસનો અભાવ કેવા ફારસ સર્જે છે તેનો આ સમારંભ નમૂનો છે.

ભ્રમરકુમારનો લેખ જૈન જગત્‌માં સંપાદિત કરીને શ્રી રાંકાએ પોતાનું સંપૂર્ણ અનુમોદન વ્યકત કર્યું છે.

ઉપરનું ગદ્ય ફરીથી વાંચો ત્રિલોકપતિ, તીર્થંકર પરમાત્મા શાસનપતિ મહાવીરદેવને કેવી લૌકિક માનવ સહજ સ્થિતિમાં ગોઠવીને નીચે ઉતારી મૂક્યા છે! કેવું બિભત્સ આ અવમૂલ્યન છે! કોઈ પણ ભકતના અંતરને જોરદાર આઘાત આપે એવી આ ગદ્યમાં રજૂઆત છે!

અફસોસ ! આવા લેખોના પક્ષકારોને જ રાષ્ટ્રીયસ્તર-ની ઉજવણીના સર-સંચાલકોના સ્થાને બેસાડયા છે ! તેઓ શું ઉકાળશે ? ભગવાન જાણે.

સમાચાર : "સાધના" તા. ૫-૧-૭૪
'સરકારી રામાયણ મેળો'

"૭, ૭ ડીસેમ્બરે ચિત્રકુટમા સત પ્રભુદત્ત બ્રહ્મચારીનું આગમન થયું જનતાની ઇચ્છા હતી કે રામાયણ મેળાનુ ઉદ્દ્ઘાટન તેમના કરકમલો દ્વારા સપન્ન થાય મેળાના આયોજકોએ તેઓશ્રીની સંમતિ પણ પ્રાપ્ત કરી લીધેલી. પછી શું બન્યું તે એક સરકારી અધિકારીના શબ્દોમા જ સાભળીએ. 'ગઈ કાલ સુધી બ્રહ્મચારી-જીના હસ્તે જ ઉદ્દ્ઘાટન કરાવવાનુ નક્કી હતુ. એમની સ્વીકૃતિ પણ લેવાઈ ગઈ હતી પરતુ રાત્રે બહુગુણાજીનો વાયરલેસ સદેશો આવ્યો કે, 'બ્રહ્મચારીના હાથે ઉદ્દ્ઘાટન ન કરાવવુ,' અને આથી તેઓ આ મેળાનું ઉદ્દ્ઘાટન ન કરી શકયા.'

આ સરકારી મેળાનુ સમાપન કર્યું; ઉત્તર પ્રદેશના રાજ્યપાલ શ્રી અકબરઅલી ખાએ ! ખાસાહેબ રામાયણ કે રામચરિત માન-સનો ચોખ્ખો ઉચ્ચાર પણ કરી શકતા ન હતા. તેઓએ 'રામાયણ' નો ઉચ્ચાર 'રામાયના' બનાવી દીધો. બિહારના વિદ્વાન શ્રી ઉમેશ ચૌધરીએ રાજ્યપાલ મહોદયનુ ધ્યાન ખેચ્યુ કે સાચો ઉચ્ચાર 'રામાયણ' છે, 'રામયના' નહિ. મર્યાદા પુરૂષોત્તમ રામચદ્રજીને આ મેળામા દુનિયાના અલી જાહેર કરી દેવામા આવ્યા રાજ્યપાલ મહો-દયના કથનનુ ટેઈપરેકોર્ડ પ્રમાણ તરીકે મોજૂદ છે. જનતાને આશ્ચર્ય થયુ કે રામાયણના દેવ-દેવીઓ અલી અને મીણાની કલ્પના છે આ રામા-યણ મેળા માટે પ્રાદેશિક સરકારે ૫ દર હજારનુ અનુદાન જાહેર કર્યું"

હતુ; જયારે એનાથી વધુ રૂપિયા રાજ્યપાલ મહોદયના આગમન પાછળ ખર્ચીયા.

રામાયણ મેળાના પ્રથમ ત્રણ દિવસ દરમ્યાન એક પણ સરકારી અધિકારીના દર્શન થતા ન હતા પરંતુ, ચોથા દિવસે સરકારી અધિકારીઓની હાજરીથી આખો મંડપ શોભતો હતો. એટલુ જ નહિ પણ 'રામાયણ મેલા'ના મંચ પરથી રામકથા વિષયક નાટકોના કાર્યક્રમોને રદ કરી 'નહેરૂ યુવક કેન્દ્ર' (બાદા) દ્વારા લગભગ દોઢ કલાક સુધી 'બાપુને કહી થા' ફિલ્મ બતાવવામાં આવી !

સમીક્ષાઃ–વીરનિર્વાણની ઉજવણીને રાષ્ટ્રીયસ્તર ઉપર ઉજવવા માટે અત્યંત આગ્રહી બનેલા બંધુઓ ઉપરના પ્રસંગને શાન્ત ચિત્તે વિચારે. પરમાત્માના નિર્વાણ કલ્યાણકનું સરકારીકરણ થઇ રહ્યું છે. ભારત સરકારે સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું છે કે આ ઉજવણીમાં ધર્મ જેવું કશું જ હશે નહિ; મહાવીરદેવ તીર્થંકર હતા એ વાત બાજુ ઉપર રાખો. અમે તો સમાજસુધારક તરીકે, નામાંકિત વ્યક્તિ તરીકે, તત્વચિંતક તરીકે તેમની ઉજવણી કરવા માંગીએ છીએ.

અફસોસ ! ગવર્નમેન્ટની આવી અસંદિગ્ધ જાહેરાત પછી પણ ઉજવણી-તરફદારો પોતાના કદાગ્રહને મૂકવા તૈયાર થતા નથી; સાચી વાત સમજવાની પણ તેમની તૈયારી નથી. જે સ્થિતિ ઉપરોકત રામાયણ મેળામાં થઇ એનાથી પણ બેઢંગી સ્થિતિ રાષ્ટ્રીયસ્તરની ઉજવણીના મહાવીર મેળાના થઇને જ રહેશે. જેને જેમ ફાવે તેમ બોલશે. જેને જેમ ફાવે તેમ ગ્રન્થો લખશે... અનેક ફજેતાઓ થશે. આ

બધાયના પરિણામે જૈન-ધર્મ અને તેનું તત્ત્વજ્ઞાન અત્યંત વિકૃતસ્વરૂપ તૈયાર થઈને જગતમાં ફેલાશે. પછી વિકૃતનું જીવન કેટલું ? એ જીવે તો ય કેવું ?

હજી ઘણું મોડું થયું નથી. ઉજવણીના ગેસ-ચેમ્બરોમાં હલચાઈને ઘસી જવાની જરૂર નથી. જે ફીરકાને તેમાં જવું જ હોય તો તે જાણે; પરન્તુ શ્વેતામ્બરોએ તો અત્યંત સાવધાન બનીને એ ફીરકાઓની હોડમાં ચડવા જેવું નથી. એ ગેસ-ચેમ્બરમાં જનાર ફીરકો પોતાનું અસ્તિત્વ ગુમાવશે.

શું તો ય આપણે તેની સાથે જ રહેવું ? ના.... સહકાર તો વિકાસમાં હોય, સર્વનાશમાં તો સહકાર કદાપિ ન હોય

સમાચાર : સંદેશ તા. ૨૦-૧૧-૭૩

પશ્ચિમના દેશોમાં ભારતની પ્રાચીન કલાકૃતિઓ માટે વધતા ગાંડપણથી નિર્ધન થતો ભારતનો કલાવારસો.

સમૃદ્ધ પશ્ચિમના દેશોમાં અને ખાસ કરીને તો અમેરિકામાં પ્રાચીન ચીજ વસ્તુઓ માટે જે ગાંડપણ વધતુ જાય છે એને લીધે ભારતનો કલાવારસો એકધારી રીતે નિર્ધન બનતો જાય છે

હોય પણ તે લાભ આપનારી છે કેમકે મનુષ્ય અને પશુ અન્ન ખાઈને જીવે છે. અન્ન ખેતી વિના ઉત્પન્ન થતું નથી. ખેતી હળ ચલાવવાથી જ થઈ શકે છે અને હળ ચલાવવું એ બળદો પર જ આધાર રાખે છે એથી સ્પષ્ટ થાય છે કે, સમસ્ત સંસારના પશુઓના જીવનનો આધાર એક ગાય જાતિ છે.

"ઉપર લખ્યાં કારણોને લીધે અમારી દ્રઢ હિંમત અને શુદ્ધ દાનતની આ તાકીદ છે કે અમારા સામ્રાજ્યમાં ગૌહત્યા બિલકુલ ન રહે તે માટે આ શાહી ફરમાન જોતાં જ સમસ્ત રાજ કર્મચારીઓએ આ બાબતમાં વિશેષ રૂપથી પ્રયત્નો કરવા જોઈએ; જેથી શાહી ફરમાન પ્રમાણે હવે કોઈ ગામ કે શહેરમાં ગૌહત્યાનું નામનિશાન બાકી ન રહે. જો કોઈ આદમી આ ફરમાનનું ઉલ્લંઘન કરી નિષેધ કામ નહી છોડે તો તેણે સમજી લેવું કે તેણે સુલતાની ક્રોધમાં કે જે ખુદાના ક્રોધનું એક સ્વરૂપ છે તેમાં ફસાઈ જવું પડશે અને તે સખ્તમા સખ્ત શિક્ષાને પાત્ર ઠરશે. આ ફરમાનનું જે કોઈ ઉલ્લંઘન કરશે તેના હાથ પગની આંગળીઓ કાપી નાખવામાં આવશે."

સમાચાર : "શાશ્વતવાણી" ઓગષ્ટ '૭૨ હિન્દુ કહુલાને મે લજ્જા કયોં?
—શ્રી અભિલાષ સિંહ આર્ય

इसके पश्चात् हमारा देश स्वतन्त्र हुआ और देशका संविधान बना, संविधान मे 'हिन्दु-स्थान' का नाम बदलकर भारत (India) रख दिया गया. कुछ देशभकत नेताओने इस बात पर विरोध प्रकट कीया परन्तु मिस्तर नहेरु टससे मस न हुए. उन्हे ईस बातका भय था कि 'हिन्दू-स्थान' नाम संविधान मे रखने से पांच करोड मुसलमान न नाराज हो जाये. तबसे लेकर अब तक कोंग्रेसी शासकोने मुस्लिम तुष्टीकरणकी नीतिको बढावा दिया तथा राष्ट्रीय स्वय सेवक संघ, हिन्दू महासभा, आर्यसमाज आदि को साम्प्रदायिक कहकेर बदनाम कीया गया. कयोकी वे हिन्दूओकी संस्थाओका नाग (समारोप। अखन्ड भारत तथा 'हिन्दु-धर्म' व 'हिन्दू-संस्कृति की रक्षा व विकास करना था यह बात हमारे योग्य देश भक्त (?) कोंग्रेसी शासकोकी समज मे कैसे आती ? जब कभी 'हिन्दू-राष्ट्र' का प्रश्न उठा, ईन "योग्य देश-भकत" कोंग्रेसी शासकोका सोना हराम हो जाता था तथा तब यह ईसी अवसर की तलाश मे रहते थे कि कब हिन्दू महासभा व राष्ट्रीय स्वय सेवक संघ आर्य-समाजकी गरदन पर छुरी चलाई जाये ?

अब देश मे हिन्दूओंकी जन-संख्या कम करने मे परिवार-नियोजनको बढावा दिया गया है. ईसाइओ व मुसलमानोंने इसे नही अपनाया. इसे अधिक संख्यामे 'हिन्दू' ही अपना रहे है. मुस्लिम शासनकालमे भी हिन्दू ही घटाये गये; अंग्रेजी शाशनकाल मे भी हिन्दू ही घटाये गये और इस वर्तमान कोंग्रेसी शासनकालमे भी हिन्दु ही घटाये जा रहे है. यह षडयन्त्र मुस्लिम शासनकाळ से लेकर अब तक बराबर जारी है. हिन्दूओका अब ऐसे षडयन्त्रो तथा परिवार नियोजन के दुष्प्रचार मे सावधान

રહના હોગા. ઇસસે મુસલમાનોં તથા ઇસાઈઓકી જન-સંખ્યા બઢતી જાએગી ઔર હિન્દૂઓંકી કમ હોતી જાએગી.

આજ હમારે દેશમે "હિન્દૂ" કહના હીનતા સમજા જાતા હે. જબ ભી કીસીસે પૂછા જાયે કિ તુમ કૌન હો ? તો કીસીને કહા કિ વહ પંજાબી હે, કિસીને કહા કિ બ્રાહ્મણ યા રાજપૂત આદિ આદિ તરહ-તરહકે નામ વ જાતિયા બનાઈ, પરન્તુ મૈને કિસીકે મુંહ સે યહ નહી સુના કિ 'મે હિન્દૂ હું'. જનતા (મનુષ્યોં કે સમૂહ) કો યહ નહીં ભૂલના ચાહિએ કિ હમ હિન્દૂ હૈ, હમારી માતૃભાષા—હિન્દી હૈ હમારા ધર્મ 'હિન્દૂ ધર્મ' હૈ. હમારા ધર્મ-ગ્રન્થ 'વેદ' હે હમારા દેશ 'હિન્દૂ-સ્થાન' હે.

જાપાન કે નિવાસી અપનેકો જાપાની કહતે હૈ. રુસ કે રૂસી કહેતે હૈ અમેરિકાવાલે અપને કો અમરીકન કહતે હૈ તો ફિર હમ અપને કો 'હિન્દુ' કયો ન કહે ? 'હિન્દુ' કહલાને પર હમે ગર્વ હોના ચાહિએ.

હમ 'હિન્દૂ સમાજ' કે અભિન્ન અંગ હૈ. હમે અપની હિન્દૂ સભ્યતા વ. હિંદૂ-સંસ્કૃતિ કિ રક્ષા કરની હોગી.

સમીક્ષા :-ઉપરોક્ત લેખના લેખકને 'હિંદુત્વ'નું અથાગ ગૌરવ છે એ આનંદની બાબત છે. પરન્તુ તેમને પોતાને એ ખ્યાલચૂક થયેલ લાગે છે કે 'હિંદુ એ પ્રજા છે, હિંદુ એ કાંઈ ધર્મ નથી. હિંદુ પ્રજાના અનેક ધર્મો છે દા. ત. વૈદિક, શીખ, જૈન, બૌદ્ધ વગેરે.

જૈનો પ્રજાથી હિન્દુ છે, ધર્મથી જૈન છે તેમ વૈદિકો પ્રજાથી હિન્દુ છે, ધર્મે વૈદિક છે.

હિન્દુસ્તાનમાં હિન્દુ નામનો કોઇ ધર્મ નથી. હિન્દુ નામની પ્રજા છે. ઘણા લોકોએ વૈદિક ધર્મને જ હિન્દુ

ધર્મ કહીને હિંદુ નામની વિશાળ પ્રજાનું અસ્તિત્વ મિટાવી દીધું છે. આવી ગેરસમજને કારણે જ જે લોકો વૈદિક ધર્મ પાળતા નથી તે જૈન, શીખ, બૌદ્ધ વગેરે પોતાને 'હિન્દુ' ગણાવતા નથી. હકીકતમાં તો તેઓ પણ હિન્દુ પ્રજાજન જ છે

બીજી વાત એ છે કે લેખકશ્રીએ હિંદુપ્રજાના થતા નાશની જે વેદના વ્યકત કરી છે તે વેદના હિંદુપ્રજાના સંતોના હૈયે ભડકો બનીને જ્યાં સુધી પેદા નહિ થાય ત્યા સુધી આવા અનેક લેખો નિષ્ફળ જશે.

એ વાત હજી સમજાતી નથી કે સંસ્કૃતિના રખોપાઓ આટલા બધા નિષ્ક્રિય, નિરાશ, અને નિર્માલ્ય કેમ બન્યા હશે ?

જો તેમનો વિરાટ ફાટે તો કોઈની શી મજાલ છે કે હિંદુપ્રજા ઉપર ખરાબ નજર પણ કરી શકે ?

રખોપાઓની એ ક્ષતિઓએ જ હિંદુપ્રજાને અસ્મિતા વિનાની, ખુમારી વિનાની, ખમીર વિનાની-સત્ત્વહીન બનાવી છે.

સંસ્કૃતિનું સતત જાગરણ ન હોય ત્યાં આખી નવી પેઢી ઇસુ ખ્રિસ્ત વિનાની [રામ, કૃષ્ણ કે મહાવીરવાળી] ક્રીશ્ચીઅન બની જાય તો તેમાં કોનો દોષ કેટલો ગણવો. એ શાણા માણસોએ વિચારવું પડશે.

કૃત્રિમ સંતતિ નિયમન (વંધ્યીકરણ, ગર્ભપાત અને ગર્ભનિરોધક ટીકડીઓ) ને પરિણામે લગ્ન જીવનમાં બેવફાઈ, અનૈતિકતા, સ્ત્રીઓ પ્રત્યેની માનની લાગણી મટી જવી અને રાજકીય જોખમો પણ આથી ઊભા થશે.

વેટિકનના અગ્રણી ધર્મશાસ્ત્રી અને પોપના સતતિનિયમન અભ્યાસ પંચના સભ્ય મો ફ્યોરફર્નાન્ડોએ ભરચક પત્રકાર-પરિષદને આ પરિપત્રની સમજણ આપતા કહ્યુ હતુ કે-આ પરિપત્ર ભાવિ ફેરફારના બારણા બધ કરતો નથી; પરતુ તમામ કેથોલિકોએ આ ચુકાદાને અનુસરવુ જોઈએ એવો ઈરાદો રાખવામાં આવે છે.

સમીક્ષા :-ઇસાઈ વડા ધર્મગુરુ પોપના ઉપરોકત ચુકાદાની પૂર્વભૂમિકા જાણી લેવી જોઈએ. આ ચુકાદો જાહેર કરતાં પહેલા તેમણે વિવિધ ઈસાઈ સિત્તોર ધર્મ-ગુરુઓની કમિટિ બનાવીને તેની પાસે એ નિર્ણય માંગ્યો હતો કે, 'સંતતિનિયમનના આધુનિક સાધનોના વપરાશને બાઈબલની સંમતિ મળે છે કે નહિ ?

૬૯ વ્યકિતઓએ બાઇબલની સંમતિ મળવાની તરફેણ કરી હતી. આમ છતાં વડા-ધર્મગુરુ પોપે એ જંગી બહુમતિની પણ અવગણના કરીને ઉપરોકત ચુકાદો આપ્યો!

જગતમાં બધે ય બહુમતિ ચાલે છે પણ વેટીકન કન્ટ્રીના-રાજાઓના પણ ગણાતાં-ધર્મગુરુ પોપના રાજ્યમાં બહુમતિને સ્થાન નથી; ત્યાં તો બાઈબલની શાસ્ત્રમતિ અને એનું અર્થઘટન કરતા પોપ જ સર્વેસર્વા ગણાય છે.

જે અંગ્રેજોએ જ બહુમતિનું ભૂત જગત ઉપર ફેલાવ્યું છે એ જ અગ્રેજોના ધર્મગુરુઓ બહુમતિના

સમાચાર : "દશા-શ્રીમાળી" તા. ૧૫-૮-૬૮

કૃત્રિમ સંતતિ-નિયમનનાં બધાં સ્વરૂપોનો અસ્વીકાર -ના. પોપનો ઐતિહાસિક ચુકાદો.

ના. પોપ પોલે વર્ષોના ચિંતન અને અભ્યાસને અંતે રોમન કેથોલિક દંપતીઓ માટે કૃત્રિમ સંતતિ નિયમનના તમામ સ્વરૂપોને નકારી કાઢેલ છે.

ચર્ચ પરના એક સર્વ સાધારણ પરિપત્રમાં ના. પોપ પોલનો ચુકાદો જાહેર થયેલ છે તે પરિપત્ર 'રિધમ મેથડ' સિવાય સંતતિ નિયમનના કોઇ પણ પગલાંનો આશ્રય લેવામાં આવે તેને કેથોલિક દંપતીઓ માટે પાપ ગણે છે; અને 'રિધમ મેથડને' વધુ વિશ્વસનીય બનાવવાના માર્ગો યોજી કાઢવા ડાકટરોને અનુરોધ કરે છે. લગ્ન જીવનમાં ગર્ભાધાન થતુ ઈરાદાપૂર્વક રોકે એવુ કશુ જ નહિ કરવાના તેમના આગલા બે પુરોગામીઓના પ્રણાલિગત ઉપદેશોનુ આ પરિપત્ર સમર્થન કરે છે.

આમ છતા ના. પોપે, શારીરિક અવસ્થાઓ (એટલે કે રોગો) મટાડવા માટે ટીકડીઓ વાપરવાના સ્ત્રીઓના હક્કને અબાધિત રાખ્યો છે-પછી ભલેને આવી ટીકડીઓ ગર્ભનિરોધક ટીકડીઓ હોય

વિશ્વના ૫૫ કરોડ કેથોલિકો પૈકી ઘણાને આ ઉપદેશ સ્વીકારવામાં મુશ્કેલી ઊભી થશે એવુ સ્વીકારીને પરિપત્રમાં જણાવાયુ છે કે-'ઈશ્વર સ્થાપિત સમાજ વ્યવસ્થાને માન આપીને સંતતિ નિયમન થવુ જોઇએ.

આ પ્રકારનુ સંતતિ નિયમન એટલે સ્ત્રીઓના [illegible] 'સલામત સમય' (સેફ પિરિયડ) પૂરતો જ સંભોગ મર્યાદિત અને એ રીતે કુટુમ્બોનુ કદ મર્યાદિત રાખવુ.

સમાચાર : "દશા-શ્રીમાળી" તા. ૧૫-૮-૬૮

કૃત્રિમ સંતતિ-નિયમનનાં બધાં સ્વરૂપોનો અસ્વીકાર -ના. પોપનો ઐતિહાસિક ચુકાદો.

ના. પોપ પોલે વર્ષોના ચિંતન અને અભ્યાસને અંતે રોમન કેથોલિક દંપતીઓ માટે કૃત્રિમ સંતતિ નિયમનના તમામ સ્વરૂપોને નકારી કાઢેલ છે.

ચર્ચ પરના એક સર્વ સાધારણ પરિપત્રમાં ના. પોપ પોલનો ચુકાદો જાહેર થયેલ છે. તે પરિપત્ર 'રિધમ મેથડ' સિવાય સંતતિ નિયમનના કોઇ પણ પગલાંનો આશ્રય લેવામાં આવે તેને કેથોલિક દંપતીઓ માટે પાપ ગણે છે; અને 'રિધમ મેથડને' વધુ વિશ્વસનીય બનાવવાના માર્ગો યોજી કાઢવા ડાકટરોને અનુરોધ કરે છે. લગ્ન જીવનમાં ગર્ભાધાન થતુ ઇરાદાપૂર્વક રોકે એવુ કશુ જ નહિ કર-વાના તેમના આગલા બે પુરોગામીઓના પ્રણાલિગત ઉપદેશોનું આ પરિપત્ર સમર્થન કરે છે.

આમ છતા ના. પોપે, શારીરિક અવસ્થાઓ (એટલે કે રોગો) મટાડવા માટે ટીકડીઓ વાપરવાના સ્ત્રીઓના હક્કને અબાધિત રાખ્યો છે-પછી ભલેને આવી ટીકડીઓ ગર્ભનિરોધક ટીકડીઓ હોય

વિશ્વના ૫૫ કરોડ કેથોલિકો પૈકી ઘણાને આ ઉપદેશ સ્વિકાર-વામાં મુશ્કેલી ઊભી થશે એવુ સ્વીકારીને પરિપત્રમા જણાવાયુ છે કે-'ઈશ્વર સ્થાપિત સમાજ વ્યવસ્થાને માન આપીને સંતતિ નિયમન થવુ જોઇએ.

આ પ્રકારનુ સંતતિ નિયમન એટલે સ્ત્રીઓના કહેવાતા 'સલામત સમય' (સેફ પિરિયડ) પૂરતો જ સંભોગ મર્યાદિત રાખવો અને એ રીતે કુટુંબોનુ કદ મર્યાદિત રાખવુ.

કૃત્રિમ સંતતિ નિયમન (વંધ્યીકરણ, ગર્ભપાત અને ગર્ભનિરોધક ટીકડીઓ) ને પરિણામે લગ્ન જીવનમાં બેવફાઈ, અનૈતિકતા, સ્ત્રીઓ પ્રત્યેની માનની લાગણી મટી જવી અને રાજકીય જોખમો પણ આથી ઊભા થશે.

વેટિકનના અગ્રણી ધર્મશાસ્ત્રી અને પોપના સંતતિનિયમન અભ્યાસ પંચના સભ્ય મો સ્પોરફર્નાન્ડોએ ભરચક પત્રકાર-પરિષદને આ પરિપત્રની સમજણ આપતા કહ્યું હતું કે-આ પરિપત્ર ભાવિ છૂટછાટના બારણા બંધ કરતો નથી; પરંતુ તમામ કેથોલિકોએ આ ચુકાદાને અનુસરવું જોઈએ એવો ઇરાદો રાખવામાં આવે છે.

સમીક્ષા :-ઇસાઈ વડા ધર્મગુરુ પોપના ઉપરોકત ચુકાદાની પૂર્વભૂમિકા જાણી લેવી જોઈએ. આ ચુકાદો જાહેર કરતાં પહેલા તેમણે વિવિધ ઈસાઈ સિનોર ધર્મ-ગુરુઓની કમિટિ બનાવીને તેની પાસે એ નિર્ણય માંગ્યો હતો કે, 'સંતતિનિયમનના આધુનિક સાધનોના વપરાશને બાઈબલની સંમતિ મળે છે કે નહિ ?

૬૬ વ્યકિતઓએ બાઇબલની સંમતિ મળવાની તરફેણ કરી હતી. આમ છતા વડા-ધર્મગુરુ પોપે એ જંગી બહુમતિની પણ અવગણના કરીને ઉપરોકત ચુકાદો આપ્યો!

જગતમા બધે ય બહુમતિ ચાલે છે પણ વેટીકન કન્ટ્રીના-રાજાઓના પણ ગણાતાં-ધર્મગુરુ પોપના રાજ્યમાં બહુમતિને સ્થાન નથી, ત્યા તો બાઈબલની શાસ્ત્રમતિ અને એનું અર્થઘટન કરતા પોપ જ સર્વેસર્વા ગણાય છે.

જે અગ્રેજોએ જ બહુમતિનું ભૂત જગત ઉપર ફેલાવ્યું છે એ જ અગ્રેજોના ધર્મગુરુઓ બહુમતિના

-નુકશાનોના પૂરા જાણકાર હોવાથી એમણે એ ભૂતને પોતાના ઘરમાં સ્થાન આપ્યું નથી. અસ્તુ.

ઉપરના ચુકાદાઓમાંથી એક જ વાત આપણે વિચારવી છે કે સંતતિ–નિયમનના સાધનો વંધ્યીકરણ, ગર્ભપાત અને ગર્ભનિરોધક ટીકડીઓ–જો રાજકીય જોખમો સુધીના અનેક નુકશાનો ઊભા કરે છે; યુવાનોમાં ભયાનક દુરાચારને ફેલાવનારા બને છે તો તેનો વપરાશ થઈ શકે જ નહિ; એ અત્યંત અસંદિગ્ધ રીતે નક્કી કરવું જ જોઈએ. એમ કરતાં જે પ્રશ્નો ઊભા જ રહી જાય તેના ઉકેલો બીજી રીતે જ શોધવા જોઈએ.

જો કે સંતતિનિયમન કેટલું આવશ્યક છે ? એ જ ભૌતિક દૃષ્ટિએ પણ પ્રશ્ન છે. છતાં જો તે અનિવાર્ય ગણાતું હોય તો પણ તેનો ઉપાય એવો તો ન જ હોવો જોઈએ કે જેનો પ્રત્યાઘાતરૂપે પ્રજાની મૂળભૂત તાકાત–બ્રહ્મચર્ય વગેરે–સાફ થઈ જાય.

આથી જ ઇસાઇ ધર્મગુરુ પોપે સ્ત્રીઓના એવા સમયને સૂચવ્યો કે જેમાં ગર્ભાધાન સંભવિત જ ન હોય. આમ કરીને ગર્ભાધાનના કાળમાં પૂર્ણ અને શુદ્ધ બ્રહ્મચર્ય પાળીને જ તેમણે સંતતિનિયમનની હિમાયત કરી છે. ઈસાઈ ધર્મગુરુઓ જો આટલું પણ વિચારી શકતા હોય તો આર્ય તરીકેનો ઠેકો ધરાવતી ભારતીય પ્રજા આટલું ય સમજી શકતી નથી ? શા માટે એના નેતાઓ અબજો રૂપીઆના ધૂમાડા આ સાધનોની પાછળ કરીને પ્રજાની પવિત્રતાને નષ્ટ કરતા હશે ?

પણ અફસોસ ! એ જ અંગ્રેજોએ પોતે સલામત રહેવા સાથે બીજી બધી પ્રજાઓને 'બિનસલામત' બનાવી દેવા કમર કસી છે; અને તે માટે એ-ગૌર પ્રજાના નેતાઓની ચોપાસ, તેઓ કે તેઓના એજન્ટો પ્રચ્છન્ન રીતે ગોઠવાઈ ગયા છે ત્યાં શું થાય ?

અને આજનું શિક્ષણ ! ઊગતી ભારતીય પ્રજાના પાયામાં જ વાસનાઓના ઝેર રેડી રહ્યું છે પછી બચવાનો આરોવારો જ કયાં રહ્યો ?





સમાચાર : ગુજરાત સમાચાર તા ૨૦-૫-૭૪

અણુ વિસ્ફોટે ઘડીભર રેલવે હડતાલને પાછળ નાખી દીધી છે અને બધા વર્તુળોમા અણુ વિસ્ફોટના પ્રશ્નની ચર્ચા થઈ રહી છે.

પાકિસ્તાન સાથેના યુદ્ધમાં ભારતના છેલ્લા વિજયે ભારતને સમગ્ર એશિયામા અને વિશેષ કરીને દક્ષિણ પૂર્વ એશિયામા એક શક્તિશાળી રાષ્ટ્ર તરીકેની પ્રતિષ્ઠા અપાવી હતી. હવે અણુ વિસ્ફોટ ભારતને અણુશક્તિવાળા દેશ તરીકે તો નામના આપે જ છે પરંતુ એક તાકાતવાળા ને અદ્યતન તરીકેની પ્રતિષ્ઠા આપશે.

આ દિશાની પ્રગતિ હવે પાકિસ્તાન અને ચીન સાથેના સબંધો સુધારવાની દિશામાં પણ ભારતનુ કામ સરળ કરે તેવી એક ભાવિ સભાવના ખરી.

દેશમા જ્યારે આર્થિક ક્ષેત્રે સરકારની પ્રતિષ્ઠા ખૂબ જ નીચી ગઈ છે ત્યારે અણુ વિસ્ફોટ શ્રીમતી ગાંધી અને એમની સરકારને કંઈક વધુ પ્રતિષ્ઠિત કરવામા સહાયભૂત બનને.

ભારતના બધા અખબારોએ અણુ વિસ્ફોટના સમાચાર ખૂબ જ મહત્વની રીતે પ્રસિદ્ધ કર્યા છે.

સમીક્ષા :–ભાગ્યે જ કોઈ સમાચાર–પત્રે ભારતે કરેલા ભૂગર્ભ અણુધડાકાના સાચા સંભવિત પ્રત્યાઘાતો આપ્યા હશે ! લગભગ બધા પત્રોએ એકમતે જણાવ્યું છે કે, આ અણુધડાકાથી ચીન અને પાકિસ્તાન ગભરાશે અને ભારત સાથે મૈત્રીનો હાથ લાંબો કરશે.

આ અભિપ્રાય સાથે સંમત થવાનું લગભગ મુશ્કેલ છે. ખરેખર તો આ ધડાકો ભારતના દુશ્મનોના અંતરમાં વૈરની આગ ભભૂકાવવા માટે છે; ભારતના શત્રુ ગણાતા દેશોને શસ્ત્રસજ્જ કરતાં હવે ભારતના આગેવાનો જરા ય અટકાવ ન લાવી શકે તે માટેનો ધડાકો છે. જો ભારતના શત્રુ ગણાતા દેશો શસ્ત્રસજ્જ બને, અણુબોંબ પ્રાપ્ત કરી લે કે બનાવી લે તો ભારત સાથે પુનઃ ખૂનખાર જંગો ખેલાતા રહે અને તેથી બે ય પક્ષની પ્રાચીન અ–ગૌર પ્રજાની લોહીની નદીઓ એમના જ દેશોની ધરતી ઉપર વહ્યા કરે. આ જોઈને ગૌર લોકોના લોહી શેર–શેર ચઢે

કેટલાક પરદેશી પ્રસિદ્ધ અખબારોએ–ગમે તે કારણસર પણ–સાચું જ કહ્યુ છે કે, ભૂખ્યો અને ભિખારી દેશ આવા અણુવિસ્ફોટના કાર્યક્રમ પાછળ અબજો રૂપીઆના ધૂમાડા કરીને પોતાનું પાગલપન સ્પષ્ટપણે છતું કરી દે છે !

બિચારા ! ભારતીય વડાપ્રધાન ! શું આ દેશની

પ્રજાની ભયાનક દુર્દશાને નહિ સમજતા હોય ? તો શા માટે આમ અબજો રૂપીઆનો દુર્વ્યય કરતા હશે ?

એક જ ઉત્તર છે, "ગૌરમુત્સદ્દીઓનું એમની ઉપર ભેદી દબાણ ! અને એમની કારમી ખુરશી ભૂખ !

રે ! જ્યારે ભારતીય પ્રજા જ આ ધરતી ઉપરથી વિદાય લઇ રહી છે ત્યારે એમની 'ખુરશી' કયાંથી જીવતી રહી જશે ? પણ અફસોસ ! બૌદ્ધિક અંધાપો પામેલા એ લોકોને આ વાત નજરમા જ ન આવે ત્યા શું થાય ?

સમાચાર : 'મુંબઈ સમાચાર' તા. ૩૧-૮-૭૩
બીફની નિકાસના પરિણામે મોટા ઢોરોની તીવ્ર અછત

મોટા ઢોરોની કતલ પર ૧૯૭૨ના નવેમ્બર માસમા મૂકાએલો અંકુશ ઉઠાવી લેવાના પરિણામે આવા ઢોરો મોટા પ્રમાણમા કપાતા હોવાથી મહારાષ્ટ્ર રાજ્યમા આવા ઢોરોની તીવ્ર તંગી વરતાવા લાગી છે.

ખાસ કરીને પશ્ચિમ એશિયા અને યુરોપમાં બીફની ખૂબ જ માંગ છે, અને ટૂંક સમયમાજ મુંબઇ ઇરાનના અખાતના અને યુરોપના દેશો ખાતે બીફની નિકાસ કરતુ મુખ્ય નિકાસકાર બની જશે.

વિદેશમાં ભારતીય બીફની માગ ઉત્તરોત્તર વધી રહી છે અને શહેરના બીફની નિકાસ કરવામા રસ લેનાર વેપારીઓની સંખ્યા વધી રહી છે તેમા એક-બે વેપારીઓ તો ઇરાનના અખાત અને યુરોપના દેશો ખાતે દર અઠવાડિયે ૧૦૦ ટન બીફ નિકાસ કરવાની યોજનાને આખરી સ્વરૂપ આપી રહ્યા છે

આ દેશોમાં બીફ કિલોના રૂા. ૧૫ થી રૂા. ૧૮ ના ભાવે અને મટન કિલોના રૂા. ૨૪ ના ભાવે વેચાય છે.

આ નિકાસના કારણે બીફના ઘર આગણાના ભાવો ઉપર અસર થઈ છે.

મોટા ઢોરોની અછતનુ બીજુ કારણ દુકાળની પરિસ્થિતિ છે જેના કારણે મોટા પ્રમાણમા આવા ઢોરોની સખ્યા ઘટી છે.

દેશનું પશુધન જાળવી રાખવા માટે પ્રાણીઓની કતલ ઉપર અકુશ મૂકવાની જરૂર છે. સરકાર પાસે ઘણી અરજીઓ હોવાથી આ બાબત તેની વિચારણા હેઠળ છે.

અગાઉ એક બળદની કિમત રૂા. ૧૦૦ થી રૂા. ૩૫૦ જેટલી હતી તે વધીને રૂા. ૨૫૦ થી રૂા. ૫૦૦ સુધી પહોચી છે અને અછતના કારણે અત્યારે એક ભેંસની કિમત રૂા. ૪૦૦ થી રૂા. ૭૦૦ સુધી ચાલે છે.

બે દિવસ અગાઉ દેવનાર ખાતે ૬૫૦૦ ઘેટાં અને બકરા વેચાણ માટે આવ્યા હતા તેજ રાતના બીજા ૨૦૦૦ આવ્યા અને કુલ ૨૮૦૦ ની કતલ થઈ. સામાન્ય રીતે ૧૨૦૦૦ થી ૧૫૦૦૦ ઘેટા બકરા વેચાણ માટે આવતા હોય છે.

પ્રાણીઓની આ અવિચારી કતલનો પ્રશ્ન પ્રાણી ઉછેરના ડીરેકટરના ધ્યાનમા લાવવામા આવ્યો છે

સમીક્ષા :–ભારત એ એવો દેશ છે જેની ઘણી મોટી પ્રજા ખેતી ઉપર નભે છે. આથી જ આ આર્યપ્રજાનું અસ્તિત્વ અને ગૌરવવંતુ વ્યકિતત્વ બે ય 'પશુ' ની સાથે સમવ્યાપ્તિ ધરાવે છે. "જો પશુ છે તો પ્રજા છે. જો પશુ નથી તો પ્રજા નથી."

આનું કારણ ખેતીની ફળદ્રુપ જમીન છે. જમીનની

ફળદ્રુપતા પશુના સેન્દ્રિય ખાતરથી જ સંભવિત છે. અને એ ખાતર 'પશુ' વિના અસંભવિત છે.

ફર્ટીલાઈઝરોનું ખાતર; દૂધની ડેરીઓ, દૂધના પાવડરો, ટ્રેક્ટરો અને પાણીના પંપોએ 'પશુ' ની બિનજરૂરીઆત તરફ પ્રજાને ઢસડી જવાનું કાર્ય સફળ રીતે ભલે પાર ઉતાર્યું જણાતું હોય પણ તેના કારણે પશુઓની જે ક્રૂર અને વ્યાપક કત્લેઆમ થવા લાગી છે તે થોડા જ સમયમાં ભારતીય પ્રજાની વગર કતલખાને કત્લેઆમ કરીને જ રહેશે.

પ્રત્યેક વાતમાં પરાયા દેશોનું વધુ પડતું અને સતત વધતું જતું અવલંબન-આ દેશની પ્રજાને રહેંસી-પીંસી નાખે તો નવાઇ નહિ.

ભયાનક ભૂખમરામાં ફસડાઇ પડવા માટે આ દેશની પ્રજાને હવે દસકા જેટલા વર્ષ પણ કદાચ જોવા નહિ પડે.

જો હજી પણ જાગી જવાય અને પરદેશીઓની
સહાયતાનો દેખાવ કરતા ખૂની કાર્યક્રમોની જાળમાં ફસાઇ
ન જવાય તો હજી પણ ઊગરી જવાની શકયતા છે આ
અંગે એક ભાઈ જણાવે છે કે, " તે માટે પાયામાંથી
જ પરિવર્તનો કરતાં ઘટે. પશુના છાણનું ખાતર અને
પેલા ચોદમી સદીના બેલગાડાં-આ બે વસ્તુઓની એકદમ
અભિમુખ થવું પડે આ બે જ વસ્તુથી મોંઘવારી, અને
બેકારી ૫૦ ટકા જેટલી સાફ થઈ જવા સંભવ છે. સેન્દ્રિય
છાણની જરૂર ઊભી થતા પશુઓનું પાલન વિરાટ પાયે
અનિવાર્ય બની જાય, અને બેલગાડાંથી જ ઉત્પાદનની

હેરફેર કરતાં ખટારાઓ અને ટ્રેઈનો દ્વારા ભારે વેગથી નિકાસ દ્વારા ઢસડાઈ જતું અનાજ હવે દેશમાં જ રહી જાય.

"બેલગાડાંથી હેરફેર પામતું ઉત્પાદન દેશની પ્રજામાં જ વિપુલ પ્રમાણમાં વહેંચાઈને રહે."

જો યન્ત્રવાદ ખતમ નહિ કરવામાં આવે અને તેના મામુલી લાભને નજરમાં લાવીને તેના જ ગાણાં ગાઈ તેને જ વધુ વિકસાવવા તરફ નજર રાખવામાં આવશે તો આ દેશના ક્રોડો માણસો અને લાખો સંત-સંન્યાસીઓ ભેગા મળીને પણ આ દેશની પ્રજાને કબરનશીન થતી અટકાવી શકે તેમ નથી.

શું આ યન્ત્રવાદનો વિનાશ કોઈ મહાવિનાશી યુદ્ધથી જ શકય જ હશે ?

શું બુદ્ધિમાન્ માનવોના દિમાગમાં યન્ત્રવાદના વિસર્જનનો વિચાર પણ નહિ ફરકે ?

સમાચાર : 'જયહિન્દ' તા. ૨-૧૦-૭૩

'ટેસ્ટ ટ્યુબ બેબી' પેદા કરવાના છેલ્લામાં છેલ્લા પ્રયોગને મળેલી નિષ્ફળતા.

વિજ્ઞાન અંગેના બ્રિટનના એક અગ્રણી પત્ર 'નેચર' માં પ્રગટ થયેલા એક અહેવાલ અનુસાર પ્રજાતિગત કરતા અન્ય કૃત્રિમ પદ્ધતિથી આને ગર્ભ ધારણ કરાવવા માટેના બ્રિટનના 'ટેસ્ટ ટ્યુબ બેબી' સંશોધકોના છેલ્લામાં છેલ્લા પ્રયત્નોને પરિણામ

નિષ્ફળતા સાંપડી છે. અહેવાલમા જણાવ્યું છે કે ટેસ્ટ ટયુબમાં શ્રીબીજ અને અડકોષના ફલિનીકરણથી પ્રાપ્ત કરવામાં આવેલા માનવગર્ભને એક સ્ત્રીના ગર્ભાશયમાં ગોઠવવામાં આવ્યો હતો, પણ રોજિંદા બાળકના સ્વરૂપમા વિકસવાને બદલે આ ગર્ભ ગર્ભાશયમા ૨૧ દિવસ રહીને પછી બહાર ફેંકાઈ ગયો હતો. કથનળી બાળકના આગમનના સમાચાર આપીને વિજ્ઞાન વિશ્વમા ખળભળાટ મચાવી દેનાર શ્રી પેટ્રીક સ્ટેપટો અને ડો આર. જી, એડવર્ડ આ પ્રયોગનુ સચાલન કર્યું હતું.

જો કે ગાયોના ગર્ભાશયમાં આ રીતે બહારથી ગોઠવવામા આવેલા ગર્ભોએ તદુરસ્ત વાછરડાને જન્મ આપ્યો છે પણ મહિલાઓ પર કરવામા આવેલા ઘણા પ્રયોગો છતા હજૂ લગી સફળતા સાપડી નથી એવુ અહેવાલ જણાવે છે. ગર્ભાવસ્થાના પ્રારભના દિવસોમાં સ્ત્રીના શરીરમા રહેતી હોર્મોન્સની ચોક્કસ સમતુલા અગેની પૂરતી માહિતીના અભાવને આ નિષ્ફળતાના કારણ તરીકે માનવામા આવે છે, દરમ્યાનમા ગર્ભ ન ધારણ કરી શકતી મહિલાઓને મદદરૂપ થવા બ્રિટનના સશોધકોએ એક ટ્રસ્ટ ઊભુ કર્યું છે. અને પ્રજા પાસેથી નાણા એકત્ર કરવાની એક ઝૂબેશ ઉપાડી છે કારણ કે સરકાર પાસેથી તેમને નાણાકીય સહાય મળી શકી નહોતી

સમીક્ષા –આખા વિશ્વની પ્રજાને ઊધે રવાડે ચડાવી દેવા બદલ વૈજ્ઞાનિકો ઘોર સજાને પાત્ર ગણાય ખરા ? જ્યારે ને ત્યારે મોટી સિદ્ધિની આગાહી કરનારા એ લોકો વર્ષો સુધી એનો આવશ્યક લાભ ઉઠાવે અને પછી છેલ્લે નિષ્ફળતાની જાહેરાત કરે એટલે શું ?

ખૂનીને ફાંસીની સજા કરવાથી પણ ખૂનનો ભોગ બની ગએલો–મરેલો–માણસ–ફરી જીવતો થોડો થઇ જાય છે ?

વૈજ્ઞાનિકો હવે શુદ્ધ સત્યાન્વેષી મટીને મેલા રાજકારણી બની ચૂકયાં છે. ચન્દ્રયાત્રાના નામે એ લોકોએ વર્ષો સુધી વિશ્વની પ્રજાઓને છેતરી; ચન્દ્રના દેવવિમાનોની શાસ્ત્રીય નોંધ ઉપરની તથા મરણ પામીને ચન્દ્રલોકમાં પણ દેવ તરીકે ઉત્પન્ન થવાની માનવીની શકયતાઓની શાસ્ત્ર–નોધ ઉપરનો ભાવુક આત્માઓની શ્રદ્ધાની ધરતીમાં ભયાનક કડાકો બોલાવી દીધો ! આ પૂર્વે પૃથ્વીને પોતાની ધરી ઉપર ફરતી જણાવીને સાત–નારકોની શાસ્ત્રીય વાતોની શ્રદ્ધાના સ્તંભોને અનેક હૈયે હચમચાવી જ મૂકયા હતા.

અને છેલ્લે ટેસ્ટ–ટયૂબ બેબીના પ્રયોગની જાહેરાત કરીને ઈશ્વર, જીવ અને કર્મ–ત્રણે ય ની શ્રદ્ધાઓના મિનારા ધ્રૂજતી મૂકયા

હવે ઉપરના સમાચારમાં એ પ્રયોગની નિષ્ફળતાનો એકરાર કરવામાં આવ્યો છે.

પણ ... પેલી તૂટી–ફૂટી ગએલી શ્રદ્ધાનું શું ?

ખેર.... આ તો રાજા કરે તે લીલા અને બીજા કરે તે છીનાળુ એના જેવી વાત છે મોટા ભા જેવા વૈજ્ઞાનિકો ગમે તેમ કરે તો ય વાંધો નહિ દિલ્હી ઉપર અણુબોમ્બ ફેંકી દઈને પશ્ચિમી લોકો 'વેરી સોરી' કરી દે એટલે પત્યું... એમને માફી મળી જાય !

કોને ખબર ! એમના 'સોરી' કહેવાથી દિલ્હી ફરી પાછું બેઠું થઈ જતું હશે !

ભારે દુઃખની વાત તો એ છે કે વૈજ્ઞાનિકો વારંવાર નિષ્ફળ જાય છે છતાં એના ભકતો-વિજ્ઞાનપરસ્તો-એના ગુણ ગાવાથી એક ડગ પણ પીછેહઠ કરતા નથી. અને જો આપણે ઉતાવળા થઇને એ વિજ્ઞાન-પરસ્તોને અંધ શ્રદ્ધાળુ કહી દઈએ તો ઉશ્કેરાઇ જતા એમને વાર લાગતી નથી.

સાચી જ વાત છે.... મીયાંજીની ભેંસને ડાબું કહેવામાં ઘણું જોખમ.





સમાચાર : મુંબઇ સમાચાર તા. ૭-૮-૭૩

માનવતાનો દ્રોહ

